સાંધ્ય દૈનિક

# પ્રતાપ દર્પણ

RNI NO : 67531/97 | મુદ્રક તથા પ્રકાશક : રાજેશ બાલુભાઈ પટેલ ● તંત્રી : પ્રવીણ ગોહિલ ● સહતંત્રી : જગદીશ વાલજીભાઈ ચાવડા ● વર્ષ : ૩૦ ● અંક : ૨૮૪ ● મોબાઈલ નં. ૯૮૨૫૫ ૩૨૫૦૫

www.pratapdarpan.in | pratapdarpan_official | pratapdarpansrt@gmail.com | pratapdarpan_official11

# ‘વંદે માતરમ્’ ભારત માતાના આત્માની અભિવ્યક્તિ છે : મોદી

## દિલ્હીના ઇન્દિરા ગાંધી સ્ટેડીયમમાં વડાપ્રધાન મોદીએ સમુહમાં ‘વંદે માતરમ્’નું ગાન કર્યું : ખાસ ટપાલ ટીકીટ તથા સિક્કાનું લોકાર્પણ

**નવી દિલ્હી, તા. ૭**

દેશમાં રાષ્ટ્રગીત જેવું જ સ્થાન ધરાવતા વંદે માતરમના ૧૫૦ વર્ષ પૂરા થવા પર આજે પાટનગર દિલ્હી સહિત દેશભરમાં સામુહિક રીતે વંદે માતરમના ગાન સાથે ઉજવણીનો પ્રારંભ થયો છે અને સરકારી કચેરીઓથી લઈ શાળાઓમાં સવારે ખાસ વંદે માતરમનું ગાન થયું હતું.

પાટનગરમાં દિલ્હીમાં વડાપ્રધાન મોદીએ પુરા વર્ષ ચાલનારા સ્મરણોત્સવનો પ્રારંભ કરાવ્યો હતો અને દિલ્હીના ઈન્દિરા ગાંધી સ્ટેડીયમમાં આ અંગે ખાસ કાર્યક્રમ આયોજીત કરાયો છે.

જેમાં મોદીએ હજારો વિદ્યાર્થીઓની હાજરીમાં વંદે માતરમનું સમુહ ગાયન કર્યુ હતું. વડાપ્રધાને આ અવસરે એક ખાસ ટપાલ ટીકીટ અને

અનુસંધાન પાના ૭ પર




# સ્ટેટ બેંકનું માર્કેટ કેપ ૧૦૦ અબજ ડોલરને પાર

**સરકારી બેંકના કામકાજમાં જબરી વૃદ્ધિ સાથે રચાયેલો ઈતિહાસ**

**મુંબઇ, તા.૭**

દેશની સૌથી મોટી રાષ્ટ્રીયકૃત સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાએ વધુ એક માઈલસ્ટોન હાંસલ કરતા તેનું માર્કેટ કેપ ૧૦૦ અબજ ડોલરને પાર થઈ ગયું છે. સ્ટેટ બેંકે સપ્ટેમ્બર માસના જે પરિણામો જાહેર કર્યા તેમાં તેનું શ્રેષ્ઠ પ્રદર્શન બહાર આવ્યું છે અને તેના કારણે તેનું માર્કેટ કેપ ૧૦૦ અબજ ડોલરના આંકડાને પાર કરી ગયું છે.

સ્ટેટ બેંકે અગાઉ જ તેના બિઝનેસને ૧૦૦ લાખ કરોડ રૂપિયાનો આંકડો વટાવી દીધો હતો. સપ્ટેમ્બર ૨૦૨૫માં બેંકનું કુલ ધિરાણ ૪૪.૨૦ લાખ કરોડ રૂપિયા અને થાપણો ૫૫.૯૨ લાખ કરોડ રૂપિયા નોંધાઈ છે.

અનુસંધાન પાના ૭ પર

# સાઉદી કંપની અરામકોએ ક્રુડ તેલના ભાવમાં ઘટાડો કર્યો

**ભારતને રશિયાના વિકલ્પમાં હવે સસ્તુ ક્રુડ તેલ ખરીદવાની તક મળશે**

**રિયાધ, તા.૭**

ભારત અને અમેરિકા વચ્ચે ક્રુડ તેલ ખરીદી મુદ્દે ચાલતા વિવાદ વચ્ચે એક સારા સમાચાર આવ્યા છે, દુનિયામાં ટોચના ક્રુડ તેલ ઉત્પાદક સાઉદી અરેબીયન કંપની સાઉદી આરમોકો એ ડિસેમ્બર માસથી એશિયન ડીલીવરી માટેના તેના ક્રુડ તેલના ભાવમાં ઘટાડો કરવાની જાહેરાત કરી છે.

આરમોકો કે દુનિયાની સૌથી મોટી ક્રુડ તેલ નિકાસકાર કંપની છે તેને નવેમ્બર માસના ભાવથી ક્રુડ તેલના ભાવ ૧.૨ થી ૧.૪ ડોલર પ્રતિ બેરલ ઘટાડવાની જાહેરાત કરી છે. જેના કારણે ભારતને આગામી સમયમાં રશિયાના બદલે સાઉદી ક્રુડ તેલ ખરીદવામાં સરળતા રહેશે.

જોકે ફકત આ ભાવ વધારો એશીયા માટે જ છે, ઉતર પૂર્વ યુરોપ માટેના ભાવ યથાવત રાખ્યા છે. દુબઈ અથવા તો બ્રેન્ટ ક્રુડ તેલ ઓળખાતા આ ક્રુડ તેલ એ ભારત

અનુસંધાન પાના ૭ પર

**એરટ્રાફિક કંટ્રોલ સીસ્ટમમાં ટેકનીકથી ક્ષતિ સર્જાતા**

# દિલ્હી એરપોર્ટ પર તમામ ઉડાનો સ્થગિત

## અત્યંત સલામતી સાથે માત્ર વિમાનોનું લેન્ડિંગ કરાતા એરપોર્ટ પર ટ્રાફિકજામ જેવી સ્થિતિ : હજારો મુસાફરો અટવાયા

**નવી દિલ્હી,તા.૦૭**

દેશના સૌથી વ્યસ્ત હવાઈ મથકોમાં ટોચનું સ્થાન ધરાવતા દિલ્હીના આંતરરાષ્ટ્રીય વિમાની મથકના એરટ્રાફિક કંટ્રોલ સીસ્ટમમાં ટેકનીકથી ક્ષતિ સર્જાતા આજે સવારની આ એરપોર્ટ પરની એક પણ ફલાઈટ ઉડી શકી નથી અને એરપોર્ટ પર ટ્રાફીક જામ જેવી સ્થિતિ બની છે.

ફલાઈટના રવાના થવાના વિલંબના કારણે વિમાની મથકે આવી રહેલી ફલાઈટને પણ હવે હવામાં ચકકર કાપ્યા બાદ અત્યંત સલામતી સાથે લેન્ડીગ કરાવાઈ રહ્યું છે. જેના કારણે એરપોર્ટના તમામ હેંગર (વિમાન પાક’ગ-સ્થળો) પણ પુરેપુરા ભરાઈ ગયા છે.

હજું ગઈકાલે જ આવેલા અહેવાલ મુજબ દિલ્હી એરપોર્ટની જીપીએસ સીસ્ટમમાં સ્પુફીગ ફેક સિગ્નલો મળી રહ્યા છે અને તેના કારણે એરટ્રાફિક કંટ્રોલરથી પાઈલોટ ગેરમાર્ગે દોરાય તેવો ભય છે તે વચ્ચે જ આજે સવારે ૬.૩૦ થી એરટ્રાફીક કંટ્રોલની સીસ્ટમમાં ગડબડ સર્જાઈ છે જેના કારણે વિમાની સેવાને મોટી અસર થઈ છે.

દેશ-વિદેશ માટેની ફલાઈટ માટે સિકયોરિટી સહિતનું કલીયરન્સ મેળવ્યા બાદ વિમાની પ્રવાસીઓ વેઈટીગ લોંજમાં ફસાઈ ગયા છે તો અનેકને કનેકટીગ ફલાઈટ પણ છુટી જવાનો ભય સતાવી રહ્યો છે.

સવારે સાડા છ વાગ્યે શરૂ થયેલી આ સમસ્યા બાદ લગભગ ૧ કલાકથી વધુ સમયના વિલંબથી કેટલીક ફલાઈટ રવાના થઈ હતી. એરપોર્ટ સૂત્રોના જણાવ્યા મુજબ એટીએસની એરોનોટીકલ મેસેજ સ્વીમીગ સીસ્ટમમાં ક્ષતિ છે. જે ફલાઈટની મુવમેન્ટને સૌથી વધુ અસર કરે છે અને હજુ પુરા દિવસ આ ક્ષતિ રહ્યાનો અને છેક સાંજે ક્ષતિ દુર કરી શકાશે તેવું એરપોર્ટ સૂત્રોએ જણાવતા જ મુસાફરોને સંયમ રાખવા વિનંતી થઈ હતી.

અનુસંધાન પાના ૭ પર

# વડાપ્રધાન મોદીને ‘ગ્રેટમેન’ ગણાવતા અમેરિકાના પ્રમુખ

**આવતા વર્ષે ભારત આવવા ટ્રમ્પે ઈચ્છા જતાવી**

**નવી દિલ્હી, તા. ૭**

ભારત અને અમેરિકા વચ્ચે ટેરીફ સહિતના વિવાદોમાં છેલ્લા છ માસથી ચાલતી વાટાઘાટો કોઈ ઉકેલ લાવી શકી નથી અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી તથા અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ વચ્ચે પણ સંભવિત મુલાકાતો ટળી રહી છે તે વચ્ચે અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ આગામી વર્ષે ભારત આવે તેવી શકયતા છે.

ગઈકાલે વધુ એક વખત તેઓએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પ્રશંસા કરતા તેમને ’ગ્રેટ મેન’ ગણાવ્યા હતા અને કહ્યું હતું કે, આગામી વર્ષે ભારતની મુલાકાત લઈ શકે છે. બ્લુમબર્ગ સાથેની વાતચીતમાં ટ્રમ્પે કહ્યું કે, મોદી મારા મિત્ર છે અને અમે વાતચીત કરતા રહીએ છીએ અને તેઓ ઈચ્છે છે કે હું ભારતની મુલાકાત લઉ તો શકય છે કે હું ભારત જઈશ અને આગામી

અનુસંધાન પાના ૭ પર



# ભગવાન બિરસા મુંડાની ૧૫૦મી જન્મ જયંતિ નિમિત્તે દિવ્ય-ભવ્ય ગૌરવ યાત્રા

## તા.૧૫મીએ ડેડિયાપાડા ખાતે વડાપ્રધાન મોદીની પ્રેરક ઉપસ્થિતિમાં યાત્રાનું સમાપન થશે

ભગવાન બિરસા મુંડાની ૧૫૦મી જન્મજયંતિ વર્ષની દેશ સહિત સમગ્ર ગુજરાત રાજ્યમાં 'જનજાતીય ગૌરવ વર્ષ' તરીકે ખૂબ ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી રહી છે. રાષ્ટ્રનિર્માણમાં જનજાતિય સમાજના ગૌરવપૂર્ણ યોગદાનને જન-જન સુધી પહોંચાડવાના ઉદ્દેશ્ય સાથે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી વર્ષ ૨૦૨૧માં બિરસા મુંડાના જન્મદિવસ તા.૧૫મી નવેમ્બરને 'જન જનજાતીય ગૌરવ દિવસ' તરીકે સમગ્ર દેશમાં ઉજવવાનો નિર્ણય કરવામાં આવ્યો આદજાતિ મંત્રીશ્રી નરેશભાઈ પટેલે જણાવ્યું હતું. સુરત સરકીટ હાઉસ ખાતે રમગમત રાજયમંત્રીશ્રી જયરામભાઈ ગામીત, વલસાડના સાંસદ ધવલ પટેલ, ડાંગના ધારાસભ્યશ્રી વિજયભાઈ, આદિવાસી મોરચાના પ્રમુખ અર્જુનભાઈની ઉપસ્થિતિમાં યોજાયેલી પત્રકાર પરિષદમાં વિગતો આપતા આદિજાતિ વિકાસ, ખાદી, ગ્રામોધોગ વિભાગના મંત્રીશ્રી નરેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, આ વર્ષે ભગવાન બિરસા મુંડાની ૧૫૦મી જન્મજયંતિની ઉજવણી તા.૧લી નવેમ્બરથી કરવામાં આવી રહી છે. વડાપ્રધાને આદિવાસી સમાજને ભેટરૂપે ભગવાન મુંડા ટ્રાયબલ યુનિ.ની ભેટ આપી છે. ભારતના નિર્માણમાં અનેક મહાપુરૂષોનું યોગદાન રહ્યું છે તેમના યોગદાનને નવી પેઢી જાણે તેવા આશયથી વડાપ્રધાને અનેક યોજનાઓ, સ્મારકોનું નિર્માણ તેમજ કાર્યક્રમોનું આયોજન કર્યું છે. જેના ભાગરૂપે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકાર દ્વારા તા.૭ થી ૧૩ નવેમ્બર સુધી અંબાજીથી એકતાનગર અને ઉમરગામથી એકતાનગર સુધી કુલ ૧,૩૭૮ કિ.મી.ની 'જનજાતિય ગૌરવ રથ યાત્રા'નું વિશેષ આયોજન કરવામાં આવ્યું છે. રાજ્યના આદિજાતિ વિસ્તારોમાં જનજાતિય ગૌરવ રથ યાત્રાની ઉત્સાહ અને ઉમંગભેર ઉજવણી કરવામાં આવશે. મુખ્યમંત્રીશ્રી દ્વારા તા.૭મીએ અંબાજી ખાતેથી આદિજાતિ ગૌરવ રથ યાત્રાનું પ્રસ્થાન કરાવશે. જયારે વલસાડના ઉમરગામ ખાતેથી પ્રદેશ પ્રમુખશ્રી જગદીશ વિશ્વકર્મા, મંત્રીઓ, સાંસદોની ઉપસ્થિતિમાં બીજા રથ યાત્રાનું પ્રસ્થાન કરાવશે. બન્ને યાત્રાઓનું સમાપન તા.૧૫મીએ ડેડિયાપાડા ખાતે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરક ઉપસ્થિતિમાં સમાપન થશે.

મંત્રીશ્રીએ વધુમાં કહ્યું કે, ભગવાન બિરસા મુંડાએ રાષ્ટ્ર નિર્માણ માટે આપેલા યોગદાનથી નવી પેઢીમાં ઉજાગર થાય તેવા આશયથી રાજ્ય સરકાર દ્વારા રાષ્ટ્રનિર્માણમાં જનજાતિય સમાજના ગૌરવપૂર્ણ યોગદાનને જન-જન સુધી પહોંચાડવાના ઉદ્દેશ્ય સાથે કુલ ૧૪ જિલ્લાઓના ૮૮ જેટલા ગામોમાં ભ્રમણ કરશે. તેમણે વધુમાં કહ્યું કે, રથયાત્રા દરમિયાન વિવિધ સ્થળોએ રાજ્ય મંત્રીમંડળના સભ્યો, સાંસદો અને ધારાસભ્યો સહભાગી થશે. આ રથયાત્રાના રૂટ ઉપર તેમજ ખાસ કરીને રાત્રિ રોકાણ દરમિયાન ભગવાન બિરસા મુંડાના જીવન સાથે જોડાયેલી ગાથાઓ તેમજ આદિજાતિ વિકાસ યોજનાઓની માહિતીઓ નાટક, સભાઓ, સંવાદ, વકતૃત્વ સ્પર્ધાઓ, સાંસ્કૃતિક કાર્યક્રમો, આદિવાસી પરંપરાગત નૃત્યો દ્વારા રથયાત્રાનું સ્વાગત, સેવા સેતુ, આરોગ્ય કેમ્પો જેવા વિવિધ માધ્યમો દ્વારા નાગરિકો સમક્ષ રજુ કરવામાં આવશે. જિલ્લા અને તાલુકા કક્ષાએ સમિતિઓની રચના કરવામાં આવી છે. તા.૧૫ મીએ સુરત જિલ્લામાં જનજાતિય ગૌરવદિવસની ઉજવણી થશે. જેમાં પદાધિકારીઓ-અધિકારીઓના હસ્તે વિવિધ લાભોનું વિતરણ, રમતવીરોનું સન્માન થશે.

## દક્ષિણ ગુજરાતમાં 'જનજાતીય ગૌરવ રથયાત્રા'નું પરિભ્રમણ

તા.૭મી નવેમ્બરના રોજ પ્રથમ દિવસે જનજાતીય ગૌરવ રથ યાત્રા વલસાડ જિલ્લાના ઉમરગામથી પ્રસ્થાન કરી સંજાણ, ભીલાડ, વાપી, પારડી, નાનાપોંઢા અને ધરમપૂર આવીને રાત્રિ રોકાણ કરશે.

**બીજા દિવસે** તા.૦૮મી નવેમ્બરના રોજ રથયાત્રા વલસાડના ધરમપુરથી પ્રસ્થાન કરી નવસારીના ખેરગામ, રૂમલા, રાનકુવા, સુરતના અનાવલ, ઉનાઇના ભીનાર અને નવસારીના વાંસદા આવીને રાત્રિ રોકાણ કરશે.

**ત્રીજા દિવસે** ૯મીના રોજ નવસારીના વાંસદાથી પ્રસ્થાન કરી ડાંગના વઘઇ, ઝાવડા, તાપીના ડોલવણ, જેસીંગપુરા અને વ્યારા આવીને રાત્રિ રોકાણ કરશે.

**ચોથા દિવસે** તા.૧૦મીના રોજ તાપીના વ્યારાથી પ્રસ્થાન કરી સોનગઢ, ભંડભુજા, ઉચ્છલ, નારણપુર, રૂમકીતળાવ, વેલદા ટાંકી અને નિઝર આવીને રાત્રિ રોકાણ કરશે.

**પાંચમા દિવસે** તા.૧૧મીના રોજ રથયાત્રા તાપીના કુંકરમુંડાથી પ્રસ્થાન કરી નર્મદાના જાવલી, સાગબારા, ચીકદા, સુરતના ઉમરપાડા, માલધાફાટા, સઠવાવ અને માંડવી આવીને રાત્રિ રોકાણ કરશે.

**છઠ્ઠા દિવસે** તા.૧૨મીના રોજ સુરતના માંડવીથી પ્રસ્થાન કરી અરેઠ, તડકેશ્વર, નાની નરોલી, માગરોળની મોસાલી, વાંકલ, ઝંખવાવ, વાડી, વાલીયાની ડેઈલી, વાલીયા, તલોદ્દ્રા અને ઝઘડીયા આવીને રાત્રિ રોકાણ કરશે.

**સાતમાં દિવસે** તા.૧૩મીના રોજ નવેમ્બરના રોજ ભરૂચના નેત્રંગથી પ્રસ્થાન કરી નર્મદાના મોવી, રાજપીપળા અને તા.૧૫મીએ વડાપ્રધાનશ્રીની પ્રેરક ઉપસ્થિતિમાં એકતાનગર-કેવડીયા ખાતે યાત્રાની પૂર્ણાહૂતિ થશે.

## કાલે જનજાતિય ગૌરવ યાત્રા અનાવલથી સુરતમાં પ્રવેશ કરશે

ભગવાન બિરસા મુંડાની ૧૫૦મી જન્મ જયંતિ નિમિત્તે તા. ૦૭મી નવેમ્બરથી યોજાનારી જનજાતિય ગૌરવ યાત્રા તેમજ સરદાર વલ્લભભાઇ પટેલની ૧૫૦મી, જન્મ જયંતિ નિમિત્તે આગામી તા.૧૬મી નવેમ્બરથી શરૂ થનારી એકતા પદયાત્રાના સૂચારૂ આયોજન અંગે જિલ્લા કલેકટરાલયના સભાખંડમાં જિલ્લા કલેકટર ડૉ. સૌરભ પારધીની અધ્યક્ષતામાં બેઠક કરવામાં આવી હતી.

બેઠકમાં ઉપસ્થિત અધિકારીઓને માર્ગદર્શન આપતા કલેકટરશ્રીએ જનજાતિય ગૌરવ યાત્રા અને એકતા પદયાત્રાનો કાર્યક્રમ સૂચારૂ રીતે પાર પડે એ માટે અધિકારીઓ અને પદાધિકારીઓ પરસ્પર સંકલનમાં રહી કામગીરી કરે એ ઈચ્છનીય હોવાનું જણાવ્યું હતું.

જનજાતિય ગૌરવ યાત્રા આગામી તા. ૦૮મી નવે.ના રોજ અનાવલ ખાતેથી સુરત જિલ્લામાં પ્રવેશ કરશે જે અંતર્ગત સુરતમાં જનજાતિય ગૌરવ યાત્રાના જિલ્લામાં નિયત થયેલા રૂટ અંગે તેમજ યાત્રાને અનુલક્ષીને કરવાની થતી આનુષાંગિક વ્યવસ્થાઓ અંગે વિગતે સમીક્ષા કરી હતી.

સરદાર વલ્લભભાઇ પટેલની ૧૫૦મી જન્મજયંતિ નિમિત્તે યોજાનારી એકતા પદયાત્રાના આયોજન અંગે સમીક્ષા કરતા તેમણે જિલ્લામાં યોજવામાં આવનાર પદયાત્રા તેમજ જિલ્લા કક્ષાના કાર્યક્રમના આયોજન અંગે ઉપયોગી માર્ગદર્શન આપ્યું હતું.

બેઠકમાં ઉપસ્થિત ધારાસભ્ય સર્વશ્રી પૂર્ણેશભાઇ મોદી અને ઈશ્વરભાઇ પરમારે પણ કાર્યક્રમના આયોજન અંગે ઉપયોગી સૂચનો કરી માર્ગદર્શન આપ્યું હતું. બેઠકમાં જિ.પંચાયત પ્રમુખ ભાવિનીબેન પટેલ, મેયર દક્ષેશભાઇ માવાણી, જિલ્લા પોલીસ વડા રાજેશ ગઢિયા, પ્રાંત અધિકારીઓ, કાર્યપાલક ઈજનેરો, જિલ્લાના અન્ય વરિષ્ઠ અધિકારીઓ, મનપાના વરિષ્ઠ અધિકારીઓ, પદાધિકારીઓ તેમજ સંબંધકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.



# મહુવાના ગોપળા ગામમાં યોજાયેલી જન આક્રોશ સભા

## બંને આરોપીઓને પોલીસે ઝબ્બે કરતા ન્યાય યાત્રા રદ

સુરત, તા.૭

મહુવા તાલુકાના ગોપળા ગામે અસામાજિક તત્વો દ્વારા આદિવાસી સમાજના વ્યક્તિ પર કરવામાં આવેલા હુમલાના વિરોધમાં વાંસદા વિધાનસભાના ધારાસભ્ય અને આદિવાસી આગેવાન શ્રી અનંતભાઈ પટેલની આગેવાનીમાં ગોપળા ખાતે આક્રોશ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું.

સભામાં મહુવા પોલીસ પર ફરાર બે આરોપીઓને પકડવામાં બેદરકારી દાખવવા બદલ આકરા પ્રહારો કરવામાં આવ્યા હતા અને પોલીસને અલ્ટીમેટમ આપવામાં આવ્યું હતું. આ ઉપરાંત મિયાપુર સર્વિસ સ્ટેશનથી ન્યાય યાત્રા નીકળીને મહુવા પોલીસ સ્ટેશન સુધી પહોંચવાનું આયોજન હતું. જોકે, આજરોજ સવારે તા. ૬/૧૧/૨૦૨૫ના રોજ મહુવા પોલીસે ફરાર બન્ને આરોપીઓની ધરપકડ કરી લીધી હોવાથી ન્યાય યાત્રા સ્થગિત કરવામાં આવી છે.

આક્રોશ સભામાં વાંસદા ધારાસભ્ય શ્રી અનંતભાઈ પટેલ, સહકારી આગેવાન શ્રી દર્શનભાઈ નાયક, માજી સોનગઢ તાલુકા પંચાયત પ્રમુખ શ્રી યુસુફભાઈ ગામીત, ધરમપુર તાલુકા પંચાયતના અપક્ષ સભ્ય શ્રી કલ્પેશભાઈ પટેલ, રૂઢિગત ગ્રામ સભાના અધ્યક્ષ શ્રી રમેશભાઈ, મહુવા તાલુકાના આદિવાસી આગેવાન શ્રી વિપુલભાઈ પટેલ, શ્રી પરિમલભાઈ પટેલ, શ્રી જીજ્ઞેશ મહાયાવાંશી, શ્રી કુંજનભાઈ પટેલ, શ્રી પ્રકાશભાઈ મેહતા, શ્રી મિતુલ પટેલ, શ્રી વિપુલભાઈ પટેલ, શ્રી પિનલ પટેલ, શ્રીમતી ઝીનલબેન પટેલ, શ્રી વિજયભાઈ પટેલ, શ્રી આકાશ પટેલ, શ્રી બંટી ધોડિયા, શ્રી અંકિત ચૌધરી, શ્રી સતીષ પાંડે તેમજ મોટી સંખ્યામાં સમાજકાર્યકરો અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# આરોગ્ય મંત્રીના મતવિસ્તારનું જ આરોગ્ય ખતરામાં : વિપક્ષ નેતા

## આરોગ્ય મંત્રીના પોતાના કમરેજની જ હાલત બદતર : જે.ડી.કથિરીયા

સુરત, તા.૭

આમ આદમી પાર્ટીના નેતા અને કામરેજ તા.પં.વિરોધ પક્ષ નેતા જે.ડી.કથિરીયાએ આજે કામરેજ ચાર રસ્તા ખાતે આવેલ હનુમાનજીના મંદિર પાસે મુલાકાત લીધી હતી. આ સ્થળ મુલાકાત દરમ્યાન જે.ડી.કથિરીયાને અસહ્ય ગંદકી અને દુર્ગંધનો સામનો કરવો પડ્યો હતો. આ બાબતે જે.ડી.કથિરીયાએ વાત કરતા જણાવ્યું હતું કે, કામરેજ ચાર રસ્તા હનુમાનજી મંદિર વિસ્તાર રાજયના આરોગ્ય મંત્રી પ્રફુલ પાનસેરીયાના મતવિસ્તારમાં આવે છે જ્યાં ચારે તરફ ગંદકીનું સામ્રાજય છે. ખુદ આરોગ્ય મંત્રીના વિસ્તારમાં જો આવી ખરાબ દશા હોય તો આખા ગુજરાતની શું હાલત હશે એ સમજી શકાય છે.

જે.ડી.કથિરીયાએ વધુમાં જણાવ્યું હતું કે, આ વિસ્તારમાં મોટી હોસ્પિટલો, સ્કૂલો આવેલી છે, રોજના હજારોની સંખ્યામાં લોકો અવરજવર કરે છે. અત્યારે ડેન્ગ્યુ અને બીજી ઘણી બીમારીઓના વાવડ ચાલી રહ્યા છે, તો અહીના કર્તાહર્તાઓને વિનંતી કે આ વિસ્તારમાં તાકીદે ગંદકી દૂર કરી રોડનું કામ તાત્કાલિક ચાલુ કરાવવામાં આવે. અંતમાં, જે.ડી.કથિરીયાએ કહ્યું હતું કે, આ બહેરી મૂંગી સરકાર આ બાબતે ક્યારે પગલાં લે છે એ જોવાનું રહેશે.



# સુરતી મોઢ વણિક હિતવર્ધક મંડળનો સ્નેહ મિલન સમારંભ

સુરત, તા.૭

શ્રી સુમોવ હિત વર્ધક મંડળનો સ્નેહમિલન કાર્યક્રમ નાનપરા, જમરૂખ ગલી ખાતેના કે. જે. વૃદ્ધાશ્રમ ખાતે પ્રમુખ હસમુખ લાલવાલા અધ્યક્ષ સ્થાને યોજાયો. જેમાં અમેરિકા નિવાસી ડો. અરવિંદ લાપસીવાળા ચીફ ગેસ્ટ તરીકે અને મહેમાન તરીકે પીપલ્સ કો .ઓપ. બેન્ક ના ચેરમેન અમિત ગજ્જર સાથે હરીશ જાડાવાલા, એડવોકેટ રમેશભાઈ ગાંધી ઉપસ્થિત રહી ને સ્નેહ મિલન કાર્યક્રમ ની શોભા વધારી હતી. પ્રમુખ હસમુખ લાલવાલા એ સ્વાગત પ્રવચન કર્યું અને ઉપસ્થિત મુખ્ય મહેમાન અને મહેમાનોની સાથે એડવોકેટ ધર્મેશ ગાંધી અને દાતા હરીશ જાડાવાળા નું પુષ્પગુચ્છ, શાલ અને સ્મૃતિ ભેટથી સન્માન કરવામાં આવ્યું ત્યારે ૨૦૦ થી વધુ સભ્યોની હાજરીમાં આ કાર્યક્રમ યોજાયો. મંત્રી મનહર લાપસીવાળાએ હિત વર્ધક મંડળની સ્થાપનાથી સો વર્ષ જૂની યશગાથા યાદ કરી અને મહેમાનો દ્વારા હિત વર્ધક મંડળની પ્રવૃત્તિ જેવી કે દર માસે ૪૦૦થી વધુ આર્થિક નબળા પરિવારોને અન્ન સહાય , વિદ્યાર્થીઓને પાઠ્યપુસ્તક સહાય સ્કૂલ અને ટ્યુશન ફી જેવી નિયમિત સેવાઓને બિરદાવી હતી.સભાના અંતે શ્રીવાસ ઘી વાળાએ આભાર વિધિ કરી કાર્યક્રમનું સમાપન જાહેર કર્યું હતું.

# દરખાસ્તમાં 'નોશનલ'ને બદલે માત્ર ઈનક્રીમેન્ટનો સુધારો કરવા માંગ

## સુધરાઈ કામદાર સ્ટાફ યુનિયનની સ્થાયી સમિતિમાં રજૂઆત

સુરત, તા.૭

સુરત મહાનગરપાલિકામાં કાર્યરત સુરત સુધરાઈ કામદાર સ્ટાફ યુનિયનના પ્રમુખ મોહંમદ ઈકબાલ શેખ તથા મહામંત્રી દેવેન્દ્ર પ્રજાપતિ દ્વારા સ્થાયી સમિતિના અધ્યક્ષ શ્રી રાજન બી.પટેલને એક આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.આ આવેદનપત્રમાં જણાવવામાં આવ્યું છે કે તારીખ ૭/૧૧/૨૦૨૫ ના રોજ મળનાર સ્થાયી સમિતિની સભામાં કામ નં.૧૭ થી જે દરખાસ્ત રજુ કરવામાં આવેલ છે.

તેમાં, "સુરત મહાનગરપાલિકામાંથી ૩૦-જૂનના રોજ વય નિવૃત થયેલ યોગ્યતા ધરાવતા કર્મચારી કે જેઓ ધ્વારા નામદાર ગુજરાત હાઈકોર્ટ સમક્ષ પિટિશન દાખલ કરેલ નથી. તેઓને પણ તા.૦૧/૦૫/૨૦૨૩થી એક નોશનલ ઈજાફાની ચુકવણી કરવા તથા ભવિષ્યમાં ૩૦ જુનના રોજ વયનિવૃત થનાર કર્મચારીઓને એક નોશનલ ઈજાફાની ચુકવણી કરવા જણાવેલ છે. જેમાં " એક નોશનલ ઈજાફો " ઉલ્લેખ કરેલ છે. જે તદન ખોટું અને નામદાર ગુજરાત હાઈકોર્ટના ચુકાદાથી વિરુધ્ધ છે. કારણ કે,નામદાર ગુજરાત હાઈકોર્ટના તા.૨૬/૦૩/૨૦૨૫ના ઓર્ડરમાં ઈન્ક્રીમેન્ટ (ઈજાફો)નો ઉલ્લેખ કરવામાં આવેલ છે. આ ચુકાદામાં " નોશનલ " શબ્દનો કોઈ પણ જગ્યાએ ઉલ્લેખ કરવામાં આવેલ નથી. હવે પછી બાકી રહેલા જે પેન્શનરોને પણ ચુકાદામાં જણાવ્યાં મુજબ તા.૦૧/૦૫/૨૦૨૩ થી રેગ્યુલર ઈનકીમેન્ટ આપવાનું છે. જેથી તે મુજબનો જરૂરી સુધારો આ દરખાસ્તમાં કરવા માટે અમારી રજુઆત છે. જો તેમ ન થાય તો નામદાર ગુજરાત હાઈકોર્ટના ચુકાદાનો અનાદર થાય તેમ છે.વધુમાં, અમારા યુનિયન ધ્વારા જે બે કેસ કરવામાં આવેલ હતાં તે બંને કેસ R/MISC.CIVIL APLICATION NO. ૧૭૭૮/૨૦૨૪ અને R/SPECIAL CIVIL APLICATION NO. ૬૯૪૩/૨૦૨૨ નો કેસ સામેલ છે. જે મુજબ આ બંને કેસમાં સામેલ પીટીશનરોને "એક ઈન્ક્રીમેન્ટ તફાવત" સહીત ઓગષ્ટ પેઈડ ઈન સપ્ટેમ્બરના પેન્શનમાં આપવામાં આવેલ છે. જે બદલ આપશ્રીનો આભાર વ્યકત કર્યે છીએ. આશા છે કે,અમારી ઉપરોકત રજૂઆત ધ્યાને લઈ દરખાસ્તમાંથી "નોશનલ" શબ્દને દુર કરીને ઈન્ક્રીમેન્ટ આપવા માટેની જરૂરી દરખાસ્ત પસાર કરી ઠરાવ કરાવવા અમારી વિનંતી છે.

# ડોર ટુ ડોર કચરાનો સમયસર, રોજિંદો નિકાલ કરવા વિપક્ષ નેતાની માંગણી

## દર વર્ષે કરોડો રૂપિયા ઈજારદાર પાછળ ખર્ચવા છતાં શહેર ગંદુનું ગંદુ જ : પાયલ સાકરિયા

સુરત, તા.૭

સુરત મહાનગરપાલિકામાં સ્વચ્છતા અને જાહેર આરોગ્યની જાળવણી થકી નાગરિકોને આરોગ્યપ્રદ જીવન પુરૂ પાડવા સુરત શહેરની રહેણાંકની સાંકડી ગલીઓ સહિત ઈન્ડસ્ટ્રીયલ વિસ્તારોમાંથી સમગ્ર દિવસ દરમ્યાન ઉતપન્ન થતા ઘન તથા પ્રવાહી કચરાને ઘર આંગણેથી મેળવીને તેનો વૈજ્ઞાનિક પદ્ધતિથી નિકાલ કરવા તેમજ રાત્રે જાહેર રસ્તાઓ પર બ્રશિંગ અને સ્ક્રેપીંગ પછી ઉપસ્થિત થતા કચરાનો નિકાલ કરવા વિવિધ પ્રકારના વાહનો પુરતા સ્ટાફ સહિત ફાળવીને શહેરને સ્વચ્છ અને પ્રદુષણમુકત રાખવા પ્રજાના વેરારૂપી નાણામાંથી કરોડો રૂપિયાની ચુકવણીઓ ઈજારદારને કરવામાં આવે છે, જે ચુકવણીઓ તો સમયસર થાય છે પરંતુ તે ચુકવણીઓ જે કામગીરી પાછળ કરવામાં આવી રહેલ છે તે કામગીરી નિયત કરેલ રૂટ પર સમયસર તેમજ નિયમિતપણે થઈ રહેલ છે કે નહી તે જોવામાં આવતી નથી.

આ બાબતે વિપક્ષ નેતા પાયલ સાકરિયાએ મનપા કમિશનરને પત્ર લખીને જણાવ્યું હતું કે, સુરત મહાનગરપાલિકા દ્વારા ઈજારદારોને કરોડોની ચુકવણી છતાં સુરત શહેરની ઘણી સોસાયટીઓમાં કચરાની ગાડીઓ નિયમિતપણે અથવા ન જવાથી લોકોને પરાણે જાહેર માર્ગો પર કચરાનો નિકાલ કરવાની ફરજ પડતા શહેરના વિવિધ વિસ્તારોમાં ગંદકીનું પ્રમાણ વધી જતા મચ્છરજન્ય અને પાણીજન્ય રોગના દર્દીઓની સંખ્યામાં તિવ્ર ઉછાળો આવવા સહિત બાળકોથી માંડીને વડીલોના મૃત્યુના કેસમાં પણ અત્યંત વધારો થયેલ છે, જે ગત છ માસના દર્દીઓની સંખ્યા તેમજ મૃત્યુના આંકડાઓ માંગવા છતાં આરોગ્ય વિભાગ દ્વારા આજદિન સુધી પુરા પાડયા નથી. જે આંકડાઓથી મનપા કમિશનર અજાણ

અનુસંધાન પાના ૭ પર

# વૈશ્વીક પરિબળોના કારણે ભરૂચના ઉદ્યોગો સંકટમાં

## ફાર્મા ઉદ્યોગમાં ૩૦થી ૩૫ ટકા ઉત્પાદન ઘટ્યું

અંકલેશ્વર, તા.૭

રાજ્યનું મુખ્ય ઔદ્યોગિક કેન્દ્ર ગણાતો ભરૂચ જિલ્લો છેલ્લા છ મહિનાથી ઉદ્યોગકારો માટે મુશ્કેલ પરિસ્થિતિમાંથી પસાર થઈ રહ્યો છે. વિશ્વના ભૂ-રાજકીય સંજોગો, અમેરિકા દ્વારા વધારવામાં આવેલા ૧૦૦% ટેરિફ તથા તાજેતરમાં સર્જાયેલા કામદારોના વતનગમનને કારણે ઉદ્યોગોના ઉત્પાદન પર સીધી અસર જોવા મળી છે. ખાસ કરીને ફાર્મા સેક્ટર અને કેમિકલ ઉદ્યોગોએ ઉત્પાદન ક્ષમતા ગુમાવી છે.



યુક્રેન-રશિયા યુદ્ધનો સીધો પ્રભાવયુક્રેન યુદ્ધ શરૂ થતાં જ આંતરરાષ્ટ્રીય કાચા માલની સપ્લાઈ ચેઈન તૂટી ગઈ. દવાઓ, ડાઈઝ અને કેમિકલ બનાવવા જરૂરી કેટલાક મહત્વના ઘટકો યુક્રેન અને રશિયા મારફતે મળતા હતા. પરિવહન ખર્ચ વધવાથી ઉત્પાદન ખર્ચ ૨૦-૨૫% જેટલો વધ્યો, જ્યારે નિકાસ ઓર્ડર્સમાં પણ ઘટાડો થયો.

યુક્રેન યુદ્ધ, અમેરિકન ટેરિફ અને કામદાર અછતનો ત્રિપુટી ઝટકો AIA પ્રમુખ વિમલ જેઠવા મુજબ, "ભરૂચના ઉદ્યોગો આંતરરાષ્ટ્રીય બજારો પર નિર્ભર છે. યુદ્ધને કારણે દરિયામાં શિપમેન્ટ મોડું થાય છે, ભાડું વધે છે અને ઉત્પાદન મહંગું પડે છે."અમેરિકા દ્વારા અમુક ભારતીય દવા અને કેમિકલ પ્રોડક્ટ્સ પર ૧૦૦% ટેરિફ લાગુ કરતાં ભરૂચના નિકાસકાર ઉદ્યોગો મુશ્કેલીમાં મુકાયા છે. અમેરિકામાં ભારત સૌથી મોટા સપ્લાયર દેશોમાંનું એક છે. ટેરિફ બાદ ઓર્ડર ઓછા થયા, ડીલ કેન્સલ થઈ અને સ્ટોક પડી રહ્યો છે. જનરલ સેક્રેટરી નિલેશ પટેલ કહે છે, "ટેરિફ લાગુ થયા બાદ ફાર્માના રાજા ગણાતા અંકલેશ્વર-ઝઘડીયા વિસ્તારના ૧૫૦થી વધુ પ્લાન્ટ ચાલકો વળ્યા છે. ૩૦-૩૫% ઉત્પાદન ઘટ્યું છે."

અનુસંધાન પાના ૭ પર

# શ્રીલંકા ઈકોનોમિક એન્ડ ઈન્વેસ્ટમેન્ટ સમિટમાં દક્ષિણ ગુજરાતને આમંત્રણ

## ચેમ્બર અને એસજીસીસીઆઈ વચ્ચે ઓનલાઈન મીટિંગ યોજાઈ

સુરત, તા.૭

શ્રીલંકાની રાજધાની કોલંબોમાં તા. ૨ અને ૩ ડિસેમ્બર, ૨૦૨૫માં સિલોન ચેમ્બર ઓફ કોમર્સના ઉપક્રમે શ્રીલંકા ઈકોનોમિક એન્ડ ઈન્વેસ્ટમેન્ટ સમિટ યોજાઈ રહી છે. આ અંગે સિલોન ચેમ્બર ઓફ કોમર્સે, ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પદાધિકારીઓ સાથે ઓનલાઈન બેઠકનું આયોજન કર્યું હતું, જેમાં ચેમ્બરના તત્કાલિન પૂર્વ પ્રમુખ શ્રી વિજય મેવાવાલા, ચેમ્બરના માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદી અને અન્ય ઉદ્યોગ સાહસિકો પણ જોડાયા હતા.

પશ્ચિમ ભારત માટે શ્રીલંકાના કોન્સુલ જનરલ સુશ્રી પ્રિયંકા વિક્રમાસિંગેએ ઓનલાઈન મીટમાં સૌને આવકાર્યા હતા. શ્રીલંકા એક્ષ્પોર્ટ ડેવલપમેન્ટ બોર્ડ, શ્રીલંકા બોર્ડ ઓફ ઈન્વેસ્ટમેન્ટ દ્વારા શ્રીલંકામાં વેપાર અને આર્થિક તકો અંગે પ્રેઝન્ટેશન રજૂ કરવામાં આવ્યું હતું. સિલોન ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા આ સમિટ અંગે વિગતવાર પ્રેઝન્ટેશન આપવામાં આવ્યું હતું અને દક્ષિણ ગુજરાતના ઉદ્યોગ સાહસિકો અને વ્યવસાયિકો તેમાં ભાગ લે, મુલાકાત લે એ માટે તેઓને આમંત્રણ પાઠવ્યું હતું. કહેવાયું હતું કે, આ સમિટના ફોકસ સેકટર્સમાં કૃષિ, એપેરલ્સ, શિક્ષણ, એક્ષ્પોર્ટ સેવાઓ, ઈન્ફ્રાસ્ટ્રકચર અને પર્યટનનો સમાવેશ થાય છે. આ ઓનલાઈન મિટીંગ દરમ્યાન પ્રશ્નોત્તરી પણ યોજાઈ હતી. ચેમ્બરના માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદીએ ભારતથી શ્રીલંકામાં મુખ્યત્વે કઈ કઈ વસ્તુઓ એક્ષ્પોર્ટ થાય છે, શ્રીલંકા ભારતમાં મુખ્યત્વે કઈ કઈ વસ્તુઓનું એક્ષ્પોર્ટ કરે છે એના વિશે માહિતી માગી હતી. તેમણે કહ્યું હતું કે, ભારત અને શ્રીલંકા વચ્ચે દ્વ્છ (બેવડા કર નિવારણ સમજૂતી) થયેલી છે

અનુસંધાન પાના ૭ પર

# નિરંકારી સંત સમાગમમાં ગુજરાતના હજારો શ્રધ્ધાળુઓનું પણ યોગદાન

## તમામનો મૂળ સ્ત્રોત પ્રભુ-પરમાત્મા છે તેમની સાથે જોડાઓ : સત્ગુરૂ માતા સુદીક્ષાજી

સુરત, તા.૭

સંત નિરંકારી મિશનનો ૭૮મો વાર્ષિક નિરંકારી સંત સમાગમ ૩૧ ઓક્ટોબરથી ૩ નવેમ્બર દરમિયાન સત્ગુરૂ માતા સુદીક્ષા જી મહારાજ અને આદરણીય નિરંકારી રાજપિતા રમિતજીની પાવન છત્રછાયામાં સમલખા (હરિયાણા) સ્થિત સંત નિરંકારી આધ્યાત્મિક સ્થળ ખાતે મંગલમય વાતાવરણમાં સંપન્ન થયો છે. આશરે ૬૫૦ એકરના વિશાળ મેદાનોમાં આયોજિત આ ભવ્ય કાર્યક્રમમાં ભારત અને વિદેશના લાખો ભક્તોએ ભાગ લઈને આધ્યાત્મિકતાના અનોખા આનંદનો લાભ લીધો હતો. આ વર્ષે



સંત સમાગમનો મુખ્ય વિષય હતો 'આત્મમંથન' સુરત તથા ગુજરાતમાંથી આ સંત સમાગમમાં હજારોની સંખ્યામાં શ્રદ્ધાળુ ભક્તોએ ભાગ લીધો હતો તથા અનેક સેવાદલના સ્વયંસેવકોએ આ સંત સમાગમમાં અલગ-અલગ સેવાઓમાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું.

સમાગમના પ્રથમ દિવસે સત્સંગમાં ઉપસ્થિત લાખો પરિવારોને સંબોધન કરતાં સત્ગુરૂ માતા જીએ કહ્યું હતું કે એક નિરાકાર પ્રભુ પરમાત્મા હંમેશાં રહેનાર શાશ્વત સત્ય છે. આ પ્રભુ પરમાત્મા જ તમામનો મૂળ સ્ત્રોત છે. જયારે અમે આ સ્ત્રોતની સાથે જોડાઈને એકત્વના ભાવથી જીવન જીવીશું તો અમારા મનમાં કોઈ નકારાત્મક ભાવ ઉત્પન્ન થશે નહી. સંત સમાગમનો મુખ્ય વિષય આત્મમંથન પણ આપણને એ હકીકત તરફ નિર્દેશ કરે છે કે આ સત્ય પ્રભુ-પરમાત્માનો આધાર લઈ આત્મમંથન કરી અમારી આંતરીક યાત્રા સંપન્ન કરવાની છે.ભૌતિક ઉપલબ્ધિઓ ક્ષણિક છે.

ભૌતિક ઉપલબ્ધિઓ ઉપર પ્રકાશ પાડતા સત્ગુરૂ માતા જીએ કહ્યું હતું કે જે સાંસારીક ઉપલબ્ધિઓના માટે આજનો મનુષ્ય પોતાનો અમૂલ્ય સમય પસાર કરી રહ્યો છે તે સામાજીક ઉપલબ્ધિઓ,પારિવારીક

અનુસંધાન પાના ૭ પર

# ટેક્સટાઈલ સેક્રેટરી સમક્ષ ચેમ્બર દ્વારા વિવિધ સૂચનો

## ટેક્સટાઈલ સચિવ નિલમ શામી રાવને સુરત પધારવા આમંત્રણ

સુરત, તા.૭

સુરત ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદી અને સીએ રાજીવ કપાસિયાવાલાએ સોમવાર, તા. ૩ નવેમ્બર, ૨૦૨૫ના રોજ નવી દિલ્હી ખાતે ટેક્ષ્ટાઈલ સેક્રેટરી નિલમ શામી રાવ (IAS)ને મળીને પ્રિ–બજેટ મેમોરેન્ડમ આપી ટેક્ષ્ટાઈલ ક્ષેત્રે જીએસટી, કસ્ટમ અને ડાયરેકટ ટેક્ષ અંગેના સૂચનો કર્યા હતા.

ચેમ્બરના પ્રતિનિધિ મંડળ દ્વારા નવી દિલ્હી ખાતે ભારત સરકારના એમએસએમઈ મંત્રાલયના સેક્રેટરી શ્રી એસ.સી.એલ. દાસ (IAS)ને રૂબરૂ મળીને એમએસએમઈ સંદર્ભે રજૂઆત કરી હતી. ચેમ્બર દ્વારા રજૂઆત કરવામાં આવી હતી કે, હાલના એમએસએમઈ એકટના સેકશન ૧૫માં માઈક્રો એન્ડ સ્મોલ એન્ટરપ્રાઈઝની વ્યાખ્યામાં ટ્રેડર્સ અને રિટેલર્સનો પણ સમાવેશ કરવામાં આવે, જેથી કરીને ઈન્કમ ટેક્ષની કલમ સેકશન ૪૩(b)(h)ના પ્રાવધાનનો લાભ ટ્રેડર્સને પણ મળી શકે. ઈન્કમ ટેક્ષની કલમ સેકશન ૪૩(b)(h)નું પ્રાવધાન જે હેતુથી કરવામાં આવ્યું હતું તે હેતુ ફળીભૂત થતો ન હોવાથી ચેમ્બર દ્વારા આ રજૂઆત કરવામાં આવી હતી.

આ ઉપરાંત, ચેમ્બરના પ્રતિનિધિ મંડળે એમએસએમઈ મંત્રાલયના સેક્રેટરી શ્રી એસ.સી.એલ. દાસ (IAS)ને સુરત ખાતે ચેમ્બરની મુલાકાત લેવા તેમજ સુરતના ઉદ્યોગ સાહસિકોને Mutual Credit Guarantee Scheme fro MSMEs (MCGS-


અનુસંધાન પાના ૭ પર

# સાર્ધ શતાબ્દી વર્ષ નિમિત્તે વંદે માતરમ્‌ના જયઘોષ થકી ગરિમામય ભારત ભૂમિને કોટી કોટી વંદન...

આપણે દેશભક્તિના અભૂતપૂર્વ સમયમાં જીવી રહ્યા છીએ. આઝાદી પહેલાં જે દેશભક્તિનો માહોલ હતો એવો દેશભક્તિનો માહોલ આપણા દેશભક્ત વડાપ્રધાન માનનીય નરેન્દ્રભાઈ દ્વારા શરૂ કરાયેલ ‘આત્મનિર્ભર ભારત’અને ‘રાષ્ટ્ર પ્રથમ’ જેવા નૂતન અભિયાનની પ્રેરણાથી સર્જાઇ રહ્યો છે. આજે વધુ એક દેશભક્તિનું સ્મરણપર્વ ઉજવવાની ઘડી છે.? ઈ.સ. ૧૮૭૫માં લખાયેલું આપણું વંદે માતરમ્ ગીત ૧૫૦ વર્ષ પૂરા કરી રહ્યું છે. આ ગીત બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાયજી દ્વારા આનંદમઠ નવલકથામાં પહેલીવાર પ્રકાશિત થયું હતું, પણ આ ગીતે દેશની ચેતનાને જગાવી એના આ સુદીર્ઘ ગાયનકાળમાં જાણે કે રાષ્ટ્રભક્તિના પ્રાણવાયુ જેવી ઊર્જા ઉત્પન્ન કરી.

આ ગીતમાં રહેલી ઉદાત્ત દેશભક્તિ અને ઊર્જા સમગ્ર સ્વાતંત્ર્ય સંગ્રામમાં જોમવંતી બની રહી. ઈતિહાસકારોનું માનવું છે કે, સ્વાતંત્ર્ય સંગ્રામ હોય કે સ્વદેશી ચળવળ હોય, કે પછી સત્યાગ્રહની તૈયારીઓ હોય, વંદે માતરમ્ ગવાય એટલે દેશભક્તિનું ઊર્જાવાન વાતાવરણ રચાઈ જતું. આઝાદીની ચળવળ દરમિયાન પણ અનેક નેતાઓ આ ગીતની એક એક પંક્તિને ચરિતાર્થ કરવા માટે પોતાનું જીવન ખપાવી રહ્યા હતા. મહર્ષિ અરવિંદ હોય કે ભગતસિંહ, સૌ દેશભક્તો આ ગીતના ગુંજનમાં પોતાના જીવનની સાર્થકતા જોતા હતા.

આ રાષ્ટ્રીય ગીતની મહાનતા એ છે કે, એ આજે પણ એટલું જ પ્રસ્તુત અને તાજગીભર્યું છે. આધુનિક યુગના લોકનાયક આપણા આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી જયારે કોઈ સભાને સંબોધવાના હોય ત્યારે શરૂઆતમાં વંદે માતરમ્ નો જયઘોષ કરાવે , ત્યારે જાણે કે સમગ્ર સભામાં દેશભક્તિનું એક મોજું ફરી વળે છે.



આ ગીત ભારતીયતાની ભાવનાને રજૂ કરે છે, આ દેશની સુજલામ્ સુફલામ્ ધરતી અને ભારત માતા પ્રત્યેની ભક્તિ દરેક શબ્દમાંથી નીતરે છે.? જ્યારે વંદે માતરમ્ ગીત સાંભળીએ ત્યારે માતૃભક્તિનો અને ભારત માતાની આરાધના કરતા હોઈએ એવો ભાવ ઊભો થાય છે. આ ગીતનાં શૌર્ય અને પરાક્રમથી રોમ રોમ જાગી ઊઠે છે.?

આપણું સદ્‌નસીબ છે કે દેશનું સુકાન જયારથી નરેન્દ્રભાઈ મોદીએ સંભાળ્યું છે, ત્યારથી જાણે કે આ વંદે માતરમ્ ગીતના શબ્દો પુનઃ જાગૃત થઈ ગયા છે. સૌ કોઈને લાગે છે કે આ ગીતમાં રહેલી દેશભક્તિને આદરણીય નરેન્દ્રભાઈએ જાણે મૂર્તિમંત કરી છે, એક ગીતના શબ્દોને રાષ્ટ્રના જીવનમાં કેવી રીતે ઉતારી શકાય એ માટેની પ્રેરણા અને પરિશ્રમ આજે પરિણામો આપી રહ્યા છે. આઝાદીની લડાઈમાં એ વખતે ‘આનંદમઠ’ નવલકથામાં સંન્યાસીઓના સંઘર્ષની વાત આવતી હતી, આજે નરેન્દ્રભાઈની તપશ્ચર્યા અને ત્યાગ આ ગીતના શબ્દોને જાણે ચરિતાર્થ કરી રહ્યા છે. એ દિવસ યાદ કરો, જયારે કાશ્મીરના લાલ ચોકથી નરેન્દ્રભાઈએ ‘ત્વં હિ દુર્ગા..’નો ભાવ સમગ્ર દેશમાં જગાવેલો.

મા ભારતીને ખરા હૃદયથી વંદન એટલે ‘વંદે માતરમ’. બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાયજી દ્વારા રચિત આ ગીત સ્વાતંત્ર્ય સંગ્રામમાં રાષ્ટ્રભક્તિ અને રાષ્ટ્રપ્રેમના ઉદ્ ઘોષ સમું બન્યું હતું. આ ગીતનો પ્રત્યેક શબ્દ અને પ્રત્યેક શબ્દમાંથી વ્યક્ત થતા પ્રત્યેક તેજબિંદુએ સ્વાતંત્ર્ય સેનાનીઓમાં બ્રિટીશ સામ્રાજ્યને જડમૂળથી ઉખાડી ફેંકવા માટે ઉદ્દીપકનું કાર્ય કર્યું હતું. ઈ.સ. ૧૮૭૫માં લખાયેલા આ ગીતને આ વર્ષે ૧૫૦ વર્ષ પૂરા થઈ રહ્યાં છે, ત્યારે એક વાત ચોક્કસ છે કે, આ માત્ર એક ગીત નથી, માત્ર શબ્દોથી રચિત કોઈ ગાન નથી, પરંતુ ‘વંદે માતરમ’ સાચા અર્થમાં ભારત માતાને વંદન છે, નમન છે. વંદે માતરમ્ ગીતની સાર્ધ શતાબ્દી નિમિત્તે ૭ કરોડ ગુજરાતીઓ વતી હું પણ આ ગીતને વંદન કરી મા ભારતી માટેની કૃતજ્ઞતા અને અહોભાવ વ્યક્ત કરું છું. વંદે માતરમ્ ના ૧૫૦મા વર્ષને એક વિશેષ વર્ષ તરીકે ઉજવવાનું ‘વિઝન’ આપનાર ભારતના યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના વ્યક્તિત્વમાં આ ગીત અસ્ખલિત રીતે વ્યક્ત થાય છે. મોદીજી દ્વારા આપવામાં આવેલ વંદે માતરમ્ ગીતના ૧૫૦મા વર્ષની ઉજવણીના કાર્યક્રમ થકી મા ભારતીના સંતાનોનું કલ્યાણ થાય, તેઓ ગર્વથી માથું ઊંચું કરી ગૌરવભેર જીવન જીવી શકે તે ભાવના નિહિત છે.

આઝાદ ભારતના ઈતિહાસમાં આપણને એવું નેતૃત્વ ભાગ્યે જ જોવા મળશે કે, જેમણે પોતાના પ્રત્યેક કાર્ય અને શ્વાસને રાષ્ટ્ર માટે સમર્પિત કર્યા હોય અને એ કહેતાં મને ગર્વની લાગણી અનુભવાય છે કે, આપણા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી તેમાં પ્રથમ હરોળમાં સ્થાન ધરાવે છે. મોદીજીના દરેક કાર્યમાં ‘રાષ્ટ્ર પ્રથમ’ની ભાવના અગ્રીમ રહી છે. મહાન ક્રાંતિવીર ‘શ્યામજી કૃષ્ણ વર્મા’ને સાચા અર્થમાં સ્મરણાંજલિ આપવા માટે માંડવી ખાતે ક્રાંતિતીર્થની સ્થાપના હોય કે, પછી બલિદાનના પર્યાય એવા ‘ભૂચર મોરી’ના મહત્વને ઉજાગર કરવાનું હોય, સ્વાતંત્ર્ય સંગ્રામમાં


આદિવાસીઓના મહાન બલિદાનના ઉદાહરણરૂપ એવા ‘‘ભગવાન બિરસા મુંડા’’ના મહત્વને દુનિયા સમક્ષ લાવવાની વાત હોય કે, પછી રાષ્ટ્રીય એકતાના પર્યાય એવા સરદાર વલ્લભભાઈ પટેલને ‘સ્ટેચ્યૂ ઓફ યુનિટી’ અને ‘રાષ્ટ્રીય એકતા દિવસ’ તરીકે સ્મરણાંજલિ આપવાની વાત હોય, મોદીજીના દરેક કાર્યમાં આપણને માત્ર એક જ ભાવ અનુભવાય છે અને તે છે ‘વંદે માતરમ’

આ વંદે માતરમ ગીતનો જાણે કે યથાર્થ મહિમા કરતા હોય એમ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ રાજનીતિને એક નવો વળાંક આપ્યો, વિકાસનો નવમાર્ગ ચીંધ્યો. મોદીજી ગુજરાતમાં મુખ્યમંત્રી હતા ત્યારે પંચશક્તિની વાત કરી, જળ વ્યવસ્થાપનની વાત કરી કારણ કે વંદે માતરમ્‌માંથી એમને પ્રેરણા મળી હતી કે આ ધરતી સશ્યશ્યામલા ઉર્વરક ભૂમિ છે. એમણે વડાપ્રધાન બનીને પણ કન્યા કેળવણી અને સમગ્ર શિક્ષાને એક નવી દિશા મળે એ માટે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ઘડી, કારણ કે મોદી સાહેબ આખી જિંદગી ગાતા રહ્યા, ‘વાણી વિદ્યાદાયિની, નમામિ ત્વામ્, અમલામ્ અતુલામ્પ આ શબ્દોમાં રહેલી અપાર શક્તિથી કન્યા કેળવણીની શરૂ થયેલી યાત્રા ચંદ્ર ઉપર શિવશક્તિના પોઇન્ટની પ્રસ્તાવના સુધી પ્રસરેલી છે. આપણે જોઈ શકીએ કે, રાત-દિવસ દેશ માટે મહેનત કરતા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ આ વંદે માતરમ્‌ના ગીતને જાણે કે જીવી રહ્યા છે, ‘ત્વં હિ પ્રાણા શરીરેપ’ એમ એમ કહેતા કહેતા જાણે કે પ્રત્યેક શ્વાસ રાષ્ટ્ર માટે સમર્પિત કરવાની ભાવનાનું એક ઉત્તમ આદર્શ જીવન જીવીને સૌ કોઈ દેશવાસીઓને પ્રેરણા આપી રહ્યા છે. જ્યારે શૌર્ય બતાવવાનું આવ્યું, તો કાયર દુશ્મનોને ‘ઑપરેશન સિંદૂર’ દ્વારા દર્શાવી દીધું કે, આ રાષ્ટ્ર અમારી માતા છે અને અમે અને વર્ષોથી ‘બહુબલધારિણીમ્ રિપુદલવારિણીમ્’ એમ કહીને સંબોધી છે. આ દેશભક્તિ એ જ આ ગીતની પ્રાણ શક્તિ છે અને એને આપણને જાણે કે દસે દિશાઓમાંથી ઊર્જા આપી છે..

આજે જે માનનીય નરેન્દ્રભાઈના નેતૃત્વ હેઠળ વિકાસની નવી ઊંચાઈઓ પ્રાપ્ત થઈ રહી છે, તેમાં સૌ કોઈને એવી આતુરતા છે, એવી ખેવના છે કે આપણી ભારત માતા સુખદા અને વરદા બને. એટલા માટે ભારતને વિકસિત બનાવવા માટે જાણે કે એક દીર્ઘદૃષ્ટા વડાપ્રધાન આપણને મળ્યા છે. આ ગીતના શબ્દોને વ્યક્ત સ્વરૂપ આપીને તેઓ એક નવા યુગનું સર્જન કરી રહ્યા છે.

જગતજનની અને આપણી ભારત માતા આપણને એવી શક્તિ બક્ષે જેનાથી ૨૦૪૭માં જ્યારે ભારતની આઝાદીના ૧૦૦ વર્ષ પૂરા થાય, ત્યારે નરેન્દ્રભાઈ આપણને બોલાવે છે એ જ ખુમારીથી અને ગૌરવથી આપણે વિશ્વ સમક્ષ જય ઘોષ કરી શકીએ, અને ગાઈ શકીએ, ‘વંદે માતરમ્પ

**લેખક : ભૂપેન્દ્રભાઈ પટેલ**
**મુખ્યમંત્રી**
**ગુજરાત**



# AIAL દ્વારા પાંચ વર્ષની સફળયાત્રા અને પરિવર્તનશીલ અનુભવોની ઉજવણી

## AIAL હેઠળ અમદાવાદ એરપોર્ટની કાયાપલટ, ટર્મિનલ્સનો વિસ્તાર, સ્માર્ટ ટેક થકી સરળ મુસાફરી બનાવવાનો સફળ પ્રયાસ.

**સંપાદકનો સારાંશ**

અમદાવાદ, ૬ નવેમ્બર ૨૦૨૫: સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટ (SVPIA) ના સંચાલક અમદાવાદ ઈન્ટરનેશનલ એરપોર્ટ લિમિટેડ (AIAL) પાંચ વર્ષની સફળ કામગીરી બદલ અપાર હર્ષની લાગણી અનુભવે છે. મુસાફરોના ઉત્કૃષ્ટ અનુભવો, મજબૂત ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિસ્તરણ અને વૈશ્વિક માન્યતા ઉડીને આંખે વળગે છે.

નવેમ્બર ૨૦૨૦ માં કામગીરી સંભાળ્યા પછી છૈંછન્એ આરામદાયક મુસાફરી અને કાર્યક્ષમતાના નવા માપદંડો સ્થાપિત કર્યા છે. ૨૦૨૫ માં મુસાફરોનો ટ્રાફિક ૧૦,૧૩૩ દૈનિક મુવમેન્ટથી વધીને ૩૬,૫૦૦ થી વધુ થયો છે. એરક્રાફ્ટ ટ્રાફિક મૂવમેન્ટ (ATM) માં ૧૧૭ થી ૨૮૪ પ્રતિ દિવસનો તીવ્ર વધારો થયો છે.

### ટર્મિનલ્સની કાયાપલટ

ઘરેલુ મુસાફરોને સેવા આપતું ટર્મિનલ ૧, ટ્રિપલ સીટિંગ ક્ષમતા, વધારાના બૉર્ડિંગ ગેટ, ૩૬ ચેક-ઈન કાઉન્ટર અને નવા ડિજી યાત્રા-સક્ષમ ઈ-ગેટ્સ સાથે ૩૯,૦૦૦ ચોરસ મીટર સુધી વિસ્તર્યું છે. ટર્મિનલ ૨, હવે એક સંકલિત સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય હબ છે, જે ૧૨ બૉર્ડિંગ ગેટ, વિસ્તૃત ઈમિગ્રેશન અને સુરક્ષા ક્ષેત્રો અને સમર્પિત પ્રાર્થના, બાળ સંભાળ અને ટ્રાન્સફર સુવિધાઓ સાથે ૪૯,૦૦૦ ચોરસ મીટરમાં ફેલાયેલું છે. વિશિષ્ટ ચાર્ટર ફ્લાઈટ કામગીરી માટે ૪૦૦ ચોરસ મીટરના વિસ્તારમાં ફેલાયેલું એક નવું જનરલ એવિએશન ટર્મિનલ રજૂ કરવામાં આવ્યું છે.

### ઓપરેશનલ કામગીરીમાં વધારો

વાર્ષિક ૨૦૦,૦૦૦ મેટ્રિક ટન (MT) સુધીના માલનું સંચાલન કરવા માટે એક અત્યાધુનિક ઈન્ટિગ્રેટેડ કાર્ગો ટર્મિનલ (૨૦,૦૦૦ ચોરસ મીટર)નું ઉદ્ઘાટન કરવામાં આવ્યું, સાથે સાથે ચાર્ટર ટ્રાફિક માટે આધુનિક જનરલ એવિએશન ટર્મિનલ પણ રજૂ કરવામાં આવ્યું. AIAL એ ઓટોમેટેડ બેગેજ સિસ્ટમ્સ, સફાઈ રોબોટ્સ અને ડિજી યાત્રા ઈકોસિસ્ટમ રજૂ કરી નવા બૉર્ડિંગ પાસ તરીકે ચહેરાની ઓળખનો ઉપયોગ કરે છે.

### સલામતી અને ટકાઉપણાંને પ્રાથમિકતા

વિમાનમથકે ૧૦ મિલિયન સલામત કાર્ય કલાકો હાંસલ કર્યા છે. તેમાં ટકાઉપણાં તરફ નોંધપાત્ર પગલાં લીધાં છે. ગ્રીન પાવર તરફ સ્વિચ કરવું, ગંદા પાણીને રિસાયક્લિંગ કરવું અને તેના મોટાભાગના વાહનોને ઈલેક્ટ્રિકમાં રૂપાંતરિત કરવા જેવી બાબતો અપનાવવામાં આવી છે.

એરપોર્ટે પાંચ વર્ષમાં ૩૦ થી વધુ પુરસ્કારો સાથે માન્યતા પ્રાપ્ત કરી છે, જેમાં છઝ્રૈં લેવલ ૪ સર્ટિફિકેશન, બ્રિટિશ કાઉન્સિલ સેફ્ટી ૫-સ્ટાર રેટિંગ અને ઝ્રૈં ના ઝીરો વેસ્ટ ટુ લેન્ડફિલ પ્લેટિનમ સર્ટિફિકેશનનો સમાવેશ થાય છે, AIAL એ ઓપરેશનલ શ્રેષ્ઠતા, ટકાઉપણું અને મુસાફરોના આનંદમાં બેન્ચમાર્ક વધારવાનું ચાલુ રાખ્યું છે.

# સોના માટે વ્યાપક નીતિ ઘડવાનો સમય પાકી ગયો: એસબીઆઈ

**નવી દિલ્હી:** ભારતમાં સાંસ્કૃતિક પરંપરાગત સોનામાં આકર્ષણ વધુ હોવાથી દેશમાં સોનાની પ્રબળ વપરાશી અને રોકાણલક્ષી માગને કારણે ભારત સોનાની વૈશ્વિક અગ્રણી બજારમાં સ્થાન ધરાવે છે. હાલમાં સોનાના ભાવ નવી સપાટીઓ આંબી રહ્યા છે ત્યારે સ્થાનિક સ્તરે સોના માટે એક વ્યાપક નીતિ ઘડવાની આવશ્યકતા હોવાનું સ્ટેટ બૅન્ક ઑફ ઈન્ડિયાએ એક અહેવાલમાં જણાવ્યું છે.

વૈશ્વિક સ્તરે ભૂરાજકીય તણાવ, આર્થિક અનિશ્ચિતતા અને અમેરિકી ડૉલર નબળો પડ્યો હોવાથી સોનામાં તેજીનું વલણ જોવા મળી રહ્યું હોવાનું સ્ટેટ બૅન્કના ભારતનાં આર્થિક રિસર્ચ વિભાગ દ્વારા તાજેતરમાં તૈયાર કરવામાં આવેલા ’કમિંગ ઑફ (અ ટર્બેલન્ટ)એજ: ધ ગ્રેટ ગ્લોબલ ગોલ્ડ રશ’ અહેવાલમાં જણાવતા ઉમેર્યું હતું કે વર્ષ ૨૦૨૫માં અત્યાર સુધીમાં સોનાના ભાવમાં ૫૦ ટકા જેટલો ઉછાળો આવી ગયો છે અને ઑક્ટોબર મહિનાના અમુક દિવસોને બાદ કરતાં તમામ દિવસોમાં સોનાના ભાવ ઔંસદીઠ ૪૦૦૦ ડૉલરની સપાટીની ઉપર જ રહ્યા હતા.

અહેવાલમાં નોંધ્યું છે કે ભારતમાં સોનાના કુલ પુરવઠા પૈકી માત્ર એક ભાગ જેટલો જ સ્થાનિક પુરવઠાનો સમાવેશ થાય છે અને વર્લ્ડ ગોલ્ડ કાઉન્સિલની માહિતી અનુસાર વર્ષ ૨૦૨૪માં કુલ પુરવઠા પૈકી આયાતનો હિસ્સો ૮૬ ટકા જેટલો હતો. ભારતમાં પરંપરાગત ધોરણે સોનામાં આકર્ષણ વધુ હોવાથી, રોકાણલક્ષી માગ અને વધતા ફુગાવા સામેની હેજરૂપી તેમ જ સલામતી માટેની માગને ટેકે ભારત સોનાની વૈશ્વિક અગ્રણી બજાર છે. ગત કેલેન્ડર વર્ષ ૨૦૨૪માં દેશની સોનાની માગ વધીને ૮૦૨.૮ ટનની સપાટીએ રહી હતી, જે સોનાના કુલ વૈશ્વિક માગનો ૨૬ ટકા જેટલો બહોળો હિસ્સો ધરાવે છે. આમ વિશ્વમાં સોનાની માગમા ચીનની ૮૧૫.૪૦ ટનની માગ પછી ભારત બીજા ક્રમાંકે આવે છે.

ઉત્સાહિત થયેલા રોકાણકારો, કેન્દ્રવર્તી બૅન્કો તથા સટ્ટોડિયાઓ દ્વારા સન્માનિત થયેલી ચમકતી ધાતુ સોનાની તેજી એક પરિકથા સમાન છે, બીજી તરફ સાવચેતી પણ સેવાઈ રહી છે, ત્યારે ભારત માટે સ્થાનિકીકરણને ટેકો આપતી સોનાને સમર્પિત લાંબાગાળાની વ્યાપક નીતિની આવશ્યકતાનો સમય આવી ગયો હોવાનું અહેવાલમાં જણાવતા ઉમેર્યું હતું કે દેશ સોના માટે આયાત નિર્ભર હોવાથી તેના ભાવની અસર ડૉલર સામે રૂપિયાના વિનિમય દર પર પણ પડતી હોય છે. સોનાના ભાવ અને વિનિમય દર પારસ્પારિક ધોરણે સંકળાયેલા છે. સોનાના ઊંચા ભાવથી રૂપિયામાં ઘસારો આવતો હોય છે. જોકે, આયાતનું સરેરાશ પ્રમાણે તેને મહત્ત્વનું પરિબળ નથી બનાવતું.

અહેવાલમાં જણાવ્યું હતું કે ચીનમાં સોના માટેની ચોક્કસ હેતુસરની રાષ્ટ્રીય નીતિ ધરાવે છે. આંતરરાષ્ટ્રીય વાણિજ્યમાં સોનાનો વેપાર, સંગ્રહ, મૂલ્ય અને ઉપયોગ કેવી રીતે થાય છે તે ફરીથી આકાર આપવા માટેનો અને આર્થિક તથા ભૂરાજકીય પ્રાથમિકતાઓને સંબોધવા માટેનો એક સંકલિત અભિગમ પણ વ્યક્ત કરે છે.

# અદાણી એન્ટર પ્રાઇઝિસના કચ્છ કોપર અને ઓસ્ટ્રેલિયાના કેરાવેલ મિનરલ્સે તાંબાના પ્રકલ્પને ઝડપી બનાવવા વ્યૂહાત્મક એમઓયુ કર્યા

**અમદાવાદ, ૦૭ નવેમ્બર**

પશ્ચિમ ઓસ્ટ્રેલિયાના મર્ચિસન ક્ષેત્રમાં ફ્લેગશિપ કેરાવેલ કોપર પ્રકલ્પમાટે વ્યૂહાત્મક સહયોગનો માર્ગ મોકળો કરવાના ધ્યેય સાથે કેરાવેલ મિનરલ્સ લિમિટેડ (ASX: CVV) એ અદાણી એન્ટરપ્રાઈઝીસ લિ.ની પેટાકંપની કચ્છ કોપર લિ. (KCL) સાથે એક સીમાચિહ્નસમા બિન-બંધનકર્તા સમજૂતી કરાર પર હસ્તાક્ષર કર્યાની જાહેરાત કરી છે.

આ કરારના ભાગરુપે કંપનીઓ ૨૦૨૬માં અંતિમ રોકાણના નિર્ણય (FID) તરફ પ્રોજેક્ટના વિકાસને વેગ આપવા માટે રોકાણ અને ઉપાડની તકો શોધશે, જેમાં કેરાવેલના વિશ્વ-સ્તરીય સંસાધનને અદાણીની સ્મેલ્ટિંગ, પ્રોસેસિંગ અને લોજિસ્ટિક્સની પુરવાર થયેલી ક્ષમતાઓને આવરી લેવામાં આવશે.

કેરાવેલના કોપર કોન્સન્ટ્રેટ આઉટપુટના ૧૦૦% સુધી આવરી લેતા લાઈફ-ઓફ-માઈન ઓફ ટેક કરારની વાટાઘાટો માટે એક વિશિષ્ટ માળખું પણ સ્થાપિત કરતી આ ભાગીદારી હેઠળ શરૂઆતના વર્ષોમાં વાર્ષિક ૬૨,૦૦૦ થી ૭૧,૦૦૦ ટન પેયેબલ કોપર હોવાની અપેક્ષા છે. આ કોન્સન્ટ્રેટ સીધા દ્મઝ્રન્ના અત્યાધુનિક USD માં ફીડ કરશે. ગુજરાતના કચ્છમાં એક જ સ્થળે૧.૨ બિલિયન (AUD ૧.૮ બિલિયન)ના રોકાણથી સ્થપાયેલી કચ્છ કોપર સ્મેલ્ટર વિશ્વની સૌથી મોટી કોપર સુવિધા છે.

અદાણીના નેચરલ રિસોર્સિસના સીઈઓ ડૉ.વિનય પ્રકાશે જણાવ્યું હતું કે તાંબુ વૈશ્વિક ઉર્જા સંક્રમણની કરોડરજ્જુ છે અને કેરાવેલ મિનરલ્સ સાથેની અમારી ભાગીદારી આ મહત્વપૂર્ણ ધાતુ માટે સ્થિતિસ્થાપક અને જવાબદાર સપ્લાય ચેઇન બનાવવામાં ભારત અને ઓસ્ટ્રેલિયાની ભૂમિકાને મજબૂત બનાવશે. કચ્છ કોપર, તેના વિશ્વ-સ્તરીય માળખાગત સુવિધાઓ અને ઈજીય ધોરણો સાથે ખંડોમાં ટકાઉ મૂલ્ય નિર્માણનું મોડેલ બનાવવા માટે કેરાવેલ સાથે જોડાણ કરતા ખુશી અનુભવે છે.કેરાવેલ મિનરલ્સ લિ.ના મેનેજિંગ ડિરેક્ટર શ્રી ડોન હાયમાએ જણાવ્યું હતું કે પ્રકલ્પની ઓલ-ઈન-સસ્ટેનિંગ કોસ્ટ (AISC) પ્રતિ પાઉન્ડ USD ૨.૦૭ હોવાનો અંદાજ તેને વૈશ્વિક સ્તરે સૌથી ઓછા ખર્ચવાળા ઉત્પાદકોમાં સ્થાન આપે છે. તેમણે ઉમેર્યું હતું કે અદાણીના કચ્છ કોપર સાથેનો આ સહયોગ કેરાવેલ કોપર પ્રકલ્પની સંપૂર્ણ સંભાવનાને સાકાર કરવાની દીશામાં એક મહત્વપૂર્ણ કદમ છે. તે જવાબદાર લાંબા ગાળા સુધી તાંબાના ઉત્પાદન માટે એક સહિયારી દ્રષ્ટિ સાથે અદાણીની ડાઉનસ્ટ્રીમ કુશળતા અને કેરાવેલના વિશ્વ-સ્તરના સંસાધન જેવી પૂરક શક્તિઓને એકસાથે લાવે છે.

પર્થથી લગભગ ૧૫૦ કિમી ઉત્તરપૂર્વમાં સ્થિત કેરાવેલનો કેરાવેલ કોપર પ્રકલ્પ ઓસ્ટ્રેલિયાનો સૌથી મોટો અવિકસિત તાંબાનો સ્ત્રોત છે જેની ખાણ ૨૫ વર્ષથી વધુની સંભવિત આયુષ્ય ધરાવે છે અને અંદાજે ૧.૩ મિલિયન ટન પેયેબલ તાંબુ છે.

કરાર અંતર્ગતકચ્છ કોપર લિ. ને કરારના સમયગાળા દરમિયાન સીધી ઈક્વિટી અથવા પ્રકલ્પ-સ્તરના રોકાણો મેળવવા માટે પ્રથમ અધિકારો આપવામાં આવ્યા છે.છેંઢ ૧.૭ બિલિયનના પ્રારંભિક મૂડીખર્ચ સાથે સંરેખિત આ પ્રકલ્પ તબક્કાવાર વિકાસને ટેકો આપવા માટે રચાયેલ છે. ટોચની બેંકો સાથે નાણાકીય ચર્ચાઓ પણ આગળ વધી રહી છે, જેમાં ડેનિશ સાધનો સપ્લાયર્સ માટે નિકાસ ક્રેડિટ એજન્સી (ECA) દ્વારા સમર્થિત ઉકેલો, પરંપરાગત દેવું, ઈક્વિટી વધારો અને સ્ટ્રીમિંગ અને રોયલ્ટી જેવા નવીન ભંડોળના માળખાંનો સમાવેશ થાય છે. આ પ્રયાસો ડેનિશ-સોર્સ્ડ સાધનો માટે ડેનમાર્કના નિકાસ અને રોકાણ ભંડોળ (EIFO) તરફથી ૨૦૨૩ ના વ્યાજ પત્ર પર આધારિત છે. આ કરાર કચ્છ કોપર માટે ઉત્પાદકીય સ્પષ્ટીકરણોને મહત્તમ કરવા માટે સહ-એન્જિનિયરિંગ સહિત ડાઉનસ્ટ્રીમ સુવિધાઓ, સંયુક્ત ખરીદીથી ડિલિવરીના સમયપત્રકને ઝડપી બનાવવા અને ભારત-ઓસ્ટ્રેલિયા FTA (મુક્ત વેપાર કરાર)નો લાભ લઈ સરહદ પાર સંસાધન વિકાસ અને કાર્યબળ કૌશલ્યને પ્રોત્સાહન જેવા પાસાઓ માટે સહયોગી કાર્યપ્રવાહની રૂપરેખા આપે છે.

વીજળીકરણ અને નવીનીકરણીય-ઊર્જાના વિસ્તરણ વચ્ચે૨૦૪૦ સુધીમાં તાંબાની વૈશ્વિક માંગમાં ૫૦% વધારો થવાનો અંદાજ છે. બંને રાષ્ટ્રો માટે ટકાઉ આર્થિક વિકાસના દરવાજાઓને ખુલ્લાં મૂકતી વખતે મહત્વપૂર્ણ-ખનિજ પુરવઠા શ્રેણીઓમાં નોંધપાત્ર યોગદાન આપવા માટે કેરાવેલ-કચ્છ કોપર સહયોગ તૈયાર છે.

બંને કંપનીઓએ જવાબદાર ખાણકામ અને ટકાઉ સપ્લાય શ્રેણીઓ પ્રત્યેની તેમની સહિયારી પ્રતિબદ્ધતાને મજબૂત બનાવતી અનુકરણીય ઈજીય કામગીરી પણ નોંધાવી છે.

# સિન્ટેક્સે તેની ૫૦મી વર્ષગાંઠે ભારતભરમાં જવાબદાર પાણી વપરાશને પ્રોત્સાહિત કરવા માટે ‘ગિનેસ વર્લ્ડ રેકોર્ડ’ સ્થાપ્યો

## દેશના સૌથી ગંભીર પ્રશ્નોમાંના એક પાણીનું સંરક્ષણ અને પાણીજન્ય રોગોથી બચાવ અંગે જાગૃતિ લાવવા માટે અનોખી પહેલ

ભારત, ભારતમાં પાણી વ્યવસ્થાપન ઉકેલોમાં સૌથી વિશ્વસનીય નામ સિન્ટેક્સે તેની ૫૦મી વર્ષગાંઠે ઐતિહાસિક સિદ્ધિ મેળવી છે. ૨૪ કલાકમાં ૩૧,૦૦૦ કરતાં વધુ લોકોને જવાબદાર પાણી વપરાશ માટે પ્રતિજ્ઞા લેવડાવીને ગિનેસ વર્લ્ડ રેકોર્ડ બનાવ્યો છે.

આ રાષ્ટ્રીય સ્તરની પહેલનો હેતુ ભારતના સૌથી ગંભીર પડકારોમાંના એક સ્વચ્છ અને સુરક્ષિત પાણીની ઉપલબ્ધિ સુનિશ્ચિત કરવો અને પાણીજન્ય રોગોથી બચાવ અંગે જાગૃતિ ફેલાવવાનો હતો. દેશભરના સમુદાયો, ભાગીદારો અને કર્મચારીઓ ડિજિટલ પ્લેટફોર્મ પર જોડાયા અને પ્રતિજ્ઞા લઈને પાણી અને આરોગ્યના સંરક્ષણ માટેની સામૂહિક પ્રતિબદ્ધતાને મજબૂત બનાવી.

યશોવર્ધન અગરવાલ, ડિરેક્ટર, સિન્ટેક્સ અને મેનેજિંગ ડિરેક્ટર, વેલસ્પન BAPL લિમિટેડ એ આ પ્રસંગે જણાવ્યું કે "પાણી સંગ્રહ ટાંકીઓમાં ૫૦ વર્ષનો વારસો અને નેતૃત્વ ધરાવતું સિન્ટેક્સ માટે આ એક ઐતિહાસિક ક્ષણ છે. પાણીનું પ્રદૂષણ અને અયોગ્ય સંગ્રહ ભારતમાં ગંભીર જાહેર આરોગ્ય જોખમો ઉભા કરે છે, જે પાણીજન્ય રોગોના ફેલાવામાં મોટો ફાળો આપે છે. આ પહેલ દ્વારા અમે લોકોને એક સરળ છતાં શક્તિશાળી પ્રતિબદ્ધતા બનાવવા માટે પ્રેરિત કરી રહ્યા છીએ, પીવાના અને બિન-પીવાના પાણી આમ બન્ને પ્રકારનું પાણી સ્વચ્છ રીતે સંગ્રહ કરવા માટે સ્ટોરેજ યુનિટ્સને નિયમિત રીતે સાફ રાખીને પ્રદૂષણને રોકવું અને પોતાના પરિવારના આરોગ્યનું રક્ષણ કરવું. એકત્રિત કરવામાં આવેલ દરેક પ્રતિજ્ઞા અને દરેક વ્યક્તિ સુધી પહોંચવું એ વધુ જવાબદાર અને સ્વચ્છ પાણી પ્રત્યે સભાન ભારત તરફનું એક પગલું છે. આ રેકોર્ડ-બ્રેકિંગ સિદ્ધિ ફક્ત એક વિશાળ ચળવળની શરૂઆત છે!"ભારત અસુરક્ષિત પાણીના કારણે ભારે આરોગ્ય ભાર સહન કરી રહ્યું છે. ડાયેરિયા હજુ પણ પાંચ વર્ષથી ઓછા બાળકોમાં મૃત્યુનું ત્રીજું સૌથી મોટું કારણ છે, જે કુલ બાળક મૃત્યુના લગભગ ૧૩% માટે જવાબદાર છે. સિન્ટેક્સની આ પહેલ એ બતાવે છે કે કેવી રીતે કોર્પોરેટ હેતુ, નવીનતા અને લોકોની શક્તિ સાથે મળીને વાસ્તવિક પરિવર્તન લાવી શકાય છે.

# ઊંચી ટેરિફની અસર હળવી કરવા સ્ટીલના ઉત્પાદન બનાવનારાઓએ મૂલ્યવર્ધિત ઉત્પાદનો પર ધ્યાન કેન્દ્રીત કરવું

**નવી દિલ્હી:** ભારતીય ઉત્પાદનો પર વૈશ્વિક બજારોમાં લાદવામાં આવેલી ઊંચી ટૅરિફની માઠી અસર હળવી કરવા માટે ઉચ્ચ મૂલ્યનાં કોલ્ડ રોલ્ડ સ્ટીલ કમ્પોનન્ટ્સ અને અન્ય મૂલ્યવર્ધિત ઉત્પાદનો જેનાં પર ટૅરિફના નીચા દર છે તેની નિકાસ તરફ ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ એમ કસ્ટમાઈઝ્ડ સ્ટીલ ટ્યૂબ અને પ્રોફાઈલની ઉત્પાદક મધર ઈન્ડિયા ફૉર્મિંગ (એમઆઈએફ)નાં ડિરેક્ટર ધિરેન્દ્ર સંખલાએ જણાવ્યું હતું.નોંધનીય બાબત એ છે કે અમેરિકાએ ભારતીય સ્ટીલ પરની ટૅરિફ વધારીને ૫૦ ટકા કરી છે, જ્યારે યુરોપિયન યુનિયને નવાં ટૅરિફનો પ્રસ્તાવ મૂક્યો છે. આમ યુકે સહિતનાં દેશોમાં વૈશ્વિક વેપારમાં અનિશ્ચિતતા સર્જાઈ છે.ભારતનાં મેક ઈન ઈન્ડિયા વિઝનને વિશ્વએ પડકાર્યો છે અને ભારતીય ઉત્પાદકોએ વૈશ્વિક સ્તરની ગુણવત્તા અને ધારાધોરણો અપનાવીને સ્ટીલનાં વૉલ્યૂમને પ્રિસિસન સ્વરૂપના કમ્પોનન્ટ્સમાં રૂપાંતરિત કરીને મેડ ઈન ઈન્ડિયા બૅન્ચમાર્કથી તેનો પ્રતિસાદ આપ્યો છે. હવે ભારત માત્ર સ્ટીલ ઉત્પાદક દેશ નથી રહ્યો, પરંતુ વિશ્વ માટે સોલ્યુશન પ્રોવાઈડર દેશ પણ બન્યો છે.કોલ્ડ રોલ શીટ્સ ફૉર્મિંગ સ્ટીલ કોઈલને એન્જિનિયર્ડ પ્રોફાઈલ્સ, ટ્યૂબ્સ અને કમ્પોનન્ટ્સમાં રૂપાંતરિત કરે છે જેને ઘણીવાર વિવિધ વેપારી હેતુઓ માટે અલગ રીતે વર્ગિકૃત કરવામાં આવે છે. આથી હવે ભારતીય નિકાસકારો ઉત્પાદકો પ્રિસિસન ફૉર્મિંગ, સર્ફેસ ટ્રીટમેન્ટ અને પ્રિ એસેમ્બલી ઑફર કરીને સેમી ફિનિશ્ડ નિકાસમાંથી ફિનિશ્ડ નિકાસ તરફ વળવું જોઈએ જેથી નીચી ટૅરિફ લાગે, ખરીદદારો ઓછી લેન્ડિંગ કોસ્ટને કારણે વધુ આકર્ષાય એમ તેમણે ઉમેર્યું હતું.


તંત્રી લેખ...-

શુક્રવાર, તા. ૦૭ નવેમ્બર ૨૦૨૫

## ભારતના રાષ્ટ્રગીત “વંદે માતરમ”ના ૧૫૦ વર્ષની ગુજરાતભરમાં થશે ભવ્ય ઉજવણી

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ રાજ્યમાં ઉજવાશે “વંદે માતરમ @ ૧૫૦”: પ્રવક્તા મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણી ળ મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિ માં રાજયકક્ષાનો કાર્યક્રમ ગુજરાત વિધાનસભા પરિસર ખાતે ૭મી નવેમ્બરના રોજ યોજાશેપ્રવકતા મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું છે કે, ભારતના રાષ્ટ્રગીત “વંદે માતરમ”ના નિર્માણને ૧૫૦ વર્ષ પૂર્ણ થવા નિમિત્તે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ તા : ૦૭મી નવેમ્બરના રોજ રાષ્ટ્રવ્યાપી ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું છે. જેના ભાગરૂપે ગુજરાતમાં પણ ભારતના રાષ્ટ્ર ગીત “વંદે માતરમજ૧૫૦”ની ઉજવણી ઉલ્લાસભેર કરાશે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં રાજ્ય કક્ષાનો કાર્યક્રમ ગુજરાત વિધાનસભા પરિસર ખાતે ૭મી નવેમ્બરના રોજ યોજાશે. જેમાં રાષ્ટ્રગીત “વંદે માતરમ”ના મૂળ સ્વરૂપનું સમુહગાન સાથે સ્વદેશીની શપથ ગ્રહણ પણ કરાશે. તેમણે ઉમેર્યું કે, રાષ્ટ્રીય સ્વતંત્રતા દરમિયાન રાષ્ટ્ર ગીત “વંદે માતરમ“ના માધ્યમથી સમગ્ર સ્વતંત્રતા ચળવળ એક તાંતણે બંધાઈ હતી અને એક નવી ઉંચાઈ હાંસલ કરી હતી. ભારતનું રાષ્ટ્ર ગીત આપણા સમગ્ર દેશ માટે રાષ્ટ્રીય ગૌરવની બાબત છે. ત્યારે રાષ્ટ્ર ગીતના સન્માનમાં વિવિધ કાર્યક્રમની ઉજવણી કરવાની વડાપ્રધાનશ્રીએ પ્રેરણા આપી છે, જેની રાજયભરમાં ઉજવણી કરાશે. પ્રવકતા મંત્રીશ્રીએ ઉમેર્યું કે, તા. ૭ નવેમ્બરના દિવસે રાજયના વિવિધ પ્રભારી મંત્રીશ્રીઓની ઉપસ્થિતિમાં જિલ્લાઓ ખાતે, જિલ્લા પંચાયત પ્રમુખશ્રીની ઉપસ્થિતિમાં જિલ્લા પંચાયત ખાતે તથા મેયરશ્રીની ઉપસ્થિતિમાં મહાનગપાલિકાઓ ખાતે, જિલ્લા પોલીસ વડાશ્રીની ઉપસ્થિતિમાં જિલ્લા પોલીસ વડાની કચેરી તથા નગરપાલિકા પ્રમુખશ્રીની ઉપસ્થિતિમાં તમામ નગરપાલિકાઓ ખાતે રાષ્ટ્ર ગીત "વંદે માતરમ”ના મૂળ સ્વરૂપનું સમુહગાન તથા સ્વદેશીની શપથ ગ્રહણ કરવામાં આવશે, તેમ તેમણે ઉમેર્યું હતું. આ ઉપરાંત રાજ્યના પોલીસ બેન્ડ દ્વારા પાટનગર ગાંધીનગર તથા જિલ્લાના મુખ્ય મથકના જાહેર સ્થળોએ રાષ્ટ્ર ગીત “વંદે માતરમ” તથા અન્ય દેશ ભક્તિના ગીતો આધારિત ધૂન પ્રસ્તુતિ કરાશે. તા:૦૭-૧૧-૨૦૨૫ થી તા.૨૬-૧૧-૨૦૨૫ દરમિયાન સરકારી તથા ખાનગી યુનીવર્સીટીઓ, શાળાઓ અને કોલેજો, સરકારી કચેરીઓ અને જાહેર સ્થળો ખાતે રાષ્ટ્ર ગીત “વંદે માતરમ”ના મૂળ સ્વરૂપનું સમુહગાન સાથે સ્વદેશીની શપથ તથા કોલેજો ખાતે "વંદે માતરમ્જ૧૫૦" થીમ આધારિત સેમીનાર, વક્તૃત્વ સ્પર્ધા, ચર્ચાઓનું પણ આયોજન કરાશે, તેમ મંત્રીશ્રીએ ઉમેર્યું હતું.



## સાયબર છેતરપિંડી

સાયબર છેતરપિંડીમાં છેલ્લાં થોડાં વર્ષોમાં જોરદાર ઉછાળો થયો છે, એમાંય હાલમાં જ ડિજિટલ અરેસ્ટમાં તો એક જ કિસ્સામાં રૂા. ૫૮ કરોડની સૌથી મોટી છેતરાપિંડી થયાનું સામે આવ્યું છે. એક અહેવાલ મુજબ, કોરોના કાળથી અત્યાર સુધીમાં એકલા મુંબઈ શહેરના લોકોએ જ રૂા. બે હજાર કરોડથી વધુની રકમ ઑનલાઈન ફ્રૉડને કારણે ગુમાવી છે. દેશની આર્થિક રાજધાની અને શિક્ષિતોની સંખ્યા જ્યાં ખાસ્સી ઊંચી છે, એવા મુંબઈ શહેરમાં જો આ પરિસ્થિતિ હોય તો નાનાં શહેરો કે કસબાઓમાં તો કેવી હાલત હશે, એનો માત્ર અંદાજ જ લગાડવો રહ્યો. રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયા, પોલીસ તથા ખુદ વડા પ્રધાન નરેન્દ્ર મોદી પણ ઑનલાઈન ફ્રૉડ, સાયબર છેતરાપિંડી અને ડિજિટલ અરેસ્ટ વિશે જાગરૂકતા માટે સતત પ્રયત્નશીલ છે છતાં આ સ્થિતિ છે. નિષ્ણાતોનું માનવું છે કે, સમસ્યા ટેક્નૉલૉજી કે માનવીય વર્તણૂક ઉપરાંત નબળી બૅન્કિંગ સિસ્ટમની પણ છે. તેઓ ઉમેરે છે કે, બૅન્કો ધારે તો કેટલીક મૂળભૂત ચકાસણીઓ દ્વારા આવી છેતરાપિંડીને ઉઘાડી પાડી શકે છે, પણ આ બાબતમાં તેમનું ઉદાસીન વલણ ચિંતા વધારનારું છે. હાલનાં વર્ષોમાં મુંબઈમાં સાયબર છેતરાપિંડીએ મુંબઈમાં માઝા મૂકી છે. કોરોના કાળમાં વર્ષે દહાડે મુંબઈમાં લોકોએ રૂા. ૮૧.૭ કરોડ ઑનલાઈન છેતરાપિંડીમાં ગુમાવ્યા હતા. ૨૦૨૪માં આ આંકડો રૂા. ૮૮૮.૩ કરોડ પર પહોંચ્યો હતો અને ચાલુ વર્ષના જુલાઈ સુધીમાં આ જુમલો રૂા. ૫૩૦ કરોડને વટાવી ગયો હતો. ૨૦૨૦થી મુંબઈગરાઓએ આ પ્રકારની છેતરાપિંડી દ્વારા રૂા. ૨૦૬૭ કરોડ ખોયા છે, તો મહારાષ્ટ્રનો આંકડો રૂા. ૧૦,૨૫૪ કરોડ જેટલો છે. આ સમયગાળા દરમિયાન માંડ રૂા. ૮૨ કરોડ જેટલી રકમ જ પાછી મળી શકી છે. વારંવારની ચેતવણી છતાં લોકોની બેદરકારી સાથે જાગરૂકતાનો અભાવ છેતરાપિંડીમાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે. સાયબર અરેસ્ટ આમાં ઉમેરાયેલી લેટેસ્ટ રીત છે, જેના દ્વારા લોકો પાસેથી કરોડો રૂપિયા ખંખેરી લેવાયાના કિસ્સા બન્યા છે. હાલમાં જ ૫૮ વર્ષના એક બિઝનેસમૅનને ગઠિયાઓએ રૂા. ૫૮ કરોડનો ચૂનો ચોપડ્યો હતો.

**એવા મુંબઈ શહેરમાં જો આ પરિસ્થિતિ હોય તો નાનાં શહેરો કે કસબાઓમાં તો કેવી હાલત હશે, એનો માત્ર અંદાજ જ લગાડવો રહ્યો. રિઝર્વ બેન્ક ઓફ ઇન્ડિયા, પોલીસ તથા ખુદ વડા પ્રધાન નરેન્દ્ર મોદી પણ ઓનલાઈન ફ્રોડ, સાયબર છેતરાપિંડી અને ડિજિટલ અરેસ્ટ વિશે જાગરૂકતા માટે સતત પ્રયત્નશીલ છે**

### રાહુલ ગાંધીએ બ્રાઝિલિયન મોડેલનું નામ લીધું નહોતું પણ તેનું નામ લરીસા છે

# ભારતમાં નાગરિકતા માટે ચોક્કસ સિસ્ટમ જ નથી

### ભારતમાં નાગરિકતા મેળવવા માટેના નિયમો બનાવાયા છે પણ કોઈ પણ વ્યક્તિ ભારતની નાગરિક છે

કૉંગ્રેસના સાંસદ રાહુલ ગાંધીએ પ્રેસ-કોન્ફરન્સ કરીને ભારતમાં મોટા પાયે બોગસ મતદારો નોંધીને ભાજપે સત્તા કબજે કરવાનો કારસો અમલી બનાવ્યો હોવાનો આક્ષેપ કરી તેણે ખાસ્સી ચકચાર જગાવી છે. રાહુલે આક્ષેપ કરેલો કે, હરિયાણાની વિધાનસભા ચૂંટણીમાં એક બ્રાઝિલિયન મોડેલે સીમા, સ્વીટી અને સરસ્વતી નામે ૧૦ બૂથ પર ૨૨ વાર મતદાન કર્યું હતું. બીજી એક મહિલાએ એક વિધાનસભા મતવિસ્તારમાં ૧૦૦ વાર મતદાન કર્યું હતું અને આ રીતે હરિયાણામાં બોગસ ૨૫ લાખ મતો નંખાવીને ભાજપ ફરી સત્તા કબજે કરવામાં સફળ થઈ ગયો હતો.

રાહુલ ગાંધીએ બ્રાઝિલિયન મોડેલનું નામ લીધું નહોતું પણ તેનું નામ લરીસા છે. લરીસાનો ફોટો લગાવીને મતદાર યાદીમાં બોગસ મતદારો ઊભા કરી દેવાયેલા એવો રાહુલનો આક્ષેપ છે. રાહુલે ચૂંટણી કમિશનરને પણ જૂઠા ગણાવ્યા છે. મતદાર યાદીમાં શૂન્ય ઘર નંબર હોય એ લોકો બેઘર હોય છે એવો કમિશનરે દાવો કરેલો પણ રાહુલના કહેવા પ્રમાણે, શૂન્ય ઘર નંબર બેઘર નહીં પણ બોગસ મતદારો સાથે જોડાયેલો છે.રાહુલે પલવલ જિલ્લા પરિષદના ઉપપ્રમુખ એવા ભાજપના નેતા ઉમેશનું ઉદાહરણ પણ આપ્યું. ઉમેશના ઘર નંબર ૧૫૦માં ૬૬ મતદારો રહે છે, હોડાલમાં ઘર નંબર ૨૬૫માં ૫૦૧ મતદારો છે અને રાયમાં ઘર નંબર ૧૯૦૪માં ૧૦૮ મતદારો રહે છે એવો આક્ષેપ કરીને રાહુલે દાવો કર્યો કે, હરિયાણાની જેમ બિહારમાં પણ ઓપરેશન “સરકાર ચોરી” ચાલી રહી છે અને બોગસ મતદારોના જોરે ભાજપ સરકાર બનાવવાની ફિરાકમાં છે.રાહુલના આક્ષેપોની ચૂંટણી પંચ તપાસ કરવાનું નથી તેથી આક્ષેપોમાં કેટલો દમ છે એ ખબર નથી પણ તેના કારણે એક મહત્ત્વના મુદ્દા તરફ લોકોનું ધ્યાન ગયું છે. ભારતમાં બોગસ મતદારો સહિતના જે પણ આક્ષેપો થાય છે તેનું મૂળ કારણ ભારતના નાગરિક હોવાનું સાબિત કરવા માટેની ચોક્કસ સિસ્ટમનો અભાવ છે. ભારતમાં નાગરિકતા જુદી જુદી રીતે મળે છે પણ મોટા ભાગના નાગરિકોને જન્મથી નાગરિકતા મળે છે.ભારતના નાગરિકોના ઘરે જન્મનારું કોઈ પણ બાળક ભારતની નાગરિકતા માટે હકદાર છે. આ સિવાય વિદેશમાં રહેતા ભારતીય નાગરિકોનાં સંતાનો વિદેશમાં જન્મ્યાં હોય તો પણ ભારતીય નાગરિક ગણાય છે. એ સિવાય રજિસ્ટ્રેશન કે નેચરલાઈઝેશન દ્વારા પણ નાગરિકતા મળે છે.ભારતના સિટિઝનશીપ એક્ટ, ૧૯૫૫માં ભારતમાં ના જન્મી હોય એવી વ્યક્તિને નાગરિકતા મેળવવા માટેની લાયકાતો નક્કી કરાયેલી છે. આ લાયકાતો હોય તો રજિસ્ટ્રેશન કે નેચરલાઈઝેશનના રસ્તે ભારતની નાગરિકતા મેળવનારી વિદેશી વ્યક્તિએ અરજી કરવી પડે છે અને જરૂરી ધારાધોરણોનું પાલન થતું હોય તો તેમને ભારતની નાગરિકતા મળે છે.નરેન્દ્ર મોદી સરકારે સિટીઝનશીપ એમેન્ડમેન્ટ એક્ટ, ૨૦૧૯ હેઠળ ૩૧ ડિસેમ્બર, ૨૦૧૪ના રોજ અથવા તે પહેલાં ભારતમાં આવનારા પાકિસ્તાન, અફઘાનિસ્તાન અથવા બાંગ્લાદેશના હિન્દુ, શીખ, બૌદ્ધ, જૈન, પારસી અથવા ખ્રિસ્તી સમુદાયના લોકોને ભારતની નાગરિકતા આપવાનો કાયદો બનાવ્યો છે તેથી ભારતની નાગરિકતા મેળવવા માટેનો એક વધુ રસ્તો ખુલ્યો છે.ભારતમાં નાગરિકતા મેળવવા માટેના નિયમો બનાવાયા છે પણ કોઈ પણ વ્યક્તિ ભારતની નાગરિક છે જ એવું સાબિત કરવા માટેનો સર્વમાન્ય કોઈ દસ્તાવેજ નથી. કોઈ વ્યક્તિ ભારતની નાગરિક છે એવું સાબિત કરવા માટે જન્મના દાખલાથી માંડીને સ્કૂલ લિવિંગ સર્ટિફિકેટ સુધીના દસ્તાવેજોને માન્યતા અપાયેલી છે, પણ કોઈ ચોક્કસ દસ્તાવેજ નથી, કોઈ કાર્ડ નથી.ભારતની નાગરિકતા માટેના માન્યતાપ્રાપ્ત દસ્તાવેજોમાંથી કોઈ દસ્તાવેજ એવો નથી કે જે નકલી ના બનાવી શકાય. તમે ભારતમાં જ જન્મ્યા છો એવું સાબિત કરતું નકલી બર્થ સર્ટિફિકેટ બનાવી શકો ને પાસપોર્ટ સહિતનો બીજો ગમે તે દસ્તાવેજ બનાવી શકો છો, એ દસ્તાવેજના આધારે આધાર કાર્ડ, પાન કાર્ડ, ઈલેક્શન કાર્ડસહિતના કોઈ પણ કાર્ડ કઢાવી શકો છો ને તેના આધારે દેશના નાગરિકોને મળતા બધા અધિકારો ભોગવી શકો છો, બધી સહાય મેળવી શકો છો.ભારતમાં મતદાર બનવા ૧૮ વર્ષથી વધુ ઉંમર અને ભારતના નાગરિક હોવાનો પુરાવો જોઈએ તેથી ૧૮ વર્ષની થઈ હોય કે ના થઈ હોય એવી કોઈ પણ વ્યક્તિ પણ નકલી સર્ટિફિકેટના આધારે ભારતની મતદાર બની શકે છે.આપણે ખરી જરૂર આ સમસ્યાને જડમૂળથી નાબૂદ કરવાની છે અને દેશનું નાગરિકત્વ સાબિત કરતી એક સિસ્ટમ વિકસાવવાની છે. કોઈ વ્યક્તિ દેશની નાગરિક છે કે નહીં એ સાબિત કરવા માટે કોઈ કાર્ડ હોવું જોઈએ કે કોઈ સર્ટિફિકેટ હોવું જોઈએ. આ કાર્ડ કે સર્ટિફિકેટ હોય તે જ દેશનો નાગરિક ગણાય ને તેને જ મતદાર તરીકેનો અધિકાર મળે.બીજાં બધાં સર્ટિફિકેટ કે કાર્ડ સિટિઝન કાર્ડ કે સર્ટિફિકેટ સાથે જોડી દેવાય તો એ વ્યક્તિની આખી કરમ કુંડળી એક જ ઠેકાણે મળી જાય. આ વ્યક્તિનું નામ મતદાર યાદીમાં બે ઠેકાણે હશે તો પણ તરત ખબર પડી જશે તેથી કોઈ લોચાલબાચા જ નહીં થાય.કમનસીબી એ છે કે, ભારતમાં અત્યાર સુધી કોઈ સરકારને આવી સિસ્ટમ બનાવવાનું સૂઝ્યું જ નથી. સૂઝ્યું નહીં તેનું કારણ સૂઝનો અભાવ નહીં હોય પણ મતદાર યાદીમાં ગરબડ ગોટાળાના કારણે થતો રાજકીય ફાયદો હશે. કૉંગ્રેસના પગ તળે અત્યારે રેલો આવ્યો છે એટલે કૉંગ્રેસ બોગસ મતદારોની પારાયણ માંડીને બેસી ગઈ છે, પણ ભૂતકાળમાં કૉંગ્રેસે પણ આ સમસ્યાનો કાયમી ઉકેલવા કશું ના કર્યું એ વાસ્તવિકતા છે.કૉંગ્રેસના એકચક્રી શાસનના દિવસો વખતે કૉંગ્રેસે ઘણાં રાજ્યોમાં વિદેશી ઘૂસણખોરોનાં નામ મતદાર યાદીમાં ઘૂસાડી દીધેલાં એવા આક્ષેપો થાય જ છે એ જોતાં કૉંગ્રેસ પણ દૂધે ધોયેલી નથી જ. ખેર, કોણે શું કર્યું એની વાતો કોઠીમાંથી કાદવ કાઢવા સિવાય બીજું કંઈ નથી તેથી એ વાત બાજુ પર મૂકીએ, પણ હવે જાગ્યા ત્યારથી સવાર સમજીને આ ક્વાયત કરાય તો પણ ઘણું છે.મોદી સરકારે થોડાં વરસો પહેલાં સિટીઝન ચાર્ટરનો ઉપાડો લીધેલો પણ તેની સામે રાજકીય વિરોધ થતાં પછી આખી વાત અભરાઈ પર ચડાવી દેવાયેલી. મોદી સરકારે સિટીઝન ચાર્ટરનો અમલ કરીને દેશના નાગરિકોનો રેકોર્ડ રાખવો જ જોઈએ કે જેથી દેશના સાચા નાગરિકો કોણ છે અને ગરબડ કરીને કોણ નાગરિક બન્યા છે તેની ખબર પડશે. તેના કારણે મતદાર નોંધણીની પ્રક્રિયા પણ સરળ બનશે કેમ કે દેશમાં જન્મેલી છોકરી હોય કે છોકરો, ૧૮ વર્ષનાં થતાં જ આપોઆપ નાગરિક બની જશે.બીજી રીતે નાગરિકતા મેળવનારાંનો રેકોર્ડ પણ ચાર્ટરમાં હશે જ તેથી ક્યા વિદેશી ખોટી રીતે મતદાર બની ગયા છે એ શોધવા સ્પેશિયલ ઈન્ટેન્સિવ રીવિઝન જેવાં તૂત કરીને સરકારી નાણાંનો ધુમાડો નહીં કરવા પડે ને મતદાર યાદીઓની વિશ્વસનીયતા પણ જળવાશે.

### પગમાં થતી કપાસી અટકાવવા ચામડીને ઘસારો ન લાગે તેવા નરમ ચપ્પલનો ઉપયોગ કરવો.

# શરીરને પજવતા ચામડીના હઠીલા રોગ

- એક ડોલ પાણીમાં એક લીંબુ નીચોવી તેનાથી સ્નાન કરવાથી ચામડી સ્વચ્છ બને છે.લીમડાના પાન પાણીમાં ઉકાળી તેનાથી સ્નાન કરવાથી ગૂમડાં તથા બીજા ચામડીનાં દર્દો મટે છે.

ચામડી એ આપણા શરીરનું સહુથી મોટામાં મોટું અંગ છે. તે શરીરના હાડકાં, સ્નાયુઓ તેમ જ આંતરિક અંગોનું રક્ષણ કરવાનું મહત્ત્વનું કાર્ય કરે છે. તેમ જ ચામડી શરીરને બાહ્ય ચેપી વાતાવરણથી બચાવે છે અને શરીરની ઠંડી અને ગરમી સામે યોગ્ય રીતે રક્ષણ આપી શરીરના તાપમાનને સંતુલિત રાખે છે.આમ ચામડી એ આપણા શરીરનું સહુથી બહારનું આવરણ છે, આથી એ બાહ્ય વાતાવરણના સીધા સંપર્કમાં સતત રહે છે. માટે ચામડીની સફાઇ યોગ્ય રીતે રાખવામાં આવે તો ચામડીને લગતા અનેક રોગ થઇ શકે છે. તેમ જ ચામડી આપણને સુંદરતા પ્રદાન કરે છે અને ચામડી આપણા શરીરના સ્વાસ્થ્ય માટે એક મહત્ત્વનો ભાગ ભજવે છે. તેથી ચામડીના રોગ ન થાય તેની આપણે અવશ્ય સાવધાની રાખવી જોઈએ.કુદરતની ગોઠવણ પ્રમાણે આપણે ચામડી ૩૦થી ૪૦ હજાર કોષો દર મિનિટે નાશ પામે છે. તેમ જ દર ૨૮ દિવસે આપણી ચામડી સંપૂર્ણ બદલાઇ જાય છે. આમ ચામડી શરીરને સ્વસ્થ રાખવા સતત પોતાનું કાર્ય કરતી રહે છે, પરંતુ આજના યુગમાં વધુ સુંદર દેખાવાના ગાંડપણમાં આપણે સાબુ, લોશન, શેમ્પૂ જેવા વિવિધ કોસ્મેટિક્સનો વધુ પડતો બિનજરૂરી ઉપયોગ કરીને ચામડીના તે કાર્યમાં વિક્ષેપ કરીએ છીએ, પરંતુ ઘણીવાર તો તે પદાર્થો જ ચામડીના અનેક રોગને આમંત્રણ આપે છે.એક શકયતા એવી પણ છે કે, જે વ્યક્તિઓને વધુ સુંદર દેખાવાની ઘેલછા હોય છે તેમને ચામડીના રોગ થવાની સંભાવના વધારે છે. ભગવાને આપણને સુંદરતા આપેલી જ છે તો શું વધુ સુંદર દેખાવાની ઘેલછામાં રોગને આમંત્રણ આપવું તે ખરેખર ડહાપણ કહેવાય?

ચામડી પર થતા કાળા ડાઘને અટકાવવા વધુ તડકામાં ફરવાનું ટાળવું.ચામડીમાં થતી એલર્જી તથા વાઢિયાને અટકાવવા સાબુ ડિટર્જન્ટવાળા પાણીમાં હાથ-પગ બહુ ન પલાવવા.દાદર જેવી તકલીફમાં દર્દીએ હલકાં તથા ખુલ્લાં વસ્ત્રો પહેરવાં. દિવસમાં બે વાર જંતુનાશક સાબુથી વ્યવસ્થિત સ્નાન કરવું. તેથી પરસેવો ઓછો થવાથી તકલીફ ઓછી થાય.ચામડીમાં થતા ખસ, દાદર વગેરે જેવા ચેપી રોગને ફેલાતા અટકાવવા દર્દી માટે નાહવાના સાબુ, રૂમાલ તથા અન્ય વસ્ત્રો વગેરે અલગ રાખવા. તથા તેને યોગ્ય રીતે ગરમ પાણીથી સ્વચ્છ કર્યા પછી જ ફરી વાપરવાં.

પગમાં થતી કપાસી અટકાવવા ચામડીને ઘસારો ન લાગે તેવા નરમ ચપ્પલનો ઉપયોગ કરવો.પગમાં થયેલા વાઢિયાને આરામ આપવા વાઢિયાવાળા ભાગને હૂંફાળા પાણીમાં થોડીવાર ડૂબાડી રાખવો. ત્યારબાદ પગને પાણીમાંથી બહાર કાઢી, હળવા હાથે રૂમાલ વડે તેના ઉપરથી નીતરતું પાણી લૂછી લઇને, કોપરેલ કે ઘી જેવા તૈલી પદાર્થો ત્યાં ઘસવા.

ખીલને થતા અટકાવવા દિવેલથી બેથી ત્રણ વાર ચહેરાને વ્યવસ્થિત રીતે સ્વચ્છ કરવો. પરસેવા તથા ધૂળથી બચવું.

નિયમિત લાલ પાંદડાવાળા શાકભાજી તથા ફળફળાદિ યોગ્યમાત્રામાં લેવાથી ચામડીને યોગ્ય પોષણ મળી શકે છે.ચામડીના રોગથી બચવા તૈલી, વધુ ગરમ, ખાટાં, ખારા અને વધુ તીખા પદાર્થો ન લેવા. તેમ જ વિરુદ્ધ આહારનું સેવન ચામડીના રોગનું મૂળ છે.ચામડીના રોગના દર્દીઓએ કબજિયાત ન થાય તેની સાવધાની ખાસ રાખવી.રોજ ૧૫થી ૨૦ મિનિટ માટે પ્રાતઃકાળનો સામાન્ય તડકો ચામડી માટે ખૂબ જ ફાયદાકાર ક છે. જયારે વધુ પડતો તીખો તડકો ચામડીને ખૂબ જ નુકસાનકારક છે.ત્વચાના વિકારોની જો વધુ સમસ્યા હોય તો દર્દીએ ચિકિત્સકના માર્ગદર્શન અનુસાર માત્ર ગરમ પાણી પર રહી અમુક (૫-૭) ઉપવાસો કરવા.જો ગરમીના દોષથી ત્વચાની બીમારી થાય તો આહારમાં ઘી, દૂધ, માખણ, ઘઉં, ચોખા, દૂધી, પરવળ, તૂરિયાં, કેળાં, સફરજન, કાકડી જેવા સાત્ત્વિક પદાર્થ લેવાં.જો કફદોષથી ત્વચાના વિકાર થયા હોય તો આહારમાં મરી, આદું, મેથી, રાઈ, રિંગણા, સરગવો, બાજરી, ચણાનો લોટ જેવાં સૂકા, ગરમ તથા મસાલેદાર પદાર્થો લેવાં.કડું અને કરિયાતું સરખા વજનમાં લઈને મેળવી ચૂર્ણ કરવું, સવારે અને રાત્રે એક ચમચી ચૂર્ણ ફાકીને પાણી પીવું. આ ઉપચારથી ચામડીના મોટા ભાગના રોગ દૂર થઈ શકે છે.

ગૂમડાંઃ

૧) દરરોજ સવારે લીમડાનાં પાનનો રસ પીવાથી પેટ સાફ આવે છે અને ગૂમડાં થતાં નથી ને થયેલા હોય તો તે મટી જાય છે.

૨) લીમડાના પાંદડાને વાટીને લેપ બનાવી ગૂમડાં પર લગાડવો.

૩) આવળાને વાટીને તેનો લેપ ગૂમડાં પર લગાડવાથી ગૂમડૂં પાકીને ફૂટી જાય છે.

૪) ઘઉંના લોટમાં હળદર અને મીઠું નાખી પોટલી બનાવી ગૂમડાં પર બાંધવાથી ગૂમડું પાકીને ફૂટી જાય છે.

૫) ગૂમડાં પર માખણ લગાડી રૂનો પાટો બાંધી રાખવાથી ગૂમડું ફૂટી જાય છે.

૬ ) સરગવાની છાલ ઘસીને ચોપડવાથી ગૂમડું બેસી જાય છે.

૭ ) પાલક અથવા તાંદળજાના પાનનો લેપ બનાવી ગૂમડાં પર બાંધવાથી ગૂમડું પાકી જાય છે. ૮ ) ગાજરને બાફી તેનો લેપ બાંધવાથી ગૂમડાં મટી જાય છે. ૯) હળદરની રાખ અને ચૂનો ભેગો કરી લેપ કરવાથી ગૂમડૂં ફૂટી જાય છે. ચામડીને સ્વચ્છ, સુંવાળી અને ચમકીલી કઈ રીતે રાખશો ૫ કારેલાંનાં પાનનો રસ ચામડી ઉપર ચોપડવાથી ચામડી સંબંધી કોઈ પણ જૂના રોગ મટે છે. દૂધમાં લીંબુનો રસ મેળવી સવાર-સાંજ ચહેરા પર માલિશ કરવાથી ત્વચા ઊજળી અને ગોરી બને છે.રસ કાઢી લીધેલા લીંબુના ફાડિયા ચહેરા પર ઘસવાથી ત્વચાની કાળાશ દૂર થાય છે. ચણાના લોટમાં પાણી અને થોડું ઘી મેળવી શરીર પર અને મોઢા પર માલિશ કરવાથી ત્વચા સ્વચ્છ અને ગોરી બને છે.

તલના તેલને સહેજ ગરમ કરી રોજ માલિશ કરવાથી ચામડી ચમકવાળી બને છે. કાકડીનો રસ ચોપડવાથી ચામડી સ્વચ્છ અને ચમકવાળી બને છે.ગ્લિસરિન, ગુલાબજળ અને લીંબુનો રસ સરખે ભાગે લઈ તેનું માલિશ કરવાથી ચામડી સુંવાળી બને છે. મૂળાના રસમાં થોડું દહીં મેળવી ચહેરા પર લગાડવાથી ચામડી સ્વચ્છ બને છે.૧ ચમચી બદામનો પાઉડર, ૧ ચમચી ચંદન, ૧ ચમચી હળદર અને અડધી ચમચી મધને ભેગું કરી રોજ ૩૦ મિનિટ સુધી મોઢા પર લગાવીને ધોઈ નાખવાથી ચામડી પરની કરચલી દૂર થાય છે.

### શ્રદ્ધા શબ્દ શ્રત+ધા થકી નિર્ધારિત થયો છે.

# મનન -શાશ્વત શ્રદ્ધા અર્થાત્ ભક્તિ

**શ્રદ્ધા આંતરિક બળ આપે જેનાથી દરેક પ્રકારની નકારાત્મક બાહ્ય પરિસ્થિતિથી રક્ષણ મળતું રહે અને ધૈર્ય તેમ જ સહનશીલતા જળવાઈ રહે. શ્રદ્ધાને કારણે જ વિવેક તેમજ સંયમ પણ ટકી રહે.**

ભક્તિનો આધાર શ્રદ્ધા છે. શ્રદ્ધા વિના ભક્તિ સંભવ નથી. ઈશ્વર છે, સર્વ શક્તિમાન છે, સમગ્ર સૃષ્ટિનો સર્જક છે, તટસ્થ તથા ન્યાયી છે, સત્ય અને ધર્મનો આગ્રહી છે, નિત્ય અખંડ અનંત અનાદિ છે — આ પ્રમાણેની શ્રદ્ધા હોય તો જ ભક્તિમાં આગળ વધી શકાય. ભક્તિ એ માત્ર ક્રિયા નથી એ તો અંતઃકરણમાં પ્રગટેલી સાત્વિક, શુદ્ધ અને પવિત્ર ભાવના છે. આ ભાવના ત્યારે જ જાગ્રત થઈ શકે જ્યારે સંપૂર્ણ શ્રદ્ધામાં સંપૂર્ણ અસ્તિત્વ ડૂબેલું હોય.

શ્રદ્ધા શબ્દ શ્રત+ધા થકી નિર્ધારિત થયો છે. શ્રત એટલે સત્ય — વિશ્વાસ અને ધા એટલે સ્થાપિત કરવું. મનમાં સત્યને, ધર્મને, ઈશ્વરને સ્થાપિત કરવાની પ્રક્રિયા એટલે શ્રદ્ધા. શ્રદ્ધા એટલે એક વિશેષ પ્રકારનો અડગ વિશ્વાસ, ચોક્કસ પ્રકારની ધારણાનો પૂર્ણ સ્વીકાર તથા સત્ય સ્વરૂપ ઈશ્વરના અસ્તિત્વ માટેની સંપૂર્ણ સ્વીકૃતિ. શ્રદ્ધા એટલે ગુરુદેવના આદેશ, ધર્મશાસ્ત્રની વાતો, શાસ્ત્રીય ધાર્મિક પરંપરા તથા તપ અને સાધના જેવી બાબતો માટે સંપૂર્ણ ખાતરી. એમ પણ કહી શકાય કે શ્રદ્ધા એટલે કર્મફળનાં સિદ્ધાંત વિશે સંશયનો સંપૂર્ણ અભાવ.

ભક્તિમાં શ્રદ્ધા એટલા માટે આવશ્યક છે કારણકે શ્રદ્ધાથી ભક્તિ માટે પ્રેરણા મળે, ધૈર્ય ટકી રહે, વિશ્વાસ જળવાય, શંકાની સંભાવના ન રહે, જે તે પ્રકારની સ્થિરતા જળવાઈ રહે, મનનો ભટકાવ અટકે, એક પ્રકારનો ઊર્જાયુક્ત ઉત્સાહ ટકી રહે, સંકટના સમયે પણ નિરાશા પ્રવેશી ન શકે અને અંતિમ લક્ષ્ય સિદ્ધ થવા માટેનો વિશ્વાસ ડગે નહીં. દરેક પરિસ્થિતિમાં શ્રદ્ધા ટકી રહેવી જોઈએ. પરિસ્થિતિ અનુકૂળ હોય કે પ્રતિકૂળ, શ્રદ્ધા જરા પણ વિક્ષેપિત ન થવી જોઈએ.

શ્રદ્ધા અડગ હોવી જોઈએ. શ્રદ્ધા પાછળનો ભાવ સાત્વિક, પવિત્ર અને આધ્યાત્મિક હોવો જોઈએ. આમ પણ ઈશ્વરની ભક્તિ સ્વાર્થ, લાલચ, ભય, કપટ, અધર્મ, અસત્ય જેવી નકારાત્મક બાબત માટે ન કરી શકાય. આ બધી બાબતો સામાન્ય માનવી પણ સિદ્ધ કરી શકે. ઈશ્વર પ્રત્યેની શ્રદ્ધા અને તેનાથી સ્થાપિત થતી અપેક્ષા સંપૂર્ણતામાં શુદ્ધ હોવી જોઈએ. એમ કહેવાય છે કે જિજ્ઞાસા શ્રદ્ધામાં મદદરૂપ થઈ શકે. પરંતુ જિજ્ઞાસા અને શ્રદ્ધા બે ભિન્ન વિસ્તાર છે. જિજ્ઞાસા હેતુલક્ષી હોઈ શકે જ્યારે શ્રદ્ધાએ સમર્પિતતાનો ભાવ છે. અહીં અંધશ્રદ્ધાની વાત કરવી યોગ્ય નથી જણાતી.

શ્રદ્ધા એ મનનો અડગ વિશ્વાસ છે જે ભક્તિના બીજ રૂપે અસ્તિત્વ ધરાવે છે. શ્રદ્ધાને કારણે ભગવાન પ્રત્યે પ્રેમ, સેવા, સમર્પણ, નિષ્ઠા તથા ભક્તિ અસ્તિત્વમાં આવે. જો શ્રદ્ધા ન હોય તો આમાનું કશું જ શક્ય ન બને. શ્રદ્ધાએ આંતરિક શક્તિ છે જેને કારણે ભક્તિમય વ્યવહાર શક્ય બને. શ્રદ્ધા એ આત્મા છે તો ભક્તિ તેનું સાકાર સ્વરૂપ છે. શ્રદ્ધા વિના ભક્તિ નિર્જીવ બની જાય. શ્રદ્ધા હોય તો જ ભક્તિ ફૂલે-ફાલે. શ્રદ્ધા એ શરૂઆત છે અને ભક્તિ એ પરિણામ છે. સામાન્ય ભાષામાં કહીએ તો, ખેડૂત જ્યારે બીજ વાવે ત્યારે તેની પાછળ શ્રદ્ધા હોય. આગળ જતાં તે બીજને ખાતર-પાણી આપી પોષે તેને તેને ભક્તિ કહેવાય.

આંખોમાં હજી કેટલુંય જળ છે, રુદિયે ખીલેલું આત્મ-કમળ છે;
તું પણ કરી લે પારખાં ભક્તિનાં, જો, ચારે બાજુ શ્રદ્ધા જ અફર છે.

શ્રદ્ધાથી આધ્યાત્મિક અનુભવ સુધીનો આધ્યાત્મિક વિકાસ રસપ્રદ છે. શ્રદ્ધાથી શરૂ કરીને અંતિમ સત્યની અનુભૂતિનો માર્ગ રોમાંચિત કરી દેનારો છે. શ્રદ્ધાને કારણે જ અંતિમ સત્ય સુધી પહોંચવા માટે ઈચ્છા થાય, અંતિમ સત્ય સુધી પહોંચી શકાશે તેવો વિશ્વાસ જાગ્રત થાય. શ્રદ્ધાના પ્રકાશમાં રસ્તો પ્રશસ્ત થતો જાય. માર્ગમાં સકારાત્મક અનુભૂતિ ન થાય કે માર્ગમાં કોઈ અડચણ આવી પડે તો પણ માર્ગનો ત્યાગ કરવાની ઈચ્છા ન જાગે. અડગ વિશ્વાસથી પ્રાર્થના, ધ્યાન, જપ, સેવા, સ્વાધ્યાય, ભજન, કીર્તન ચાલુ રહે.

શ્રદ્ધા આંતરિક બળ આપે જેનાથી દરેક પ્રકારની નકારાત્મક બાહ્ય પરિસ્થિતિથી રક્ષણ મળતું રહે અને ધૈર્ય તેમ જ સહનશીલતા જળવાઈ રહે. શ્રદ્ધાને કારણે જ વિવેક તેમજ સંયમ પણ ટકી રહે. જેમ જેમ ભક્તિ દ્રઢ થતી જાય તેમ તેમ સત્ય સ્વરૂપ ઈશ્વરની અનુભૂતિની સંભાવના વધતી જાય. અંતિમ તબક્કામાં ક્યાંક ઈશ્વર કઠિન પરીક્ષા પણ લે, તે સમયે શ્રદ્ધાનો ટેકો ખૂબ જરૂરી ગણાય. ધીમે ધીમે પરિસ્થિતિ પૂર્ણ સમર્પણ સુધી પહોંચી જાય અને પછી ઈશ્વરે પણ કૃપા કર્યા સિવાય કોઈ છૂટકો ન હોય. પછી તો ઈશ્વર અને ભક્ત વચ્ચેનો ભેદ પણ નાશ પામે અને કૃપાની આવશ્યકતા પણ ન રહે. શ્રદ્ધાને આધારે સ્થાપિત થયેલી ભક્તિથી આ પ્રમાણે પરમ સ્થિતિ પ્રાપ્ત થઈ શકે.

શબરીને ગુરુદેવના વચન પર શ્રદ્ધા હતી. આ શ્રદ્ધાને આધારે જ શ્રીરામની તેમણે વર્ષો સુધી પ્રતીક્ષા કરી. અંતે શ્રીરામે તેમને દર્શન પણ આપેલાં અને તેમના એંઠા બોર પણ ખાધાં હતાં. અનેક પ્રકારનો સામાજિક તેમ જ કૌટુંબિક વિરોધ હોવા છતાં પણ શ્રદ્ધાને કારણે મીરાંબાઈ શ્રીકૃષ્ણ પ્રત્યેના પ્રેમમાં અડગ રહ્યાં હતાં અને અંતે ઈશ્વરમાં લીન થયાં હતાં. પોતાના પિતાના અપાર અત્યાચાર છતાપણ પ્રહલાદે ઈશ્વર-સ્મરણનો ત્યાગ નહતો કર્યો.

તેમની અપાર શ્રદ્ધાને કારણે જ વિષ્ણુ ભગવાને અન્યાય અને અધર્મના નાશ માટે નરસિંહ અવતાર ધારણ કરી પ્રહલાદની રક્ષા કરી હતી. માતાની પ્રેરણાથી ધ્રુવે શ્રદ્ધાપૂર્વક કઠિન તપ કરી ઈશ્વરને પ્રસન્ન કર્યા હતા. શ્રીકૃષ્ણ પ્રત્યેની પ્રેમમય શ્રદ્ધાને કારણે ગોપીઓએ શ્રીકૃષ્ણની લીલા સંપૂર્ણ સામીપ્યમાં માણી હતી. શ્રદ્ધાને કારણે જ રાજા અંબરીષને દુર્વાસા ઋષિના શ્રાપથી રક્ષણ મળ્યું હતું. શ્રદ્ધા એ જ પૂર્ણ-સ્થિતિ તરફની શરૂઆત છે. તેથી જ તો ગીતામાં પણ જણાવાયું છે કે ‘શ્રદ્ધાવાનને જ જ્ઞાન મળે’. આ જ્ઞાન ભક્તિનું પહેલું ચરણ ગણી શકાય. અવિચલ શાંતિ, સંપૂર્ણ આનંદ, સ્વયંની સ્થિતિમાં સ્થિતિ, ઈશ્વર સાથેનું ઐક્ય તથા જન્મ મરણના બંધનની મુક્તિ માટે તે પરમ સત્ય પ્રત્યેની શ્રદ્ધા અતિ આવશ્યક છે.




# દૂરદર્શનનો લોકપ્રિય શો 'રજની' નવા અવતારમાં પાછો ફરશે

ગંભીર અને લાગણીસભર રોલ માટે જાણીતી એક્ટ્રેસ આરાધના શર્મા ભારતીય ટેલિવિઝનની દુનિયાનો યાદગાર રોલ ફરી એક વખત નવા રંગરૂપ સાથે રજૂ કરશે. દૂરદર્શન જ્યારે નવું નવું શરૂ થયું હતું ત્યારે લગભગ ચાલીસ વર્ષ પહેલાં 'રજની' સિરીયલ આવતી હતી. જાણીતા અભિનેત્રી પ્રિયા તેંડુલકરે નિભાવેલા રોલથી ટીવીની દુનિયામાં મહિલાઓના પ્રતિનિધિત્વને નવી વ્યાખ્યા મળી હતી. ૧૯૮૫માં તેણે એક બહાદુર નારીનો રોલ કર્યો હતો. હવે આ શો રજની ૨.૦ નામથી પાછો ફરશે, જેમાં આરાધના પ્રિયાની દિકરી તરીકે તેના વારસાને આગળ વધારશે. પહેલો શો માત્ર એક શો નહી પણ ટીવી પર એક ઝુંબેશ બની ગઈ હતી. પ્રિયા તેંડુલકરનું પાત્ર બહાદુરી દૃઢ નિશ્ચયનું પ્રતિક બની ગયું હતું અને તેણે અનેક દર્શકોને પ્રેરણા આપી હતી. રજની ૨.૦ એ જ જુસ્સો પાછો લાવવા માગે છે. તે એક બહાદુર સામાજિક કાર્યકરના રોલમાં જોવા મળશે. આરાધનાએ કહ્યું હતું કે તે આ યાદગાર રોલને પુનર્જિવીત કરતાં ગૌરવ અને આનંદ અનુભવે છે, કે તેને એવો રોલ કરવા મળ્યો જે પ્રિયા તેંડુલકરે સુંદર અને મજબુત રીતે જીવંત કર્યો હતો. મારી પ્રિયા મેમ સાથે સરખામણી થાય તે બાબત મને ખુબ સ્પર્શી જતી હતી. હું એ બાવના શબ્દોમાં

વ્યક્ત કરી શકું તેમ નથી. તેના માટે આ રોલ કરવો એ એક સર્જનાત્મક અને લાગણીસભર સફર રહી છે.

# દીપિકા મારી સાથે છે, તો પ્રેમ તો ચોક્કસ થવાનોઃશાહરુખ ખાન

## 'કિંગ'માં દીપિકા અને શાહરુખની રોમેન્ટિક જોડી ફરી જોવા મળશે

પોતાના ૬૦મા જન્મદિવસે શાહરુખ ખાને તેના ફેન્સને 'કિંગ'ની પહેલી ઝલક આપીને ખુશ કરી દીધા છે. તેઓ હવે ફિલ્મની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. આ દિવસે શાહરુખ ખાને એક ઓડિટોરિયમમાં પોતાના ફેન્સ સાથે મુલાકાત કરીને તેમની સાથે વાતો કરીને પણ ફેન્સને ખુશ કરી દીધાં હતાં. આ કાર્યક્રમમાં તેણે ફિલ્મ વિશે કેટલીક માહિતી જાહેર કરી દીધી હતી. તેણે કહ્યું હતું કે મોટા પડદે ફરી એક વખત શાહરુખ અને દીપિકા વચ્ચે રોમેન્સ જોવા મળશે.

શાહરુખે આ ઈવેન્ટમાં 'કિંગ'નું થીમ મ્યુઝિક લોંચ કર્યું હતું પણ ફિલ્મની વાર્તા જાહેર કરવાનું ટાળ્યું હતું. તેણે કહ્યું, "કિંગની સ્ટોપી વિશે હું તમને કંઈ ખાસ કહી શકીશ નહીં. એક વખત વધુ ઝલક રજૂ કરીએ, એટલે તમને ફિલ્મ વિશે વધુ ખ્યાલ આવશે. ફિલ્મમાં કેટલાંક પાત્રો છે. ફિલ્મ પાછળનો વિચાર એવો છે કે જ્યારે આપણે બાબતોને વધુ મન પર લઈએ ત્યારે આપણે જીવનમાં મોટાં નિર્ણય લઈ લઈએ છીએ. પરંતુ આપણે વિચારવું જોઈએ કે આપણે કરીએ છીએ તે સાચું છે કે નહી."

સાથે ફિલ્મમાં દીપિકા સાથે રોમેન્સ અંગે વાત કરતા શાહરુખે કહ્યું, "અમે કિંગમાં કોઈ એક પક્ષની તરફેણ કરતા નથી. જો તમને અમારો વિચાર ગમે તો તેને અનુસરો. નહીં તો ખરાબ કરતા રહેજો. મારી સાથે ફિલ્મમાં દીપિકા પણ છે. તો પ્રેમ તો ચોક્કસ થશે." દીપિકાએ પોતાની કેરિઅરની શરુઆત જ શાહરુખ સાથે ૨૦૦૭માં ઓમ શાંતિ ઓમ ફિલ્મથી કરી હતી. પછી તેઓ હેપ્પી ન્યુ યર, ચેન્નઈ એક્સપ્રેસ, પઠાણ અને જવાનમાં પણ સાથે જોવા મળ્યાં હતાં. તેમની જોડીને દર્શકોનો ભરપુર પ્રેમ મળ્યો છે.

કિંગમાં એક્શન અવતાર વિશે શાહરુખે કહ્યું, "મેં ક્યારેય માસી હિરો ફિલ્મ કરી જ નથી – કદાચ કરણ અર્જૂન અને બાઝીગરમાં નકારાત્મક ભૂમિકા હતી. જોકે, મને સિદ્ધાર્થે આ ફિલ્મમાં પાત્રમાં જે કરવાનું કહ્યું એ મેં કર્યું છે. તેથી જ મને જવાનમાં પણ મદદ મળી હતી. અમે બંને ૨-૩ વર્ષથી સાથે કામ કરીએ છીએ તેથી અમે હવે મિત્રો બની ગયા છીએ. એ ફિલ્મને બહુ સુંદર બનાવે છે."

શાહરુખની આ ફિલ્મમાં અભય વર્મા, અર્શદ વારસી, અભિષેક બચ્ચન, જયદીપ આહલાવત, રાઘવ જુયાલ ઉપરાંત રાની મુખર્જી, અનિલ કપૂર, જેકી શ્રોફ, સૌરભ શુક્લા, અક્ષય ઓબેરોય અને કરનવીર મલ્હોત્રા પણ છે. આ ફિલ્માં સુહાના ખાન પણ છે.


### ૩ બાળકોને મોંઘી કોલેજમાં મોકલવા માટે યૂટ્યુબનું કામ શરૂ કરવું પડ્યું

ફરાહે કહ્યું, શિક્ષણ અતિશય મોંઘું થઈ ગયું છેફરાહ ખાને એક કોરિયોગ્રાફર તરીકે કેરિઅરની શરૂઆત કરી હતી, પછી તે ફિલ્મ ડિરેક્ટર બની અને હવે તે એક યૂટ્યુબર બની છે. તે પોતાના કૂક દીલિપ સાથે વિવિધ સેલેબ્રિટીના ઘેર જઈને અલગ અલગ વાનગીઓ બનાવે છે અને તેમને ત્યાં પોતે બનાવેલી વાનગીઓ પણ લઈને જાય છે. તાજેતરમાં ફરાહ ખાન કાજોલ અને ટ્વિંકલના ઓટીટી શો પર આવી હતી. તેણે પોતાની યૂટ્યુબ સફર વિશે આ શો પર વાત કરી હતી.

ફરાહે કહ્યું તે તેની પાસે કોઈ ફિલ્મ નહોતી અને તે કશું ડિરેક્ટ પણ કરતી નહોતી. તેથી તેણે નક્કી કર્યું કે તે યૂટ્યુબમાં કન્ટેન્ટ બનાવવાની કોશિશ કરશે. ફરાહે કબુલ્યું કે તેણે ત્રણ બાળકોને કોલેજમાં ભણાવવાના છે અને શિક્ષણ બહુ જ મોંઘું છે. તેથી આ પડકારને પહોંચી વળવા તેણે આ વિકલ્પ અપનાવ્યો. ફરાહે કહ્યું, "ત્યારે હું કોઈ ફિલ્મ પણ કરતી નહોતી, હું કશું ડિરેક્ટ પણ કરતી નહોતી, મને થયું ચલો યૂટ્યુબ કરીએ. મારે ત્રણ બાળકો પણ છે, જેને આવતા વર્ષે યુનિવર્સિટી મોકલવાના છે અને તે અતિશય મોંઘું છે. તેથી મને થયું થોડાં પરિવર્તન માટે મેં યૂટ્યુબ પર શો શરૂ કર્યો અને એ ચાલી ગયો."

ફરાહે એમ પણ કહ્યું કે તે આજીવન કામ કરતી રહેવા માગે છે. તેણે કહ્યું, "તમારું જીવન અન્ય વ્યક્તિની આસપાસ ન ફરવું જોઈએ. મને લાગે છે, તમને તમારી અંદરથી કે તમારા કામથી આનંદ મળવો જોઈએ. મને લાગે છે હું તો ૮૦ વર્ષની થઉં ત્યાં સુધી કામ કરવા માગુ છું કારણ કે મારું કામ મારા દેખાવ પર કે મારા શરીર પર આધારીત રહ્યું જ નથી."






# બાહુબલીઃ ધ એપિકને અઠવાડિયામાં સૌથી વધુ ૩૭ કરોડની કમાણી

'બાહુબલીઃધ એપિક' ફરી રિલીઝ થઈ પછી પહેલાં વીકેન્ડમાં ભારતમાં આ ફિલ્મે ૨૭ કરોડની કમાણી કરી છે, જ્યારે વિદેશોમાંથી ફિલ્મને ૧૦ કરોડની આવક થઈ છે. આમ વર્લ્ડવાઈડ આ ફિલ્મે લગભગ ૩૭ કરોડની કમાણી કરી લીધી છે. આ પહેલાં પહેલાં અઠવાડિયે 'સનમ તેરી કસમ'ની રી રિલીઝનો વર્લ્ડ વાઈડ ૧૯ કરોડનો રેકોર્ડ હતો. જોકે, આ ફિલ્મ વિદેશમાં રિલીઝ થઈ નહોતી તેથી આ ફિલ્મનો વિદેશમાં કોઈ બિઝનેસ નહોતો.

જો 'બાહુબલીઃ ધ એપિક'ની વાત કરવામાં આવે તો તેની સૌથી વધુ કમાણી મૂળ તેલુગુ ફિલ્મમાંથી થઈ છે, જ્યારે હિન્દી અને તમિલ ડબ્ડ વર્ઝનમાંથી કમાણી સામાન્ય જ રહી છે. તેલેગુ વર્ઝનમાંથી બાહુબલીને ૧૫ કરોડની કમાણી થઈ છે. પરંતુ પહેલા દિવસ પછી તેની કમાણી ઘટતી રહી હતી. શનિવારે ૮ કરોડ અને રવિવારે ફિલ્મે તેનાં અડધાંથી પણ ઓછી એટલે કે ૩ કરોડની જ કમાણી કરી હતી. તેમ છતાં અન્ય તેલુગુ રિરીલીઝ કરતાં આ કમાણી વધારે જ છે. કારણ કે અન્ય ફિલ્મ રિરીલીઝ વખતે એકાદ દિવસ ચાલે છે, જ્યારે આ ફિલ્મ વીકેન્ડમાં પણ સારી ચાલી છે. જોકે, રીલીઝના પહેલાં અઠવાડિયા પછી કમાણીમાં ઘણો ઘટાડો થયો છે. છતાં આ ફિલ્મ 'સનમ તેરી કસમ'ની ૪૦ કરોડની કમાણીને વટાવી શકશે કે નહીં , તે હજુ સ્પષ્ટ નથી.

'બાહુબલીઃ ધ એપિક'ની રાજ્યદીઠ કમાણી

આંધ્રપ્રદેશ/તેલંગણા – ૧૫.૧૦ કરો
નિઝામ – ૮.૫૦ કરોડ
સેડેડ – ૧.૬૦ કરોડ
આંધ્ર – ૫.૫ કરોડ
કર્ણાટક – ૩.૪૦ કરોડ
તમિલનાડુ/ કેરળ – ૩ કરોડ
અન્ય રાજ્યો – ૫.૨૫ કરોડ
અમેરિકા – ૭૫૦,૦૦૦ ડોલર
અન્ય દેશો – ૪૦૦, ૦૦૦ ડોલર
કુલ – ૩૭.૦૦ કરોડ





# રિતેશ દેશમુખની 'રાજા શિવાજી'માં સલમાન જીવા મહાલાનો રોલ કરશે

સલમાન ખાન રિતેશ દેશમુખની ઐતિહાસિક ફિલ્મ 'રાજા શિવાજી'માં મહત્વનો રોલ કરવા જઈ રહ્યો છે. આ ફિલ્મમાં સલમાન ખાન જીવા મહાલાનો રોલ કરશે, જેઓ એક વીર અને વફાદાર યોદ્ધા હતા. તેઓ છત્રપતિ શિવાજી મહારાજના સૌથી વિશ્વાસુ સભ્યમાંના એક હતા. કેટલાક અહેવાલો અનુસાર, સલમાન ૭ નવેમ્બરે આ રોલ માટે શૂટ કરશે, ફિલ્મ માટે આ સીન ઘણો મહત્વનો સીન છે.

સલમાન ખાન જ્યારે પણ મોટા પડદા પર આવે છે, ત્યારે તે એક અલગ ઔરા ઉભો કરે છે. તે હવે જ્યારે આ જ જાદુ રીતેશ દેશમુખની આવનારી ફિલ્મ 'રાજા શિવાજી'મા આ મહત્વના રોલમાં એ જ જાદુ ઉભો કરવા માગે છે, ત્યારે તેને આ રોલમાં પસંદ કરવો એ એક યોગ્ય વિકલ્પ ગણાય છે.

સલમાન ખાને આ પહેલાં પણ રિતેશ દેશમુખની ફિલ્મ 'લય ભારી' ફિલ્મમાં તેમજ 'વેડ'માં વેડ લાવલે ગીતમાં પણ કેમિયો કર્યો હતો. છત્રપતિ શિવાજી મહારાજ પર જ્યારે અફઝલ ખાનના વિશ્વાસુ સેનાપતિ સૈયદ બંદાએ હુમલો કર્યો ત્યારે તેમના જીવનમાં જીવા મહાલાની ભૂમિકા ઘણી મહત્વની હતી. તેથી ફિલ્મમાં આ વીરતાની ઘટના પણ એક મહત્વના સીન તરીકે આવશે. ત્યારે આ સીનમાં જીવા તરીકે સલમાન ખાન અને અફઝલ ખાનમ તરીતે સંજય દત્તને જોવા એ દર્શકો માટે પણ એક અલગ અનુભવ હશે. એક વૈભવી અને લાગણીસભર સીન હશે, જે કાલાતિત બહાદુરી, વફાદારી અને ઈતિહાસનું સન્માન કરશે.

બીજી તરફ સલમાન ખાન હાલ વૉર ડ્રામા 'બેટ ઓફ ગલવાન'નું શૂટ કરી રહ્યો છે, તેની પણ ઓડિયન્સ આતુરતાથી રાહ જોઈ રહી છે. સલમાન ખાનનો ફર્સ્ટ લૂક જાહેર થયો ત્યારથી તેની વધુ ઝલક માટે પણ ઘણી ઉત્સુકતા છે. 'બજરંગી ભાઈ જાન' પછી ફરી એક વખત કબીર ખાન અને સલમાન ખાન શું કમાલ કરે છે, તેના પર પણ ઈન્ડસ્ટ્રીના ઘણા લોકોની નજર છે, અગાઉની તેમની એક લાગણીસભર ફિલ્મ બનાવવની સ્ટાઈલથી અલગ તેઓ સાથે મળીને એક યુદ્ધ ફિલ્મ સાથે નવા વિષય પર કામ કરી રહ્યા છે.

# રજનીકાંતની ૧૭૩મી ફિલ્મ કમલ હસન પ્રોડ્યુસ કરશે

## રજનીકાંતની થલાઇવર સુંદર સી દ્વારા ડિરેક્ટ કરવામાં આવશે, ૨૦૨૭માં રિલીઝ

તમિલ સિનેમાના બે લીડેજન્ડ્ઝ રજનીકાંત અને કમલ હસન ચાર દાયકા ફરી એકસાથે આવી રહ્યા છે. આ સાથે જ થલાઈવર અને ઉલ્ગા નાયગનમાં બે હિરો એકસાથે આવવાના હોવાની ચર્ચાઓ પણ લાંબા સમયથી ચાલી રહી છે. ત્યારે હવે રાજકમલ સ્ટુડિયોએ જાહેરાત કરી છે કે તેમની આવનારી મોટી ફિલ્મ થલાઈવર૧૭૩ હશે. આ રજનીકાંતની ૧૭૩મી ફિલ્મ યતે અને તે કમલ હસન પ્રોડ્યુસ કરશે. જ્યારે સુંદર સી આ ફિલ્મ ડિરેક્ટ કરશે. આ પહેલાં રજનીકાંત અને સુંદર સી.એ ૧૯૯૭માં અરુણાચલમમાં સાથે કામ કર્યું હતું. જોકે, આ ફિલ્મ કયા વિષય પર આધારીત છે, તે હજુ જાહેર કરવામાં આવ્યું નથી. પરંતુ આ ફિલ્મ એક બિલકુલ મસાલા ફિલ્મ હશે, તે નક્કી જ છે. આ અંગે જાહેરાત કરતા કમલ હસને કેટલીક તસવીરો પણ શેર કરી હતી. તેમાંથી એક તસવીરમાં તે રજનીકાંત સાથે દેખાય છે. કમલ હસને એક્સ પર લખ્યું હતું, "હવાની જેમ, વરસાદની જેમ, નદીની જેમ. અમે વરસીશું, અમે મજા કરીશું અને અમે જીવીશું. રાજકમલ ફિલ્મ્સ ઈન્ટરનેશનલ પ્રોડક્શન, સુંદર સી. દ્વારા ડિરેક્ટેડ, તેમાં હશે વહાલા મિત્ર સુપર સ્ટાર રજનીકાંત થલાઈવર૧૭૩ પોંગલ૨૦૨૭."

કમલ હસન દ્વારા જાહેર કરાયેલા ઓફિશીયલ નિવેદન મુજબ, "કમલ હસનના રાજ કમલ ફિલ્મ્સ ઈન્ટરનેશનલના બેનર હેઠળ બનનારી આ મોટી ફિલ્મ થલાઈવર૧૭૩માં સુપરસ્ટાર રજનીકાંત લીડ રોલ કરશે, સુંદર સી. ડિરેક્ટ કરશે."

આગળ આ નિવેદનમાં કહેવાયું છે, "આ મોટું જોડાણ બે દિગ્ગજોને માત્ર સાથે જ નથી લાવતું સાથે તેમની ૫૦ દાયકાની દોસ્તી અને ભાઈબંધીને પણ ઉજવે છે, રજનીકાંત અને કમલ હસન વચ્ચેનો સંબંધ પેઢીઓથી કલાકારો અને દર્શકોને પ્રેરિત કરતો રહ્યો છે. રાજકમલ ફિલ્મ્સના ૪૪ વર્ષ નિમિત્તે થલાઈવર૧૭૩માં રજનકાંતની પ્રભાવશાળી હાજરી સાથે સુંદર સી.નું ડિરેક્શન એક યાદગાર પ્રોડક્શન બની રહેશે, જે કમલ હસન અને આર.મહેન્દ્રન દ્વારા આકાર લેશે."

આ ફિલ્મ પોંગલ ૨૦૨૭માં રિલીઝ થશે. રજનીકાંત જેલર ૨ પુરી કરી લે પછી આ ફિલ્મનું શૂટ શરૂ થશે. આ સિવાય તે બંને કોઈ અન્ય ફિલ્મમાં પણ સાથે કામ કરી રહ્યા હોવોના અહેવાલો છે.



# કામની નોંધ લેવાય તેની રાહ જોવાનું મેં બંધ કરી દીધું છે : યામી ગૌતમ

છેલ્લાં કેટલાંક વર્ષોમાં યામી ગૌતમ તેની પેઢીની જાણીતી એક્ટ્રેસ તરીકે પોતાની ઓળખ બનાવી છે. 'આર્ટિકલ ૩૭૦' અને 'અ થર્સ ડે' જેવી ફિલ્મમાં તેના અભિનયનાં વખાણ પણ થયા છે. તેની આ ફિલ્મો માટે તેને કેટલાક નોમિશેન પણ મળ્યાં છે. પરંતુ તેને આજ સુધી ક્યારેય આ ફિલ્મો માટે કોઈ મોટો એવોર્ડ મળ્યો નથી. ત્યારે તાજેતરના એક ઈન્ટરવ્યુમાં યામીએ કહ્યું કે આ એવોર્ડ ન મળવાથી તેને કોઈ ફરક પડતો નથી.

ટૂંક સમયમાં તેની ફિલ્મ 'હક' રિલીઝ થઈ રહી છે. ત્યારે તાજેતરનાં એક ઈન્ટરવ્યુમાં યામીએ કહ્યું કે કઈ રીતે જીવન અમુક વાતોમાં માગ્યા વિના જ વળતર આપી દેતું હોય છે. તે કદાચ હંમેશા એવોર્ડ સ્વરૂપે ન પણ હોય. યામીએ કહ્યું, "હું ભગવદ્ ગીતાને જેટલું સમજી શકી છું, ભગવાન કૃષ્ણએ અર્જૂનને જે કહ્યું છે, તે સાચું જ છે. જોકે, હું કોઈ પરફેક્ટ માણસની જેમ બધાથી પર નથી થઈ ગઈ, પરંતુ જો તમારામાં માત્ર સફળતાથી, ગુમાવી દેવાના ડરથી કે અથવા બીજા કોઈના દૃષ્ટિકોણથી તમારી નોંધ લેવાય તેની રાહ જોવાથી પણ પર થઈ શકો તો, તમે ઠીક છો. મેં કોઈ મારી કોઈ પણ પ્રકારની નોંધ લે, તેની રાહ જોવાની જ બંધ કરી દીધી છે. જો એ એવોર્ડ મળી જાય તો હું બહુ સારી એક્ટ્રેસ છું, બાકી નથી. એવું નથી."

યામીને ૨૦૧૩માં તેની પહેલી ફિલ્મ 'વિકી ડોનર' માટે કેટલાક એવોર્ડ ચોક્કસ મળ્યા હતા. તે પછી લગભગ દરેક મોટા એવોર્ડ્ઝમાં તેને નોમિનેશન મળતા રહે છે પરંતુ ક્યારેય કોઈ એવોર્ડ મળ્યાં નથી. પરંતુ યામી માને છે કે તેને હવે માત્ર દર્શકો તેના કામની નોંધ લે એમાં જ રસ છે.

યામી ગૌતમે નિરાશા વ્યક્ત કરવાના બદલે કહ્યું હતું કે, " હકિકત એ છે કે મારા દર્શકો મને બહુ પ્રેમ કરે છે, ઘણા ડિરેક્ટર્સ અને પ્રોડ્યુસર્સ એવા છે જે મારા પર દાવ લગાવવા માગે છે, જ્યારે ઓડિયન્સ તમને તાળીઓથી વધાવી લે તો એનાથી મોટું વળતર શું હોઈ શકે. બાકી તો બધું આવે અને જાય. દર્શકો બધું જાણે છે. જો, તેનાથી કોઈને ખુશી મળે તો સૌથી સારું!"

# ભારતે ઓસ્ટ્રેલિયાને ૪૮ રનથી હરાવ્યું, સિરીઝમાં ૨-૧થી આગળ

## ગોલ્ડ કોસ્ટ ટીર૦માં ભારતીય ટીમ કાંગારુઓને ધૂળ ચટાડી, સુંદરની સૌથી વધુ ૩ વિકેટ

ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે પાંચ મેચની T20 શ્રેણીની ચોથી મેચ કારારા (ગોલ્ડ કોસ્ટ)ના હેરિટેજ બેંક સ્ટેડિયમ ખાતે રમાઈ હતી. ટીમ ઈન્ડિયાએ આ મેચ ૪૮ રનથી જીતી હતી. આ જીત સાથે, ભારત હવે શ્રેણીમાં ૨-૧થી આગળ છે. અંતિમ મેચ ૮ નવેમ્બરના રોજ રમાશે. જો ભારત તે મેચ જીતશે તો તેઓ શ્રેણી પર કબજો કરશે.



ઓસ્ટ્રેલિયન કેપ્ટન મિશેલ માર્શે ટોસ જીત્યો હતો. પહેલા બેટિંગ કરતા ભારતીય ટીમે ઓસ્ટ્રેલિયા માટે ૧૬૮ રનનો લક્ષ્યાંક રાખ્યો હતો. ઓસ્ટ્રેલિયા તેનો પીછો કરી શક્યું નહીં અને ૧૧૯ રનમાં ઓલઆઉટ થઈ ગયું હતું.

ઓસ્ટ્રેલિયાની ઈનિંગની શરૂઆત મેથ્યુ શોર્ટ અને મિશેલ માર્શથી થઈ હતી. બંનેએ મજબૂત શરૂઆત કરી હતી. જોકે, પાંચમી ઓવરમાં અક્ષર પટેલે શોર્ટને ૨૫ રનમાં આઉટ કર્યો. નવમી ઓવરમાં અક્ષરે ફરી સ્ટ્રાઈક કરીને વિકેટ લીધી હતી. ઓસ્ટ્રેલિયાનો સ્કોર ૬૭ હતો. દસમી ઓવરમાં શિવમ દુબેએ કેપ્ટન માર્શને જ્યારે ૧૨મી ઓવરમાં શિવમ દુબેએ ટિમ ડેવિડને આઉટ કર્યો હતો. ત્યારબાદ અર્શદીપે ૧૪મી ઓવરમાં ફિલિપને આઉટ કર્યો. ત્યારે ઓસ્ટ્રેલિયાનો સ્કોર ૯૫ રન હતો. વરુણે ૧૫મી ઓવરમાં મેક્સવેલને બોલ્ડ કરીને ઓસ્ટ્રેલિયાને છઠ્ઠો ઝટકો આપ્યો હતો. ત્યારબાદ ૧૭મી ઓવરમાં સુંદરે સ્ટોઈનિસને અને બીજા જ બોલ પર બાર્ટલેટને પણ આઉટ કર્યો હતો. બુમરાહને પહેલી સફળતા ૧૮મી ઓવરમાં મળી જ્યારે તેણે દ્વારશુઈસને બોલ્ડ કર્યો. જ્યારે છેલ્લી વિકેટ પણ સુંદરે જ લીધી હતી.

આ મેચમાં ભારતીય બોલરોએ શાનદાર પ્રદર્શન કર્યું હતું. અક્ષર પટેલે અને શિવમ દુબેએ પણ બે-બે વિકેટ, સુંદરે ત્રણ વિકેટ જ્યારે અર્શદીપ, વરુણ અને જસપ્રીત બુમરાહએ એક-એક વિકેટ લીધી હતી. ઓસ્ટ્રેલિયાના પાંચ બેટ્સમેન બે આંકડા સુધી પહોંચી શક્યા નહીં.

ભારત તરફથી અભિષેક શર્મા અને શુભમન ગિલે ઈનિંગની શરૂઆત કરી હતી. મેચની પહેલી જ અભિષેક શર્માને જીવનદાન મળ્યું હતું. ત્યારબાદ તેણે ૨૬ રન બનાવ્યા, પરંતુ સાતમી ઓવરમાં એડમ ઝામ્પાએ તેને આઉટ કર્યો. ૧૦ ઓવર પછી, ભારતનો સ્કોર ૭૫-૧ હતો. ૧૨મી ઓવરમાં ભારતને બીજો આંચકો લાગ્યો જ્યારે શિવમ દુબે ૨૨ રને આઉટ થયો. ત્યારે ભારતનો સ્કોર ૮૮ હતો. દુબેએ તેની ઈનિંગમાં એક ફોર અને એક સિક્સર ફટકારી હતી.

ભારતને ૧૫મી ઓવરમાં ત્રીજો ઝટકો લાગ્યો હતો જ્યારે શુભમન ગિલ ૪૬ રન બનાવીને આઉટ થયો. જ્યારે કેપ્ટન સૂર્યા ૨૦ રન બનાવીને આઉટ થયો હતો.ત્યારબાદ તિલક વર્મા ૫ રન અને જીતેશ પણ ૩ રન બનાવીને આઉટ થયો હતો. ૧૯મી ઓવરમાં ભારતની સાતમી વિકેટ પડી હતી. જેમાં સુંદર ૧૨ રન બનાવીને આઉટ થયો હતો. અર્શદીપે પણ અંતિમ ઓવરમાં પોતાની વિકેટ ગુમાવી અને ભારતે ઓસ્ટ્રેલિયા માટે ૧૬૮ રનનો ટાર્ગેટ આપ્યો હતો.

# ચોથી ટીર૦માં શાનદાર વિજય સાથે ભારતની અજેય સરસાઈ

## ભારતના ૧૬૭ રનના સ્કોર સામે ઓસ્ટ્રેલિયાના ૧૧૯, ૪૮ રનથી વિજય, સ્પિનર્સનો તરખાટ, શુભમન ગિલના ૪૬, મેન ઓફ ધ મેચ અક્ષર પટેલનું ઓલરાઉન્ડ પ્રદર્શન

મેન ઓફ ધ મેચ અક્ષર પટેલના ઓલરાઉન્ડ પ્રદર્શન સહિત ભારતીય સ્પિનર્સની વેધક બોલિંગની મદદથી પ્રવાસી ભારતે ગુરુવારે અહીં રમાયેલી ચોથી ટીર૦ ક્રિકેટ મેચમાં ઓસ્ટ્રેલિયા સામે ૪૮ રનથી શાનદાર વિજય હાંસલ કરીને પાંચ મેચની ટીર૦ સિરીઝમાં ૨-૧ની અજેય સરસાઈ હાંસલ કરી લીધી હતી. સિરીઝની પાંચમી અને અંતિમ ટીર૦ મેચ શનિવારે બ્રિસબેન ખાતે રમાશે. આમ સિરીઝ બચાવવા માટે ઓસ્ટ્રેલિયાએ પાંચમી ટીર૦ જીતવી ફરજિયાત બની ગઈ છે. તે હવે સિરીઝ જીતી શકે તેમ નથી માત્ર ડ્રો કરી શકશે.



અહીંના કેનબેરા ઓવલ ખાતે રમાયેલી મેચમાં ઓસ્ટ્રેલિયાએ ટોસ જીતીને ભારતને પ્રથમ બેટિંગ કરવાનું આમંત્રણ આપ્યું હતું. જોકે મિચેલ માર્શનો આ નિર્ણય ભારતીય બેટર્સે ખોટો પાડી દીધો હતો. ભારતે ૨૦ ઓવરમાં આઠ વિકેટે ૧૬૭ રનનો સ્કોર રજૂ કર્યો હતો જેના જવાબમાં ઓસ્ટ્રેલિયા એક સમયે તો ભારતનો સ્કોર વટાવી શકે તેવી બેટિંગ કરી હતી પરંતુ સ્પિનર્સ સામે તેમનો રકાસ થયો હતો અને ૧૯મી ઓવર સુધીમાં તેના તમામ બેટર આઉટ થઈ ગયા હતા.

કેપ્ટન અને ઓપનર મિચેલ માર્શે ૨૪ બોલમાં ૩૦ રન ફટકાર્યા હતા પરંતુ તેનો સાથી ઓપનર મેથ્યુ શોર્ટ ૨૫ રન કરી શક્યો હતો. જોશ ઈંગ્લિસ, ટિમ ડેવિડ અને જોશ ફિલિપ નિષ્ફળ રહ્યા તે સાથે જ કાંગારું ટીમનો પરાજય નિશ્ચિત થઈ ગયો હતો. અહીં સુધીમાં અક્ષર પટેલે બે મહત્વની વિકેટ ખેરવી ચૂક્યો હતો. તેણે મેથ્યુ શોર્ટ અને જોશ ઈંગ્લિસને નજીકના અંતરમાં જ આઉટ કરી દેતાં ઓસ્ટ્રેલિયન ટીમ દબાણમાં આવી ગઈ હતી.

અર્શદીપ સિંઘ અને શિવમ દૂબેએ પણ પ્રારંભિક ઓવર્સમાં ભારતને સફળતા અપાવી હતી પરંતુ ઓસ્ટ્રેલિયન ટીમન ખરો ધબડકો વોશિંગ્ટન સુંદર અને અક્ષર પટેલે કર્યો હતો. ઓસ્ટ્રેલિયા લડત આપે તેવી સ્થિતિમાં પહોંચ્યું ત્યારે જ વોશિંગ્ટન સુંદર ત્રાટક્યો હતો. તેણે માત્ર આઠ બોલની જ બોલિંગ કરી હતી જેમાં ત્રણ રન આપીને ત્રણ વિકેટ ઝડપી લીધી હતી. બાકીની બે બે વિકેટ શિવમ દૂબે અને અક્ષર પટેલે ખેરવી હતી. મિચેલ માર્શના ૩૦ રન કાંગારું ટીમ માટે સર્વોચ્ચ સ્કોર બની રહ્યો હતો.અગાઉ ભારત માટે કોઈ બેટર અડધી સદી તો ફટકારી શક્યો ન હતો પરંતુ ટીર૦ના માળખાને અનુરૂપ પાંચ બેટરે ૨૦+ના સ્કોરના યોગદાન આપ્યા હતા. જેમાં શુભમન ગિલ મોખરે રહ્યો હતો. ભારતીય ટેસ્ટ અને વન-ડે ટીમના કેપ્ટન ગિલે ૩૯ બોલમાં ચાર ચોગ્ગા અને એક સિક્સર સાથે ૪૬ રન ફટકાર્યા હતા તો સૂર્યકુમાર યાદવે તેની પ્રતિષ્ઠા મુજબની બેટિંગ કરીને બે સિક્સર સાથે દસ બોલમાં ૨૦ રન ફટકાર્યા હતા. આ ઉપરાંત ઓપનર અભિષેક શર્માએ ૨૧ બોલમાં ૨૮ રનનું યોગદાન આપ્યું હતું.

# વિન્ડિઝ સામેની બીજી ટીર૦માં કિવિનો ત્રણ રનથી રોમાંચક વિજય

## સળંગ બીજા દિવસે પણ ટીર૦ મેચ રોમાંચક બની, ન્યૂઝીલેન્ડ ૨૦૭, વિન્ડિઝ ૨૦૪

પ્રવાસી વેસ્ટ ઈન્ડિઝ અને ન્યૂઝીલેન્ડ વચ્ચે રમાઈ રહેલી ટીર૦ સિરીઝ રોમાંચક બની રહી છે. સિરીઝની પ્રથમ બે ટીર૦ અત્યંત રસાકસીભરી બની રહી હતી જેમાં પહેલી મેચમાં પ્રવાસી ટીમ સાત રનથી જીતી હતી તો ગુરુવારે રમાયેલી બીજી ટીર૦માં ન્યૂઝીલેન્ડનો ત્રણ રનથી વિજય થયો હતો.



અહીંના ઈડન પાર્ક ખાતે ગુરુવારે રમાયેલી મેચમાં પ્રથમ બેટિંગ કરતા ન્યૂઝીલેન્ડે માર્ક ચેપમેનની અડધી સદીની મદદથી ૨૦ ઓવરમાં પાંચ વિકેટે ૨૦૭ રનનો સ્કોર રજૂ કર્યો હતો જેના જવાબમાં વેસ્ટ ઈન્ડિઝની ટીમે જોરદાર લડત આપી હતી અને અંતે ૨૦ ઓવરમાં આઠ વિકેટે ૨૦૪ રન કર્યા હતા. ન્યૂઝીલેન્ડના માર્ક ચેપમેનને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરાયો હતો.

ન્યૂઝીલેન્ડના માર્ક ચેપમેને શાનદાર બેટિંગ કરી હતી અને ટીમને ૨૦૦ રનના સ્કોર સુધી પહોંચાડવામાં મદદ કરી હતી. ઓપનર ટિમ રોબિન્સનના ૨૫ બોલમાં ૩૯ રન બાદ કિવિ ટીમનો સ્કોર આગળ ધપાવવાની જવાબદારી માર્ક ચેપમેને ઉપાડી લીધી હતી. ચેપમેને ૨૮ બોલમાં આક્રમક ૭૮ રન ફટકાર્યા હતા જેમાં સાત સિક્સર અને છ ચોગ્ગાનો સમાવેશ થતો હતો. ચેપમેનની સાથે ડેરેલ મિચેલે પણ આક્રમક વલણ અપનાવ્યું હતું અને કેરેબિયન બોલર્સનો આસાનીથી સામનો કર્યો હતો. તેણે માત્ર ૧૪ બોલમાં અણનમ ૨૮ રન ફટકાર્યા હતા તો કેપ્ટન મિચેલ સેન્ટનરે આઠ બોલમાં ૧૮ રનનું યોગદાન આપ્યું હતું.

વેસ્ટ ઈન્ડિઝનો રોસ્ટન ચેઝ આ મેચમાં પણ ઉપયોગી બોલર બની ગયો હતો જેણે ચાર ઓવરમાં ૩૩ રન આપીને બે વિકેટ લીધી હતી.

૨૦૮ રનના ટારગેટ સામે રમતાં વેસ્ટ ઈન્ડિઝે પણ પ્રશંસનીય બેટિંગ કરી હતી અને ટારગેટની નજીક પહોંચી ગયા હતા. ઓપનર બ્રેન્ડન કિંગ પહેલી જ ઓવરમાં આઉટ થઈ ગયો ત્યાં સુધી ટીમના સ્કોરમાં એક પણ રન ઉમેરાયો ન હતો. અલિક અથાનાઝેએ ૩૩ અને શાઈ હોપે ૨૪ રનનું યોગદાન આપ્યું હતું. કેરબિયન ટીમ માટે સર્વોચ્ચ સ્કોર ૪૫ રનનો રહ્યો હતો. રોવમેન પોવેલે અત્યંત ઝંઝાવાતી બેટિંગ કરી હતી અને માત્ર ૧૬ જ બોલમાં ૪૫ રન ફટકારી દીધા હતા જેમાં છ સિક્સર સામેલ હતી. ત્યાર બાદ રોમારિયો શેફર્ડે પણ એવી જ આક્રમક બેટિંગ કરીને ૧૬ બોલમાં ૩૪ અને મેથ્યુ ફોર્ડે ૧૩ બોલમાં ૨૯ રન ફટકાર્યા હતા. શેફર્ડે ચાર અને ફોર્ડે બે સિક્સર ફટકારી હતી. ન્યૂઝીલેન્ડ માટે મિચેલ સેન્ટનર અને ઈશ સોઢીએ ત્રણ ત્રણ વિકેટ લીધી હતી.



# મોખરાના ક્રમની સાબાલેન્કાનું શાનદાર ફોર્મ જારી

## સાબાલેન્કાએ વર્તમાન સિઝનમાં ૬૧મી મેચ જીતી, સેરેનાની સિદ્ધિની નજીર પહોંચી

વિશ્વની મોખરાની ક્રમાંકિત આર્યના સાબાલેન્કોએ તેનું વર્તમાન સિઝનનું સાતત્યપૂર્ણ પ્રદર્શન જારી રાખવાની સાથે જેસિકા પેગ્યુલાને હરાવીને ડબ્લ્યૂટીએ ટેનિસ ટુર્નામેન્ટના નોકઆઉટ તબક્કા માટે પોતાનો દાવો વધારે મજબૂત કરી દીધો હતો. બીજી તરફ અમેરિકાની કોકો ગૌફે પણ પોતાના ટાઈટલને જાળવી રાખવાની આશાને જીવંત રાખી હતી. યુએસ ઓપન ચેમ્પિયન સાબાલેન્કોએ રિયાદ ખાતે યોજાયેલી ટુર્નામેન્ટમાં સતત બે વિજય હાંસલ કર્યા હતા. તેણે અમેરિકાની પાંચમી ક્રમાંકિત પેગ્યુલાને ૬-૪, ૨-૯, ૬-૩થી હરાવી હતી. આ સાથે સાબાલેન્કોએ (૬૧ વિજય) નંબર વન સ્થાને રહીને એક જ સિઝનમાં ૬૦ કરતાં વધારે વિજય હાંસલ કર્યા હતા. આમ કરનારી તે બીજી ખેલાડી બની હતી. અગાઉ ૨૦૧૩માં અમેરિકાની સેરેના વિલિયમ્સે એક જ સિઝનમાં ૬૬ વિજય હાંસલ કર્યા હતા. ત્રીજા ક્રમની કોકો ગૌફે જાસ્મિન પાઓલિનીને ૬-૩, ૬-૨થી હરાવી હતી. ઈલેના રિબાકિનાએ વિશ્વની બીજી ક્રમાંકિત પોલેન્ડની ઈગા સ્વિયાટેકને ૩-૬, ૬-૧, ૬-૦થી હરાવીને નોકઆઉટમાં પોતાનું સ્થાન નિશ્ચિત કર્યું હતું.

# ૨૦૨૬ના ટીર૦ વર્લ્ડ કપની ફાઇનલ નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે રમાશે

## આઇસીસી ટીર૦ વર્લ્ડ કપ માટે અમદાવાદ, દિલ્હી, કોલકાતા, ચેન્નાઈ અને મુંબઈના સ્થળોની પસંદગી

આવતા વર્ષે ભારતમાં યોજાનારા આઈસીસી ટીર૦ ક્રિકેટ વર્લ્ડ કપની ફાઈનલ માટે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમની પસંદગી લગભગ નિશ્ચિત બની ગઈ છે. બીસીસીઆઈએ વર્લ્ડ કપ માટે ભારતમાં પાંચ સ્થળની પસંદગી કરી છે જેમાં અમદાવાદ ઉપરાંત દિલ્હી, કોલકાતા, ચેન્નાઈ અને મુંબઈના સ્ટેડિયમનો સામેલ થાય છે. અમદાવાદનું નરેન્દ્ર મોદી સ્ટેડિયમ એક લાખથી વધુ પ્રેક્ષકોને સમાવવાની ક્ષમતા ધરાવે છે અને ૨૦૨૩ના વન-ડે ક્રિકેટ વર્લ્ડ કપની ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે રમાયેલી ફાઈનલ પણ આ જ સ્ટેડિયમ ખાતે રમાઈ હતી. ૨૦૨૩ના વર્લ્ડ કપની મેચો ભારતમાં દસ અલગ અલગ સ્ટેડિયમ પર રમાઈ હતી.



એમ મનાય છે કે ફેબ્રુઆરી-માર્ચ ૨૦૨૬માં યોજાનારા ટીર૦ વર્લ્ડ કપનો વિસ્તૃત કાર્યક્રમ આઈસીસી દ્વારા આગામી સપ્તાહે જાહેર કરાશે. આ વખતનો વર્લ્ડ કપ સાતમી ફેબ્રુઆરીથી શરૂ થાય અને આઠમી માર્ચે તેની ફાઈનલ રમાય તેવી શક્યતા છે. તાજેતરમાં યોજાયેલા વિમેન્સ વન-ડે વર્લ્ડ કપની માફક મેન્સ ટીર૦ વર્લ્ડ કપ ૨૦૨૬નું આયોજન પણ ભારત અને શ્રીલંકા સંયુક્તપણે કરે તેવી શક્યતા છે. જેમાં પાકિસ્તાનની મેચો શ્રીલંકામાં યોજાશે. આઈસીસી દ્વારા આ વર્લ્ડ કપ માટે ભારત સાથે અગાઉ થયેલા કરાર મુજબ પાકિસ્તાનની મેચો તટસ્થ સ્થળે યોજાશે અને તેમાં શ્રીલંકા મજબૂત દાવેદાર છે.

શ્રીલંકામાં ત્રણ કેન્દ્ર પર મેચો યોજાશે જેમાં કેન્ડી અને કોલંબો સામેલ છે જ્યારે ત્રીજા સ્થળ અંગે હજી સુધી કોઈ જાણકારી પ્રાપ્ત થઈ નથી. ભારત આ વખતે ટાઈટલ ડિફેન્ડ કરવા આ વર્લ્ડ કપમાં રમશે. અગાઉ ૨૦૨૪માં અમેરિકા અને વેસ્ટ ઈન્ડિઝમાં યોજાયેલા ટીર૦ વર્લ્ડ કપમાં બાર્બાડોઝ ખાતે સાઉથ આફ્રિકાને હરાવીને ભારત ચેમ્પિયન બન્યું હતું. ભારતમાં જે પાંચ શહેર પસંદ કરવામાં આવ્યા છે તે ટિયર-૧ શહેર છે અને તે તમામમાં સ્ટેડિયમ પ્રેક્ષકોથી ભરચક રહે તેવી શક્યતા છે. જોકે પાકિસ્તાની ટીમ ફાઈનલમાં પ્રવેશે તો યજમાન દેશ ભારત હોવા છતાં ફાઈનલ મેચ કોલંબોમાં રમાશે.

યજમાન દેશ કોઈ પણ હોય પરંતુ આઈસીસી, બીસીસીઆઈ અને પીસીબી વચ્ચે થયેલી સમજૂતી મુજબ ૨૦૨૭ સુધીમાં ભારત અને પાકિસ્તાન વચ્ચે રમાનારી કોઈ પણ આઈસીસી મેચ તટસ્થ કેન્દ્ર પર આયોજિત થશે.


# સંગીતકાર પલાશ મુચ્છળના હાથ પર ગર્લફ્રેન્ડ સ્મૃતિ મંધાનાના નામવાળું અનોખું ટેટૂ

## સ્મૃતિ મંધાના અને પલાશ મુચ્છળ, પલાશના હાથ પર સ્મૃતિના નામ અને જર્સી નંબર 'SM18' નું ટેટૂ, વર્લ્ડ કપ ટ્રોફી

મુંબઈ: મહિલાઓના વન-ડે વર્લ્ડ કપમાં ભારતીય ખેલાડીઓમાં સૌથી વધુ ૪૩૪ રન કરનાર સ્મૃતિ મંધાના એ રવિવારે ભારતને સૌપ્રથમ વિશ્વ કપ ટ્રોફી અપાવવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી અને એ સાથે ભારતે આ ઐતિહાસિક ટ્રોફી જીતી લીધી જેની ખુદ મંધાનાએ સાથી ખેલાડીઓ સાથે મળીને ભરપૂર ઉજવણી તો કરી, મંધાનાનો બૉયફ્રેન્ડ પલાશ મુચ્છળ પણ એક રીતે આ સેલિબ્રેશનનો હિસ્સો બન્યો છે.

મંધાનાના ૪૩૪ રન ટૂર્નામેન્ટની તમામ બૅટર્સમાં (સાઉથ આફ્રિકાની કૅપ્ટન લૉરા વૉલ્વાર્ટના ૫૭૧ રન પછી) બીજા નંબરે હતા. નવી મુંબઈમાં ડી. વાય. પાટીલની ફાઈનલમાં ભારતીય ટીમે સાઉથ આફ્રિકાને બાવન રનથી હરાવી દીધું એને પગલે ભારતીય ક્રિકેટમાં અભૂતપૂર્વ આનંદોત્સવ શરૂ થઈ ગયો હતો. પલાશ મુચ્છળે ઈન્સ્ટાગ્રામ પર ગર્લફ્રેન્ડ મંધાનાના હસતાં ચહેરાવાળો એક ફોટો શૅર કર્યો હતો. એટલું જ નહીં, પલાશ વર્લ્ડ કપની ટ્રોફી હાથમાં ઊંચકીને અને મંધાના તરફ બતાવીને તેની સાથે આ ઉજવણીમાં સહભાગી પણ થયો હતો.

પલાશ મુચ્છળે શૅર કરેલી એ તસવીરની કૅપ્શનમાં લખ્યું છે, ' સબસે આગે હૈં હમ હિન્દુસ્તાની.' એ રીતે પલાશે ગર્લફ્રેન્ડની સિદ્ધિનો તેમ જ દેશને મળેલા અનેરા ગૌરવનો સંકેત આપ્યો છે. વર્લ્ડ કપમાં લીગ સ્તરે રમાયેલી ઉપરાઉપરી ત્રણ મહત્ત્વની મૅચમાં મંધાનાએ ઑસ્ટ્રેલિયા સામે ૮૦ રન, ઈંગ્લૅન્ડ સામે ૮૮ રન અને ન્યૂ ઝીલૅન્ડ સામે ૧૦૯ રન કર્યા હતા.પલાશ મુચ્છળ જાણીતો મ્યૂઝિશ્યન છે. તેણે શૅર કરેલી તસવીરમાં તેના જે હાથમાં ટ્રોફી હતી એ હાથ પરનું ટૅટૂ પણ ઊડીને આંખે વળગે એવું છે. એ ટૅટૂમાં તેણે ' એસએમ૧૮' ચિતરાવ્યું છે. એ ટૅટૂમાં સ્મૃતિ મંધાનાના અંગ્રેજી નામને શૉર્ટ ફૉર્મમાં તેનાં જર્સીના નંબર સાથે બતાવવામાં આવ્યું છે.





રાષ્ટગીત 'વંદે માતરમ્'ને ૧૫૦ વર્ષ પૂર્ણ થતા ભારતીય જનતા પાર્ટીના માનનીય રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી જે પી નડ્ડા સાહેબના નિર્દેશનુસાર તથા ભારત સરકારના જળ સંસાધન કેબિનેટ મંત્રી શ્રી સી આર પાટીલ સાહેબના માર્ગદર્શન અને સુરત મહાનગરના યશસ્વી અધ્યક્ષ શ્રી પરેશ પટેલજી ના નેતૃત્વ હેઠળ ૦૭ નવેમ્બર ૨૦૨૫ શુક્રવારના રોજ સવારે ૧૦:૩૦ કલાકે ભારતીય જનતા પાર્ટી, સુરત મહાનગરના મુખ્યાલય પંડિત દીનદયાળ ભવન , ઉધના ખાતે 'વંદે માતરમ્' ગીતનું સમુહ ગાન કરવામાં આવ્યું હતું તથા 'વંદે માતરમ્' ગીત વિશે સંક્ષિપ્તમાં વ્યક્તત્વ આપવામાં આવ્યો હતો.

# ઉધના જંકશનનો એક તરફનો રસ્તો ત્રણ મહિના માટે બંધ

## રસ્તા પર વાહનોની અવર-જવર તથા પાર્કિંગ પર પ્રતિબંધ

સુરત, તા.૭

સુરત શહેરમાં મેટ્રો વર્ક ફેઝ-૧ કોરીડોર-૨ મજુરાગેટથી સારોલી સુધીનાં રૂટ ઉપર મેટ્રો રેલ કામગીરી કાર્યરત હોય, સુચારુ ટ્રાફિક વ્યવસ્થા જળવાઈ રહે તેમજ કામગીરી દરમિયાન કોઈ અકસ્માત ન સર્જાય તે માટે પોલીસ કમિશનરશ્રી અનુપમસિંહ ગહલૌતે એક જાહેરનામું પ્રસિદ્ધ કર્યું છે. જે અનુસાર ઉધના દરવાજા ક્રોસ રોડ જંકશન પર ઉધના મેટ્રો સ્ટેશન બનાવવાની કામગીરી કરવાની હોવાથી જુની સબ જેલની સામે ICICI બેંકથી ઉધના દરવાજા તરફ જતા આગળ સોની TV શો-રૂમથી ઉંધના દરવાજા તરફ જતો એક તરફના (આશરે ૨૦૦ મીટર જેટલા) રોડને તા.૦૧/૧૧/૨૦૨૫થી તા.૩૧/૦૧/૨૦૨૬ સુધી ત્રણ માસના સમયગાળા માટે તમામ પ્રકારના વાહનોની અવર-જવર તથા પાર્કિંગ કરવા પર પ્રતિબંધ ફરમાવ્યો છે.

તેમજ આ સમય દરમિયાન વૈકલ્પિક રૂટ તરીકે ૧) નિર્મલ હોસ્પિટલથી યુનીક હોસ્પિટલ થઇ ડાબે ટર્ન લઇ રોકડીયા ચાર રસ્તા થઇ ઉધના દરવાજા તરફ જઇ શકાશે. ૨) ૨.૮ મીટરની ઉંચાઇ વાળા વાહનો ચામુંડા રેસ્ટોરેન્ટથી બ્રીજ નીચેથી સામેની સાઇડ જુની સબ જેલ થઇ જયેશ ભંડારી કબાબ એન્ડ ચીકન રેસ્ટોરેન્ટથી ડાબે થઈ ખટોદરા GIDC માંથી સુરત-નવસારી રોડ તરફ આવી શકાશે. અને ૩) ICICI બેંકથી ઉધના દરવાજા તરફ જતા આગળ સોની ફ્નીદુકાન પાસેથી ડાબી બાજુ તરફથી પાછળના રસ્તા ઉપરથી ઉધના ચાર રસ્તા તરફ નાના-વાહનો(ફોર-વ્હીલ કાર તથા બાઇક તથા ઓટો રીક્ષા) માટે ખુલ્લો રહેશે.



કોજવે રોડ પર આવેલુ ભરી પુરી માતાજીનું મંદિર આશરે ૫૦૦ વર્ષ જુના ભરી પુરી માતા નું મંદિર ભરી માતા રોડ ખાતે આવેલું છે. કારતક માસમાં પાણી, અનાજ તથા ધનના ઘડા, ભરાય છે. બરકતીરૂપે ઘરેથી લાવેલ સવા રૂપિયાની બરકતી અપાય છે. કારતક મહિનાની પૂનમના દિવસે માતાજીના પાટોત્સવની ઉજવણી થાય છે જેમાં મહા આરતી અન્નકૂટ તથા ભંડારાનનું આયોજન કરી ધામધૂમથી ઉજવણી થાય છે આ ઉપરાંત ની સંતાન દંપત્તિઓને નિસંતાનની મનોકામના પૂર્ણ થાય છે.

# શિયાળાની શરૂઆત : રાત્રિ અને વહેલી સવારે લઘુત્તમ તાપમાન નીચું

## વિતેલા ત્રણ દિવસમાં લઘુત્તમ તાપમાનમાં તબક્કાવાર ૧-૧ ડિગ્રીનો ઘટાડો

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૭

સુરત સહિત દ.ગુજરાતના લઘુત્તમ તાપમાનમાં વિતેલા બે દિવસથી ઉત્તરોતર ઘટાડો થઇ રહ્યો છે. શિયાળાની ઋતુ શરૂ થઇ ગઇ છે ત્યારે રાત્રિના સમયે અને વહેલી સવારે લઘુત્તમ તાપમાનનો પારો નીચો રહેવાને કારણે ઠંડી અનુભવાઇ રહી છે. હવામાન વિભાગ દ્વારા પણ આ અઠવાડીયામાં રાત્રિનું તાપમાન ૨થી ૩ ડિગ્રી સુધી ઘટવાની શક્યતા વ્યક્ત કરી છે. દરમિયાન સવારના સમયે સુરત શહેરમાં ઠંડી પડી રહી છે. આજે સવારના સમયે લઘુત્તમ તાપમાન ફરી એક ડિગ્રી ઘટીને ૧૯.૮ સેલ્સિયસ ડિગ્રી નોંધાયું છે. રાજ્યના હવામાન વિભાગ પાસેથી મળતી વિગત અનુસાર ઉત્તર પુર્વીય ઠંડા પવનો ફુંકાવાને કારણે રાત્રિના સમયે લઘુત્તમ તાપમાન નીચું જઇ રહ્યું છે ત્યારે શહેરના લઘુત્તમ તાપમાનમાં ઘટાડો થઇ રહ્યો છે. આગામી અઠવાડીયામાં લઘુત્તમ તાપમાન ૨ થી ૩ ડિગ્રી નીચુ જશે જેથી ઠંડીની અસર વર્તાવા લાગશે. સુરત ઉપરાંત નવસારી, વલસાડ, બિલીમોરા દાદર નગર હવેલીમાં પણ શિયાળાની ઋતુ બેસી રહી હોય લઘુત્તમ તાપમાનમાં ઘટાડો નોંધાવાની શરૂઆત થઇ છે. આજે સવારે પણ સુરત શહેરનું લઘુત્તમ તાપમાન ૧૯.૮ સેલ્સિયસ ડિગ્રી નોંધાયું હતું.



આજરોજ સને ૧૮૭૫માં રાષ્ટ્રીય સ્વતંત્રતા ચળવળ દરમ્યાન રાષ્ટ્રગીત વંદે માતરમ્ ના માધ્યમ દ્વારા રાષ્ટ્ર ચેતના અને માતૃભુમી માટેના ગર્વની એકસૂત્રતા ના સંદેશ થકી સમગ્ર ચળવળ એક તાંતણે બંધાઈ હતી. જેના ૧૫૦ વર્ષ પૂર્ણ થયેથી સુરત શહેર ના પોલીસ અધિકારીઓ/કર્મચારીઓ દ્વારા રાષ્ટ્રગીત વંદે માતરમ્ નું સમૂહગાન તેમજ સ્વદેશીની શપથ કાર્યક્રમનું આયોજન રાખવામાં આવેલ છે.

# વાઇબ્રન્ટ ઇન્ટરનેશનલ એકેડમીમાં વિદ્યાર્થીઓનું કુમકુમ તિલકથી સ્વાગત

## વંદે માતરમ ગીતના ૧૫૦ વર્ષની ઉજવણીના ભાગરૂપે સંપૂર્ણ વંદે માતરમ ગીતનું ગાન



સુરત, તા.૭

આ ક્ષણે રાષ્ટ્ર ચેતનાના ગીતની આરંભની વાત પ્રિન્સિપાલ અને શિક્ષકોએ આવી વ્યક્તિ કરીને સમજાવી હતી. સંપૂર્ણ વંદે માતરમ ગીત પ્રતિદિન એક વર્ષ પર્યંત વાઈબ્રન્ટ પરિવાર દ્વારા પ્રાર્થના સભા માં ગાવામાં આવશે તેવો સંકલ્પ લેવાયો હતો. દેશની સ્વાધીનતા સંગ્રામની જ્યોતિની પ્રથમ જાળા એટલે વંદે માતરમ ગીત દેશના ક્રાંતિવીરોના મશાલની મુઠ્ઠી એટલે વંદે માતરમ ગીત અંગ્રેજોની ગુલામી માંથી મુક્ત પંખી બનીને ઉડવાનું ગીત એટલે વંદે માતરમ ગીત આ વાત સાથે વિદ્યાર્થીઓને સાંકળવામાં આવ્યા હતા અને ભાવ વંદના સાથે માતૃભૂમિના વંદનનું આ ગીત અક્ષર સહ પ્રતિદિન તેના અર્થ સાથે એક એક પંક્તિઓનો અર્થઘટન પણ કરવામાં આવશે જેથી વિદ્યાર્થીઓમાં બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાય દ્વારા રચિત આ ગીતની વ્યાખ્યા પણ બાળકો સમજી શકે તેવો ભાવ સંસ્થાના સ્થાપક અને ચેરમેન ડોક્ટર દીપક રાજગુરુએ વ્યક્ત કર્યો હતો.

# અંકલેશ્વર શહેર ભાજપ દ્વારા સ્નેહમિલન સમારોહ યોજાયો



## રાજ્યમંત્રી ઈશ્વર પટેલનું અભિવાદન કરાયું

અંકલેશ્વર, તા.૭

અંકલેશ્વર શહેર ભાજપ દ્વારા રાજ્યમંત્રી ઈશ્વર પટેલની અધ્યક્ષતા હેઠળ શારદા ભવન ટાઉન હોલ ખાતે નૂતન વર્ષ સ્નેહમિલન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું.

નૂતન વર્ષ સ્નેહમિલન એટલે ભાજપ પરિવાર સાથે નવા વર્ષની શુભેચ્છાઓનું આદાનપ્રદાન કરવાના અમૂલ્ય અવસર તેમજ આત્મનિર્ભર ભારત સંકલ્પ અભિયાન અંતર્ગત અંકલેશ્વર શહેર ભાજપ દ્વારા અંકલેશ્વરના ધારાસભ્ય અને રાજ્ય સરકારના મંત્રી ઈશ્વર પટેલની અધ્યક્ષતા હેઠળ નૂતનવર્ષ સ્નેહમિલન સમારોહનું શારદા ભવન ટાઉન હોલ ખાતે આયોજન કરવામાં આવ્યું હતું. આ સમારોહમાં અંકલેશ્વર નગરપાલિકાના સભ્યો, વિવિધ સમાજના આગેવાનો, સામાજીક સંસ્થાના આગેવાનોએ રાજ્યમંત્રી ઈશ્વર પટેલનું અભિવાદન કર્યું હતું.

આ પ્રસંગે ભરૂચ જિલ્લા ભાજપ પૂર્વ પ્રમુખ મારૂતીસિંહ અટોદરીયાં, અંકલેશ્વર શહેર ભાજપ પ્રમુખ ધર્મેન્દ્ર પુષ્કર્ણા, અંકલેશ્વર નગરપાલિકા પ્રમુખ લલીતા રાજપુરોહિત, કારોબારી અધ્યક્ષ નિલેશ પટેલ સહિત ભાજપના આગેવાનો, કાર્યકરો અને મોટી સંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહ્યા હતા. આ તબક્કે રાજ્યમંત્રી ઈશ્વર પટેલે ઉપસ્થિતજનોને નૂતન વર્ષની શુભેચ્છા પાઠવી હતી.

# લોહાણા જ્ઞાતિનું ગૌરવ



સુરત, તા.૭

સંઘર્ષથી સફળતાની સફર સર કરી અને પૂર્વ શાસનાધિકારી શ્રી હિતેષ માખેચાની સુપુત્રી કુ. શ્રેયા હિતેષકુમાર માખેચાએ ૨૩માં વર્ષે ભારતની કઠિન ગણાતી પરીક્ષાઓ પૈકીની એક એવી ઝછ (ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ)ની પરીક્ષા પાસ કરી ઉચ્ચતમ સફળતા મેળવીને સમગ્ર લોહાણા પરિવારનું ગૌરવ વધારેલ છે.

# ભારત પર્વ એટલે એકતા, સંસ્કૃતિ અને સર્જનાત્મકતાનું ઉજવણીમય

## ગોવાની નાળિયેર કાછલી હસ્તકલા બની ભારત પર્વમાં આકર્ષણનું કેન્દ્ર

સુરત, તા.૭

ભારત પર્વ, એ ભારતની વૈવિધ્યસભર સંસ્કૃતિ, કલા, હસ્તકલા અને ઉજાગર કરતો એક મનોરમ અને જીવંત ઉત્સવ ઐતિહાસિક ઉજવણી થઈ રહી છે. લોહ પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતિના અવસરે સ્ટેચ્યુ ઓફ યુનિટી, એકતાનગર ખાતે સૌ પ્રથમવાર ઉજવાઈ રહેલ ભારત પર્વમાં દરેક પ્રાંત પોતાની વિશિષ્ટ પરંપરા, સ્વાદ, સંગીત અને સર્જનાત્મકતાનો પરિચય આપે છે. ત્યારે 'એક ભારત શ્રેષ્ઠ ભારત'ના સૂત્રને સાર્થક કરતા ભારત પર્વમાં ગોવાના હસ્તકલાકારે નાળિયેર કાછલીની હસ્તકલાએ સૌનું ધ્યાન કેન્દ્રિત કરી દરિયાઈ વિસ્તારની ઓળખ બની છે.

ભારત પર્વમાં સહભાગી બનતા હસ્તકલાકાર વિજયદત્તા લોટલીકરે જણાવ્યું, એકતાનગર ખાતે ભારત પર્વમાં ભાગ લેવાનો અવસર મળ્યો છે. અહી ગુજરાતના લોકો અને પર્યટકોનો પ્રતિસાદ અદભૂત રહ્યો. સૌએ અમારા ઉત્પાદનો પ્રત્યે ભારે રસ દાખવ્યો અને ઘણી ખરીદારી પણ કરી છે.

તેઓએ વધુમાં ઉમેર્યું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શરૂ કરેલા 'વોકલ ફોર લોકલ' અભિયાન થકી સ્વદેશી ઉત્પાદનોને નવું માર્કેટ મળ્યું છે. આ ભારત પર્વથી અમને વૈશ્વિક ઓળખ પણ મળી છે. આવનારા સમયમાં અહીંથી અમારો વ્યવસાય વધુ વિસ્તરશે એવી આશા છે. ભારત પર્વ એ સાચે જ વિવિધતામાં એકતાનું પ્રતિબિંબ છે. જ્યાં દરેક કલા, દરેક બોલી અને પરંપરા સાથે મળી ભારતની એકતા અને સર્જનાત્મકતાની અનોખી ઝલક આપે છે. ભારત પર્વ એ અમારા માટે હસ્તકલાની પરંપરા સાથે રોજગારી અને ગૌરવનું માધ્યમ બની છે. અમારા માટે એક જ મંચ પર ભારતની દરેક કળા જોવી એ પોતે જ એક ઉત્સવ છે એમ તેમણે જણાવ્યું હતું. વધુમાંશ્રી લોટલીકરે કહ્યું કે, સમુદ્ર અને નાળિયેરની હેન્ડીક્રાફ્ટ મારી ઓળખ બની છે. જ્યાં માટી અને લાકડામાંથી જે કલા રચાય છે, ત્યાં અમે નાળિયેરની કાછલીથી બનેલા આ હસ્તકલા ઉત્પાદનોમાં દીવા, દાગીના, વાસણો, લાઈટ શેડ્સ, જ્વેલરી, ડેકોરેટિવ આર્ટના આર્ટિકલો બનાવીએ છીએ. દરેક કૃતિમાં કારીગરોની સર્જનાત્મકતા અને પર્યાવરણ પ્રત્યેની સંવેદના ઝળકતી જોવા મળે છે. સ્થાનિક અને વિદેશી મુલાકાતીઓએ આ કૃતિઓની ખરીદી કરી અને ગોવાની પરંપરાને નજીકથી અનુભવી રહ્યા છે.

દેશના દરિયાઈ વિસ્તારના કલાકારોની કૃતિઓ ભારતીય સંસ્કૃતિ અને પરંપરાનું પ્રતિબિંબ છે, હસ્તકલાકાર પોતાના કૌશલ્યથી રોજગારનું સર્જન કરી રહ્યા છે અને દેશના પ્રત્યેક ખૂણેથી ઉદભવતા સ્વદેશી ઉત્પાદનો આજ વિશ્વભરમાં ભારતની ઓળખ બની રહ્યા છે. આ કલાએ ભારત સાથે વિદેશી બજારોમાં પણ પોતાની માંગ ઊભી કરી છે. અમારી કળા હવે દેશની સીમાઓ પાર કરીને ઇંગ્લેન્ડ, ફ્રાન્સ, અમેરિકા, ઓસ્ટ્રેલિયા, કેનેડા સહિત પરદેશથી કસ્ટમાઇઝ પ્રોડક્ટના ઓર્ડર મળે છે એમ તેઓ ગૌરવથી કહે છે.

# એમ્બ્રોઇડરી કારીગરનો ફાંસો ખાઈ રહસ્યમય આપઘાત

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૭

સુરત શહેરમાં સચિન જીઆઈડીસી ખાતે રહેતા એમ્બ્રોઈડરી કારીગરે રહસ્યમય સંજોગોમાં ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. સિવિલ હોસ્પિટલ પાસેથી મળતી માહિતી મુજબ મૂળ બિહારના વતની અને હાલમાં સચિન જીઆઈડીસી વિસ્તાર આવેલી પંચવટી નગર સોસાયટીમાં રહેતા ૧૭ વર્ષીય ચંદન કુમારરામ દાસ સાથે રહેતો હતો. તેને અન્ય ૧ ભાઈ અને ૨ બહેન છે. ચંદન કુમાર એમ્બ્રોઈડરી ખાતે કામ કરી પરિવારને આરિ?થક રીતે મદદરૂપ થતો હતો. ચંદન કુમારે બુધવારે રાત્રે ઘરના પંખા સાથે ગમછો બાંધી ફાંસો ખાઈ આપઘાત કરી રહી હતો. ચંદનકુમારે ક્યાં કારણોસર આપઘાત નું અંતિમ પગલું ભર્યું તે હાલમાં અકબંધ રહ્યું છે. આ અંગે વધુ તપાસ સચિન જીઆઈડીસી પોલીસ કરી રહી છે.

### પહેલા પાનાનું ચાલુ
### વંદે માતરમ

સિકકો પર જારી કર્યો છે. આજથી ૭ નવેમ્બર ૨૦૨૬ સુધી દેશભરમાં અલગ અલગ સ્વરૂપે વંદે માતરમ સ્મરણોત્સવ મનાવાશે.

૧૮૭૫માં બંકીમચંદ્ર ચેટર્જીએ અક્ષય નવમીના દિવસે વંદે માતરમની રચના કરી હતી અને તેને સાહિત્ય પત્રિકા બંગદર્શનમાં પ્રકાશિત કરાયું હતું અને તે સાથે જ વંદે માતરમની સફર શરૂ થઇ તેને આજે ૧૫૦ વર્ષ પૂરા થતા જ સમગ્ર દેશમાં આ અંગેના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે એક ટ્વીટ કરીને જણાવ્યું હતું કે, વંદે માતરમ ફકત ગીત નહીં પણ ભારત માતાના આત્માની અભિવ્યકિત છે અને આજે આપણે સૌ સામુહિક રીતે ગાયન કરીને તેને વંદન કરીએ છીએ.

દેશના રાજ્યોના પાટનગરોથી લઇ છેક શાળાસ્તર સુધી વંદે માતરમના ગાન ગુંજ્યા હતા અને લોકોએ પોતાની આત્માની અભિવ્યકિત વ્યકત કરી હતી. આજથી શરૂ થયેલા કાર્યક્રમમાં આગામી દિવસોમાં અનેકવિધ આયોજનો થશે.

### સ્ટેટ બેંકનું

દેશમાં માર્કેટ કેપ મુદ્દે રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ ૨૨૮ અબજ ડોલર સાથે પ્રથમ સ્થાને છે જયારે બીજા સ્થાને એચડીએફસી બેંક ૧૭૦ અબજ ડોલર તેમજ ભારતી એરટેલ, ટાટા કન્સલ્ટન્સી અને આઇસીઆઇસીઆઇ બેંક ૧૦૦ અબજ ડોલરથી વધુનો માર્કેટકેપ ધરાવે છે તેમાં હવે સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા પણ સામેલ થઇ ગઇ છે.

બેંકના ચેરમેન સી.એસ.શેટ્ટીના જણાવ્યા મુજબ રાષ્ટ્રીય કૃત બેંકોનું જે રીતે વિલીનીકરણ થઇ રહ્યું છે તેનાથી બેંકો મજબુત બની રહી છે. જુલાઇ-સપ્ટેમ્બર ત્રિમાસિક ગાળામાં બેંકની શુધ્ધ આવક ૩ ટકા વધીને ૪૨,૯૮૫ કરોડ નોંધાઇ છે અને તેનો નફો રૂા. ૨૦,૧૬૦ કરોડ નોંધાયો હતો. જે ગત વર્ષ કરતા ૧૦ ટકા વધુ છે. આ ઉપરાંત યસ બેંકમાં જે શેર હોલ્ડીંગ સ્ટેટ બેંકનું હતું તે પુરેપુરૂ વહેંચીને ૪૫૯૩ કરોડની કમાણી કરી હતી.

### સાઉદી કંપની

માટે સૌથી મહત્વનું છે.

સાઉદી અરેબિયાએ ભાવ ઘટાડતા હવે ભારતની રીફાઇનરીઓ રશિયન ક્રુડ તેલનો વિકલ્પ પસંદ કરી શકશે. દેશની ટોચની રીફાઇનરી રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝે હાલમાં જ સાઉદી ખરીદી વધારી છે. હવે રશિયા તરફથી મળતા રોજના એક મીલીયન બેરલ ક્રુડ તેલના વિકલ્પમાં સાઉદી કંપની પાસેથી ખરીદી વધારી શકાય છે.

### દિલ્હી એરપોર્ટ

તમામ એરલાઇન જે આ એરપોર્ટ પરથી ઓપરેટ કરે છે. તેઓએ તેમના મુસાફરોને સંદેશ મોકલી ફકત દિલ્હી નહી ઉતર ભારતના અનેક વિમાની મથકોની સેવા પર પણ અસર થવાનું જણાવીને વિમાન ઉડ્યન-આગમન વિલંબમાં પડી રહ્યું છે તે માહિતી આપી હતી.

વિક એન્ડ નજીક હોવાની આજે એર ટ્રાફીક પણ વધુ હતું અને એરલાઈન તેના મુસાફરોને અપડેટ કરી રહી છે.

### વડા પ્રધાન મોદીને

વર્ષે આ મુલાકાત શકય બની શકે છે.

જોકે તેઓએ આ માટે કોઇ સમય નિશ્ચિત આપવા કે તેઓ ભારત આવશે તે ચોકકસ કહ્યું ન હતું. ગત એપ્રિલમાં અમેરિકાએ ભારત પર ટેરીફ લાદવાનું શરૂ કર્યુ હતું અને ભારતની રશિયન ક્રુડ તેલ ખરીદી મુદ્દે અમેરિકા સતત વિરોધ કરી રહ્યું છે.

જોકે ભારતે સીધી રીતે હજુ રશિયન ક્રુડ તેલ ખરીદી બંધ કર્યુ હોવાનું જાહેર કર્યુ નથી પરંતુ તબકકાવાર આ ખરીદી ઘટાડી રહ્યું છે. જ્યારે બંને દેશો વચ્ચે ટેરીફ મુદ્દે હજુ કોઇ નકકર સંકેત મળ્યા નથી અને ભારત હવે ચીન કરતા પણ વધુ ઉંચા ટેરીફનો સામનો કરી રહ્યું છે તે સમયે ટ્રમ્પનો આ સંકેત કેટલો મહત્વનો છે તે પણ પ્રશ્ન છે.

### વૈશ્વિક પરિબળોના
### પેજ-૨ પાનાનું ચાલુ

ફાર્મા ઉત્પાદન ૪૦% સુધી ઘટાડાયુંઆ મુશ્કેલીઓ વચ્ચે તાજેતરનો સૌથી મોટો પ્રશ્ન બની ગયો છે — કામદારોની અછત. ભરૂચ જિલ્લા તથા ઉદ્યોગ નગરી અંકલેશ્વરની ઘણી ફેક્ટરીઓમાં ઉત્તર પ્રદેશ, બિહાર, ઝારખંડ અને ઓડિશાના કામદારો રહે છે. ચૂંટણી અને તહેવારોની સિઝનમાં કામદારો મોટા પ્રમાણમાં વતન પરત જતાં ખાલીપો ઊભો થયો. ફાર્મા ઉદ્યોગપતિ નિલેશભાઈ પટેલ કહે છે, "રોજિંદા કામદારો મળતા નથી. આપણું ઉત્પાદન ૪૦% સુધી ઘટી ગયું છે. ઓર્ડર સમયસર પૂરા ન કરવાની ભીતિ વધી છે."

કામદારોની વારંવાર અછત અને વધતા પગાર દરને કારણે ઉદ્યોગકારો હવે ઓટોમેશન તરફ વળી રહ્યા છે. ઘણા ઉદ્યોગોએ રોબોટિક પેકિંગ, ઓટોમેટેડ મિક્સર અને ડિજિટલ કંટ્રોલ સિસ્ટમ સ્થાપવાની શરૂઆત કરી દીધી છે. ઉદ્યોગ મંડળ જણાવે છે કે ૨૦૨૬ સુધીમાં ૫૦% ઉદ્યોગોમાં ઓટોમેશન વધી જશે. ઉદ્યોગકારો કહે છે "કામદારો હવે સહાયક બને, પરવડી ગયેલા રહે એ જરૂરી છે. પણ નિર્ભરતા ઘટાડવી પડશે."

### ડોર ટુ ડોર
### પેજ-૨ પાનાનું ચાલુ

નથી તેમ છતાં કમિશનર આરોગ્યલક્ષી બાબતે યોગ્ય કાર્યવાહી કરવામાં નિરસતા દાખવી રહેલ છે જે તેમની પ્રજા પ્રત્યેની ફરજમાં બેદરકારી સહિત પ્રજાના વેરારૂણી કરોડોના નાણાંની ઈજારદારોને લ્હાણીને અટકાવવા અથવા તે મુજબની કાર્યવાહી કરવામાં ગંભીર ચુક કહી શકાય જે કામગીરીમાં સુધારો લાવવા નીચે મુજબના સુચનોનો તાકીદે અમલ કરાવવા પાયલ સાકરિયાએ મનપા કમિશનરને જણાવ્યું હતું.

### શ્રીલંકા
### પેજ-૨ પાનાનું ચાલુ

એ અંતર્ગત શ્રીલંકામાં ભારતીય ઉદ્યોગ સાહસિકોને કઈ વિશેષ સવલતો અને પ્રોત્સાહન મળે એની માહિતી માગી હતી. તેમણે શ્રીલંકામાં હાલ કેટલું એફડીઆઈ આવી રહ્યું છે અને મહત્તમ કયા દેશોમાંથી આવે છે તેની પણ માહિતી માગી હતી.

એસજીસીસીઆઈના ગ્લોબલ કનેક્ટના સીઈઓ શ્રી પરેશ ભટ્ટે ચેમ્બર અને દક્ષિણ ગુજરાતના ઉદ્યોગો વિશે માહિતી આપી હતી. મુંબઈમાં શ્રીલંકાના કોન્સ્યુલેટ જનરલ સુશ્રી શિરાની અરિયારાઠનેએ આભારવિધિ કરી હતી. સિલોન ચેમ્બરે કહ્યું કે આ સમિટ દક્ષિણ ગુજરાતના ઉદ્યોગો માટે મહત્વપૂર્ણ બની રહેશે.

### નિરંકારી
### પેજ-૨ પાનાનું ચાલુ

સબંધો અને મનના વિચારો અસ્થાઇ છે અને સમયની સાથે બદલાય છે અને છેલ્લે સમાપ્ત થાય છે.સ્થાઇ ફક્ત પ્રભુ-પરમાત્મા છે,જ્યારે આ સ્થાઇ ફક્ત પ્રભુ-પરમાત્માની પ્રાપ્તિ(અનુભૂતિ) થાય છે ત્યારે મનુષ્ય જીવનનો ઉદ્દેશ્ય પૂર્ણ થાય છે.

સંત સમાગમના બીજા દિવસની શુભ શરૂઆત એક ભવ્ય સેવાદલ રેલીથી થઇ હતી.આ આકર્ષક રેલીમાં સમગ્ર ભારતવર્ષ તથા દૂર દેશોમાંથી આવેલ સેવાદલના ભાઇ-બહેનોએ હજારોની સંખ્યામાં ભાગ લીધો હતો.આ સેવાદલની રેલીમાં શારીરિક વ્યાયામ,રમતો તથા વિભિન્ન સાંસ્કૃતિક કાર્યક્રમોની પ્રસ્તુતિ દ્વારા નિઃસ્વાર્થ સેવાભાવ દર્શાવ્યો હતો તથા સંત નિરંકારી મિશનના ઉપદેશો ઉપર આધારિત ટૂંકા નાટકો પણ રજૂ કરવામાં આવ્યા હતા.

રેલીમાં ભાગ લેનારા સેવાદળના સભ્યોને આર્શિર્વાદ આપતા સત્ગુરૂ માતા જીએ કહ્યું હતું કે એક ભક્ત ચોવીસ કલાક સેવાદાર હોય છે પરંતુ જયારે તેઓ સેવાદળનો ગણવેશ પહેરીને સેવા કરે છે ત્યારે તેમની જવાબદારી અનેકગણી વધી જાય છે. આપણે ફક્ત પોતાના માટે જ નહીં પરંતુ સાધસંગત માટે સેવા કરીએ છીએ. જયારે સેવાના ભાવથી આ રીતે સમર્પિત રહીશું તો વાસ્તવમાં આ યોગદાન માનવતાના માટે અમૂલ્ય ફાળો કહેવાશે.

### ટેકસટાઇલ
### પેજ-૨ પાનાનું ચાલુ

MSME) અંગે માર્ગદર્શન આપવા આમંત્રણ આપ્યું હતું, જે અંગે તેઓએ સકારાત્મક અભિગમ દાખવ્યો હતો.

ચેમ્બરના પ્રતિનિધિ મંડળે નવી દિલ્હી ખાતે ભારત સરકારના આયુષ મંત્રાલયના સેક્રેટરી શ્રી વૈદ્ય રાજેશ કોટેચા (IAS) સાથે પણ મુલાકાત કરી ચેમ્બર દ્વારા આગામી તા. ૧૧ નવેમ્બર, ૨૦૨૫ના રોજ પ્લેટીનમ હોલ, સરસાણા, સુરત ખાતે આયોજિત 'પ્રકૃતિ આયુષ કોન્કલેવ ૨૦૨૫' માટે સરકારનો સહયોગ મળી રહે તે માટે તેમને વિનંતી કરી હતી.

### છેલ્લા પાનાનું ચાલુ
### આરએફઓ

આ બાબતે જિલ્લા પોલીસના એસસીએસટી સેલના પોલીસ અધિકારી વાડદોરીયાએ જણાવ્યું હતું કે, આ સમગ્ર ઘટના પ્રથમ તબક્કે શંકાસ્પદ લાગી રહી છે. ફોરેસ્ટ ઓફીસર હાલ સારવાર હેઠળ હોય પરિવારજનો પણ ચિંતામાં હોય તેમના હાલ નિવેદનો લેવાયા નથી. ગોળી વાગવા બાબતે બેલેસ્ટીક રિપોર્ટ કરાવવામાં આવશે.

વધુમાં જીપીએસ ટ્રેકર બાબતે થયેલી ફરીયાદ સંદર્ભે પોલીસ દ્વારા એરટેલ કંપનીને પત્ર લખીને પીએસઆઇ નકુમ દ્વારા એવી માહિતી માંગવામાં આવી છે કે જીપીએસ ટ્રેકર કોના નામે ખરીદાયું હતું. તે સહિતના ડેટા માંગવામાં આવ્યા છે.

### લકઝરી બસ

સ્વેચ્છાએ વ્યથા નિપજાવેલ છે.આરોપીને કસૂરવાર ઠેરવી સજા કરવા દલીલો કરી હતી. સમગ્ર ઘટના શંકાસ્પદ જણાઇ આવે છે. વળી, ભોગબનનાર પોતે વિવાહિત સ્ત્રી છે અને ભોગબનનાર અને આરોપી બન્ને સગા ભત્રીજી અને કાકા થાય છે.

તેમજ આક્ષેપિત બનાવની ઘટના ધ્યાને લેવામાં આવે તો ચાલુ બસમાં ઘટના ઘટેલ છે તેવો ફરીયાદપક્ષનો કેસ છે. પરંતુ આ દરમ્યાન ભોગબનનારે કોઇ પ્રતિકાર કરેલ હોય તેવો પુરાવો આપેલ નથી. તે જ રીતે બસમાં અન્ય મુસાફરો હોવા છતાં તેમજ બસમાં કંડકટર અને ડ્રાઈવર તેમજ બસ જે હોટલમાં રોકાયેલ તે હોટલમાં હાજર અન્ય સ્ટાફને બનાવની જાણ કરવાનો પ્રયત્ન કરેલ નથી. આમ, ધ્યાને લેવામાં આવે તો ભોગબનનાર ફરીયાદીની પોતાની વર્તણૂંક શંકાસ્પદ છે.આરોપીને નિર્દોષ છોડી મૂકવા દલીલો કરી હતી. કોર્ટે બંને પક્ષની દલીલો ધ્યાને લઈ કાકાને કસૂરવાર ઠેરવી ૧૦ વર્ષની સખત કેદની અને ૧૫ હજારનો દંડ કર્યો હતો.

Pratap Darpan, Daily, Editor : Pravinbhai Ratnabhai Gohil. OWNER:-IMAGE PUBLICATION Printer and Publisher Rajesh Balubhai Patel "Printed at IMAGE PRINTERS, 20, 21 Bhidbhanjan Society, Bamroli Rord, Udhna, Surat-394210 . Published From: Pratap Darpan Karayalay, S-6, K.S.B Olympia, Near Kailash Chowkdi , Pandesara, Surat - 394221 , Gujarat-India : Founder Late Mrs. Kantaben Babubhai Rayka

સાંધ્ય દૈનિક
# પ્રતાપ દર્પણ
શુક્રવાર, તા.૦૭ નવેમ્બર ૨૦૨૫ E-mail : pratap_darpan@yahoo.co.in મો.નં.: ૯૮૨૫૫ ૩૨૫૦૫

**પીએમજેએવાય યોજના અંતર્ગત હોસ્પિટલોમાં આરોગ્યમંત્રી પ્રફુલ પાનશેરિયાના દરોડા**

# આરોગ્ય મંત્રીની તપાસમાં હોસ્પિટલમાંથી એક્સપાયર્ડ દવાઓ મળી આવી

**માનવતા વિરુદ્ધ વર્તન કરનાર હોસ્પિટલો સામે આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરીયા એક્શન મોડમાં, ગેરરીતિ આચરતી ૪ હોસ્પિટલ સામે કડક પગલા ભરાયા**

**(પ્રતાપ પ્રતિનિધિ) સુરત,તા.૦૭**

મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ અને નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીના માર્ગદર્શન હેઠળ અને આરોગ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયાના સુચન મુજબ, સરકારી યોજનામાં ગેરરીતિ આચરતી હોસ્પિટલો સામે રાજ્ય સ્તરે કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

આકસ્મિક નિરીક્ષણ દરમ્યાન યોજનાની માર્ગદર્શિકાનું પાલન ન થતું હોવાનું જણાતાં ૪ ખાનગી હોસ્પિટલમાંથી ૨ હોસ્પિટલને સસ્પેન્ડ કરવામાં આવી છે, જ્યારે અન્ય ૨ હોસ્પિટલને કારણદર્શક નોટિસ પાઠવામાં આવી છે.

પંચમહાલ ગોધરા ની દીપ ચિલ્ડ્રન હોસ્પિટલ અને નીઓનેટલ કેર સસ્પેન્ડ કરાઈ, PICU અને NICU માટે જરૂરી માપદંડોની પૂર્તતા નહોતી એક્સપાયર્ડ દવાઓ મળી આવી. ભરુચની કાશીમા હોસ્પિટલને પણ સસ્પેન્ડ કરાઈ છે.મા ચિલ્ડ્રન અને જનરલ હોસ્પિટલ, કાલોલ, પંચમહાલ , મા ચિલ્ડ્રન અને નીઓનેટલ કેર, દેવગઢ બારિયા, દાહોદ ને કારણદર્શક નોટિસ આપવામાં આવેલ છે. આ બાબતે આરોગ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયાએ મોડી રાત્રે નિવેદન આપતા જણાવ્યું કે "રાજ્ય સરકાર આરોગ્ય સેવાઓને વધુ સુચારૂ, પારદર્શક અને લોકહિતકારી બનાવવા સતત પ્રયત્નશીલ છે. મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ આરોગ્ય ક્ષેત્રે માનવતાને પ્રથમ સ્થાન આપવાનો સંકલ્પ છેપી.એમ.જે.એ.વાય.-મા યોજના એ ગરીબ અને જરૂરિયાતમંદ નાગરિકો માટે આશીર્વાદ સમાન છે, તેથી કોઈપણ પ્રકારની ગેરરીતિ કે માનવતા વિરોધી બેદરકારી સહન કરવામાં નહી આવે.વધુમાં આરોગ્ય મંત્રીશ્રીએ જણાવ્યું કે– ‘‘ભવિષ્યમાં પણ સરકારી યોજનામાં માનવ સેવા વિરુદ્ધ વર્તન કરનાર હોસ્પિટલ સામે રાજ્ય સરકાર કડકથી કડક પગલાં લેતી રહેશે.’’

## રાષ્ટ્રગીતનાં સન્માનમાં વંદે માતરમ્‌ના મૂળ સ્વરૂપનું સમુહગાન કરાયુ

**કલેક્ટર, પોલીસ કમિશનર,સુરત મનપા, જિલ્લા પંચાયત સહિત તમામ સરકારી કચેરીના વડાની ઉપસ્થિતિમાં રાષ્ટ્ર ચેતના અને માતૃભૂમિ માટેના ગર્વની એકસૂત્રતાનો સંદેશ**

**(પ્રતાપ પ્રતિનિધિ) સુરત,તા.૦૭**



શહેરની તમામ સરકારી કચેરીમાં આજે રાષ્ટ્રગીતનાં સન્માનમાં ૧૫૦ વર્ષ પૂર્ણ થયેથી રાષ્ટ્ર ગીત 'વંદે માતરમ’’ના મૂળ સ્વરૂપનું સમુહગાન કરવામાં આવ્યું હતું. સવારે સવારે ૯:૩૦ વાગ્યે તમામ અધિકારીશ્રીઓ / કર્મચારીઓએ હાજર રહી ‘વંદે માતરમ’ રાષ્ટ્રગીતનું સામૂહિક ગાન કરવામાં આવ્યું હતું. ગુજરાત સરકાર સામાન્ય વહિવટ વિભાગ, અધિક સચિવ (પ્રોટોકોલ) દ્વારા ગઈકાલે સાંજે આ અંગે પરિપત્ર જાહેર કરાતાં કલેકટાલયએ સુરતની તમામ સરકારી કચેરીને આ અંગે જાણ કરી દેવામાં આવી હતી

સને ૧૮૭૫ માં રાષ્ટ્રીય સ્વતંત્રતા ચળવળ દરમિયાન રાષ્ટ્ર ગીત 'વંદે માતરમના માધ્યમ દ્વારા રાષ્ટ્ર ચેતના અને માતૃભૂમિ માટેના ગર્વની એકસૂત્રતાના સંદેશ થકી સમગ્ર ચળવળ એકતાંતણે બંધાઈ હતી. જેના તા.૭મી નવેમ્બર, ૨૦૨૫ ના રોજ ૧૫૦ વર્ષ પૂર્ણ થયેથી રાષ્ટ્ર ગીતના સન્માનમાં વિવિધ કાર્યક્રમની ઉજવણી કરવાનું નિર્ધારિત થયુ હતું. સદર ઉજવણી માટે માન.મુખ્યમંત્રીશ્રી ની ઉપસ્થિતિમાં સચિવાલય, વિધાનસભા પરિસર ખાતે તેમજ પ્રભારીમંત્રીશ્રીની ઉપસ્થિતિમાં જિલ્લાના મુખ્ય મથક ખાતે, જિલ્લા પંચાયત પ્રમુખશ્રીની ઉપસ્થિતિમાં જિલ્લા પંચાયત ખાતે તથા મેયરશ્રીની ઉપસ્થિતિમાં મહાનગપાલિકાઓ ખાતે, જિલ્લા પોલીસ વડાશ્રીની ઉપસ્થિતિમાં જિલ્લા પોલીસ વડાની કચેરી તથા નગરપાલિકા પ્રમુખશ્રીની ઉપસ્થિતિમાં તમામ નગરપાલિકાઓ ખાતે રાષ્ટ્ર ગીત 'વંદે માતરમ’’ના મૂળ સ્વરૂપનું સમુહગાન કરવામાં આવ્યું હતું. તથા સ્વદેશીની શપથ લેવામાં આવ્યાં હતાં

આજરોજ રાજ્યની તમામ સરકારી કચેરીઓનો સમય સવારના ૧૦:૩૦ થી સાંજે ૦૬:૧૦ વાગ્યાને બદલે સવારના ૯:૩૦ થી સાંજે ૦૫:૧૦ સુધીનો કરવામાં આવ્યો હતો. કલેક્ટ્રાલય ખાતે કલેક્ટર ડો. સૌરભ પારધી, પો.કમિશનર કચેરી ખાતે પો.કમિ. અનુપમસિંહ ગેહલોત, સુરત મહાનગરપાલિકા કચેરી ખાતે મેયર દક્ષેશ માવાણી, ભાજપ કાર્યાલય ખાતે પ્રમુખ પરેશ પટેલની ઉપસ્થિતિમાં વંદે માતરમનું સમૂહગાન તથા સ્વદેશીના શપથ લેવામાં આવ્યા હતા.

## રામ મોટર્સમાં કાર રિપેરિંગ વખતે કાર નીચે દબાતા મિકેનિકનું મોત

**(પ્રતાપ પ્રતિનિધિ) સુરત,તા.૦૭**

સીમાડા કેનાલ બીઆરટીએસ રોડ પાસે હરે રામ મોટર્સમાં કારની નીચે ઘૂસીને કાર રીપેરીંગ કરતી વેળા કાર કારીગર ના માથા ઉપર પડતા તેનું મોત નીપજ્યું હતું.

વરાછા મીની બજાર અંકુર સોસાયટીમાં રહેતા જયેશ વલ્લભ વઘાસિયા મૂળ રાજકોટના વતની હતા. તેઓ કાર રીપેરીંગ કરી પરિવારનું ગુજરાન ચલાવતા હતા. જયેશ વઘાસિયા સીમાડા કેનાલ બીઆરટીએસ રોડ હરિરામ મોટર્સમાં ગાડી રીપેરીંગ નું કામ કરતા હતા. ગઈકાલે મોડી સાંજે તેઓ એક કારને જેકથી ઊંચી કરી તેની નીચે ઘૂસીને કાર રીપેરીંગ કરી રહ્યા હતા તે વેળાએ અચાનક જેક છટકી ગયો હતો અને કાર નીચે આવી રહી હતી તે વખતે જયેશ વઘાસિયા સમયસર બહાર નીકળી શક્યા ન હતા જેના કારણે તેમના માથા ઉપર કારની આગળનો ભાગ આવી ગયો હતો જેમાં તેમને માથાના ભાગે ગંભીર ઈજા પહોંચી હતી.

સારવાર માટે તેમના શેઠ વનમાળીભાઈ વિરાણી હોસ્પિટલ લઈ જતા તબીબે મૃત જાહેર કર્યો હતો. આ ઘટનાને પગલે બે બાળકોએ પિતાની છત્ર છાયા ગુમાવી હતી.

## આરએફઓ સોનલ સોલંકી ફાયરિંગ કેસમાં એસસી-એસટી સેલની ચોતરફ તપાસ

**પતિ ફરાર : જીપીએસ ટ્રેકર કેસમાં એરટેલ કંપનીને પત્ર લખી ડેટા મંગાવાયા**

**(પ્રતાપ પ્રતિનિધિ) સુરત,તા.૦૭**

અડાજણના ફોરેસ્ટ ઓફીસર સોનલ સોલંકી અને આરટીઓ ઈન્સ્પેક્ટર નિકુંજ ગોસ્વામી વચ્ચે ચાલતી દાંપત્ય જીવનની તકરાર ગઈકાલે ગંભીર સાબિત થઈ હોય તેમ આરએફઓ સોનલ સોલંકીને કામરેજ વિસ્તારમાં અકસ્માત નડ્યા બાદ તેને હોસ્પિટલ ખસેડાતા તેમને માથામાં ગોળી વાગી હોવાનું સામે આવતા પોલીસ ચોંકી ગઈ હતી. પોલીસ દ્વારા શંકા સેવાઈ રહી છે કે, ત્રણ દિવસ પહેલા જ ફોરેસ્ટ ઓફીસર સોનલ સોલંકીએ તેની કારમાં જીપીએસ ટ્રેકર લગાડાયું હોય તે કોણે અને શા માટે લગાવ્યું તે બાબતે પોલીસને ફરીયાદ કરી હતી.

આ મામલાની તપાસ પોલીસ કરી રહી હતી ત્યારે ગઈકાલે કામરેજના જોખા-વાવ ગામ પાસે સોનલ સોલંકીની કારને અકસ્માત નડ્યા બાદ તેમને હોસ્પિટલ ખસેડાયા હોય જ્યાં તેમને માથામાં ગોળી વાગી હોવાનું સામે આવ્યું હતું. આ બાબતે કામરેજ પીઆઈ એ.ડી.ચાવડા તપાસ કરી રહ્યા છે જ્યારે કારમાં જીપીએસ ટ્રેકર બાબતે થયેલી ફરીયાદની તપાસ ડીએસપી રાજેશ ગઢિયા દ્વારા કરવામાં આવી રહી છે. પોલીસને આ સમગ્ર બનાવ બાબેત તેના પતિ સામે પણ શંકા છે. ફોરેસ્ટ ઓફીસર સોનલ સોલંકીના પતિ નિકુંજ ગોસ્વામી સામે પોલીસ શંકા સેવી રહી છે ત્યારે આગામી દિવસોમાં તેની પણ આ સમગ્ર પ્રકરણમાં પુછપરછ કરવામાં આવશે. વધુમાં સોનલ સોલંકીને માથામાં ગોળી વાગી હોય તેની હાલત થોડી ગંભીર હોવાનું જાણવા મળ્યું છે.

**અનુસંધાન પાના ૭ પર**

## લકઝરી બસમાં ભત્રીજી સાથે દુષ્કર્મ આચરનાર કાકાને ૧૦ વર્ષની સજા

**(પ્રતાપ પ્રતિનિધિ) સુરત,તા.૦૭**

રાજકોટ ખાતે સાસરે મૂકવા જતી વેળા લક્ઝરી બસમાં જ સગી ભત્રીજી સાથે રાજકોટ પહોચતા પહેલા જ એકથી વધુ વખત દુષ્કર્મ આચરવાના કેસમાં કાકાને સુરત સેશન્સ કોર્ટે ૧૦ વર્ષની સજાનો હુકમ કર્યો હતો.

લિંબાયત ખાતે રહેતી યુવતીના લગ્ન રાજકોટ મુકામે થયા હતા.વર્ષ ૨૦૧૮માં સાતમ આઠમ મનાવવા આ પરિણીતા તેના પિતા સાથે સુરત આવી હતી. ત્રણ દિવસ પિયરે રોકાયા બાદ તેણી રાજકોટ જવાની તૈયારી કરી લીધી હતી, તેના સગા કાકા જ પરિણીતાને સાસરે મૂકવા તૈયાર થયા હતા. ત્યારબાદ પરિણીતા કાકા સાથે લકઝરી બસમાં બેસીને જઈ રહી હતી. કાકા અને ભત્રીજી લકઝરી બસના એક બોક્સમાં સાથે બેઠા હતા. બસ ચાલુ થવાના એક કલાક બાદ જ કાકાએ ભત્રીજી સાથે શારીરિક છેડછાડ શરૂ કરી હતી. બાદમાં મોઢું દબાવીને બળજબરીથી શરીર સંબંધ બાંધ્યા હતા, બૂમો પાડશે તો તને બારીમાંથી ફેંકી દઈશ તેવી ધમકી આપી હતી, રાજકોટ પહોચતા પહેલા કાકાએ બારીમાંથી ફેંકી દેવાની ધમકી આપી એકથી વધુ વખત બળજબરીથી શારીરિક સંબંધો બાંધ્યા હતા. બાદમાં ભત્રીજીને તેણીના પિયરે મૂકી દઈ પરત સુરત આવી ગયો હતો. બાદમાં પરિણીતાએ તેણીની માતાને ફોન કરી કાકાએ કરેલ કૃત્ય અંગે જાણ કરી હતી.બાદમાં પરિણીતાને સુરત બોલાવી બીજા દિવસે લિંબાયત પોલીસ સ્ટેશનમાં કાકા વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી.

પોલીસે ભત્રીજીની ફરિયાદના આધારે કાકા વિરુદ્ધ બળાત્કાર સહિતનો ગુનો નોંધ્યો હતો. આ કેસની ઈન્સાફી કાર્યવાહી સુરત કોર્ટમાં ચાલી હતી. સરકાર તરફે એપીપી વિશાલ ફળદુએ દલીલો કરી હતી કે ભોગબનનાર ફરીયાદી પોતાના પુરાવામાં સ્પષ્ટપણે એવુ જણાવે છે કે આરોપીએ ચાલુ બસમાં તેણીની ઈચ્છા અને સંમતી વિરૂધ્ધ તેણી સાથે શારિરીક સંભોગ કરેલ અને તેણીએ પ્રતિકાર કરતા આરોપીએ સ્વેચ્છાએ જમણી આંખ પર ઝાપટ મારી તેણીનું મોટુ દબાવી બસની બહાર ફેંકી દેવાની ધમકી આપી તેણીના માનસ પર ભયના સંકેતો ઉભા કરી ચાલુ બસે એકથી વધુ વાર અથવા વારંવાર શારિરીક સબંધ બાંધેલ છે અને તેણીને

**અનુસંધાન પાના ૭ પર**